ભારત ગૌરવ ગ્રંથમાળા પુષ્પ પહેલું.

ઐતિહાસિક—

# પૂર્વજોની ગૌરવગાથા

લેખક

શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

મુંબઇ.

પ્રકાશક :—

શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ.

૨૧, શ્રી ગોડીજીની ચાલ,

મુંબઇ. નં. ૨

મૂલ્ય ૨-૮-૦

વીર સંવત ૨૪૭૫ ) * ( વિક્રમ સંવત ૨૦૦૫

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રી. પ્રેસ—ભાવનગર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | મેરુ અને મણુકા ... | ૧ |
| ૧ | અમરસિંહ બરવા ... | ૫ |
| ૨ | આસરાજ અને આબુ | ૬ |
| ૩ | સોરઠનો સૂબો આંબડ | ૧૪ |
| ૪ | આમ્રભટ ઊર્ફે આંબડ | ૧૭ |
| ૫ | પશ્ચિમના મંડલિક આબૂ | ૨૦ |
| ૬ | આશા શાહ ... | ૨૨ |
| ૭ | ગદા મંત્રી ... | ૨૬ |
| ૮ | ઉકેશવંશી મોહણસિંહ | ૨૯ |
| ૯ | સિદ્ધરાજનો સમય અને જૈન મંત્રીઓ ... | ૩૧ |
| | ૧ સજ્જન મંત્રી | |
| | ૨ શાન્તુ મહેતા | |
| | ૩ સોમ સચિવ | |
| | ૪ મહામંત્રી મુંજાલ | |
| | ૫ મહામાત્ય આશુક | |
| | ૬ ઉદયન મંત્રી | |
| | ૭ શાહ કુંવરજીના પૂર્વજો | |
| ૧૦ | પરમ આર્હત્ કુમારપાળ મહારાજા ... ... | ૩૯ |
| ૧૧ | ઓસવાલ જ્ઞાતિના મોહનોત ... ... ... | ૫૮ |
| ૧૨ | ઓસવાલ જ્ઞાતિના ભંડારીઓ ... ... | ૬૧ |
| ૧૩ | મારવાડના ભંડારીમાંના કેટલાક ... ... | ૬૫ |
| ૧૪ | મેવાડરક્ષક ભામાશાહ | ૬૯ |
| ૧૫ | રતનસિંગ ભંડારી ... | ૭૨ |
| ૧૬ | અજમેરનો સૂબો ધનરાજ | ૭૬ |
| ૧૭ | મંત્રીશ્વર જયમલજી ... | ૭૮ |
| ૧૮ | સુરાણા ત્રિપુટી ... | ૮૩ |
| | ૧ અમરચંદજી સુરાણા | |
| | ૨ માણિકચંદજી સુરાણા | |
| | ૩ શાહ કેશરીચંદજી | |
| ૧૯ | રામસિંહ મહેતા ... | ૯૨ |
| ૨૦ | મંત્રીશ્વર કર્મચંદ્ર ... બચ્છાવત ... ... | ૯૬ |
| ૨૧ | બંધવ એલડી ઊર્ફે ... કોહીનૂર હીરા ... ... | ૧૨૬ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના

શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ તરફથી 'ભારતગૌરવ ગ્રંથમાળા પુષ્પ–૧' તરીકે 'ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા' નામા પ્રગટ થતાં પુસ્તકની પ્રસ્તાવના લખવાનું કહેવામાં આવ્યું ત્યારે પ્રથમ તો મને ક્ષોભ ઉદ્‌ભવ્યો. મારે કહેવું જોઇએ કે–પૂર્વજીવનનો મોટો સમય મેં જૈન શ્વે૦ કોન્ફરન્સ આદિ સંસ્થાઓમાં પૂર્ણ ભાગ લઇ જૈન સમાજની સેવામાં ગાળ્યો છે અને પ્રચાર અંગે સંખ્યાબંધ ભાષણો પણ કરેલા છે. એ અંગે લખવું પણ પડયું છે એટલે એ કાર્ય મારે માટે નવું નહોતું છતાં લેખકના દાવાથી આ કામ હાથમાં લેતાં મન પીછેહઠ કરતું હતું પણ સાથોસાથ જે પરિષદ આ જાતના સાહિત્ય પ્રકાશનદ્વારા નવી કેડી પાડે છે, એના બીજારોપણમાં અગ્ર-ભાગ ભજવનાર અદના સેવક તરીકે મારે જરૂર બે શબ્દ લખવા જ જોઈએ એવો અંતરનો પોકાર પણ થતો હતો. એ નાદની પ્રબળતાએ, હાથમાં વર્ષોના અંતરાળા પછી કલમ પકડાવી.

આટલી પ્રાસંગિક વાત પછી પુસ્તકમાં સંગ્રહિત કરેલા વૃત્તાન્તો તરફ નજર જતાં એમાં નામાભિધાનની સાર્થકતા યથાર્થ જળવાઇ છે. 'અમરસિંહ બરવા'થી શરૂ કરી 'કોહીનૂર હીરા'માં પૂર્ણતા પામતા એકત્રીશ નાના મોટા વૃત્તાન્તો સાચે જ ગાથારૂપ છે. એ પાછળ ઇતિહાસની શૃંખલા પણ છે. એમાંના શાન્તુ મહેતા, પરમ આર્હત્ મહારાજા કુમાર-પાળ, મેવાડરક્ષક ભામાશાહ અથવા તો મંત્રીશ્વર કર્મચંદ્ર બચ્છાવત વા વસ્તુપાલ–તેજપાલના વૃત્તાન્તો વિગતવાર જોવા જઇએ તો પાનાનાં પાના ભરાય. એ અંગે સંખ્યાબંધ પ્રબંધ, ચરિત્ર કે રાસા પ્રગટ પણ થયેલાં છે. અહીં તો લેખકે માત્ર આવશ્યક પ્રસંગો ઝડપી લઇ, એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર્વને દેશ-કાળને અનુરૂપ સ્વાંગ સજાવી આમજનસમૂહ ઇચ્છે છે એવી વાણીમાં વહેતાં મૂકયાં છે.

લેખક શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસી, મારા જૂના મિત્ર છે. અને જૈન સમાજમાં જાણીતા લેખક પણ છે. આ પૂર્વે તેમના હાથે કેટલીક પ્રસાદી પીરસાઇ ચૂકી છે અને જનસમૂહમાં એ હોંશથી આવકાર પામી છે એ જોતાં આ પુસ્તક પણ આદર પામશે એમાં બે મત નથી જ. તેમની ધર્મ અને સમાજ પ્રત્યેની ધગશ પ્રશંસનીય હોઇ, બીજાઓ માટે બોધપ્રદ છે. લેખનશૈલી આબાળવૃદ્ધને અનુકૂળ આવે તેવી છે. એમાં ઉપરછલ્લો આડંબર નથી અને નથી કેવળ વાક્-પટુતા. એ પાછળ ઊંડા અભ્યાસની ઝળક સહજ જણાઇ આવે છે જૈન સમાજમાં આજે જે નિર્માલ્યતા, સ્વાર્થીપણું અને બાહ્યાડંબર દષ્ટિગોચર થાય છે તે દૂર થાય અને, પૂર્વજોની માફક ' નિડરતા ' અને ' ચેતના ' પુનઃ પ્રગટે એ આ જાતના સર્જન પાછળનો આશય છે. એ ઉપરાંત જૈનધર્મના સાચા રહસ્યથી અજ્ઞાન એવા લેખકોદ્વારા વારે-કવારે ' જૈનધર્મની અહિંસા 'ને આગળ કરી ગૂજરાતના, અરે! ભારતવર્ષના પતનમાં એણે મુખ્ય ભાગ ભજવ્યો છે એવો જે દોષનો ટોપલો જૈનોના શિરે મૂકવામાં આવે છે તે આવા ઐતિહાસિક પુરાવા રજૂ કરી તદ્દન ખોટો છે એમ સાબિત કરવાનો ઇરાદો પણ છે.

જૈન સાહિત્ય એટલું બધું વિશાળ છે કે એમાંથી આ જાતની સંખ્યાબંધ ગૌરવગાથાઓ આલેખી શકાય. જૈનધર્મના આ ગૌરવને પુરાતત્ત્વનિષ્ણાતોએ સ્વીકાર્યું છે. એના આધારે જ ગૂજરાતના ઇતિહાસના કડીયો ભેગી કરી શકાઇ છે અને ભારતના ઇતિહાસમાં પણ એને મહત્વનું સ્થાન મળ્યું છે. આપણા વિદ્વાન્ પૂર્વાચાર્યોએ પોતાના આત્મશ્રેય ઉપરાંત પાદવિહાર કરી ભિન્ન ભિન્ન પ્રદેશના અનુભવોને વણી લેવું, ઇતિહાસ અંગે જાતજાતની માહિતી પૂરી પાડતું, વિપુલ સાહિત્ય સરજ્યું છે. આપણા વર્તમાનકાલીન મુનિરાજો અને શ્રીમંતો જો એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાછળ સતત ઉપદેશ અને ધનની વર્ષા ચાલુ રાખે તો; ભંડારમાં કીડા અને ઉધઇના ખોરાકરૂપે એ નષ્ટ થતું બચી જાય, અને દેશ-કાળને અનુરૂપ સ્વાંગ ધરી એ વિશ્વના ચોકમાં ફરતું થાય તો, જગતને એથી શાંતિનો સંદેશ તો મળે પણ એ ઉપરાંત ઘણુંઘણું નવું જાણવા સમજવાનું પ્રાપ્ત થાય. આપણામાં ઘર કરી બેઠેલી શિથિલતા સત્વર ભાગી જાય.

જૈનધર્મની અહિંસા એ કોઇ કાયર કે નમાલાની નથી. એમાં નિર્બળ ને રાંકના રક્ષણ ઉપરાંત સાચા સત્વનો ભારોભાર ઝણઝણાટ છે. ઊઘાડી છાતીએ બાહ્ય અને અંતર શત્રુઓનો સામનો કરનાર તીર્થંકર દેવોએ આ મહાન સિદ્ધાંતનું પ્રતિપાદન સ્વયં અનુભવીને કરેલું છે.

મહાત્મા ગાંધીજીએ વારંવાર પોતાના ભાષણોમાં અને લખાણોમાં કહ્યું છે કે-અહિંસાનું શસ્ત્ર કાયર કે બીકણ વા નામર્દનું નથી. એ તો શૂરાઓનું શસ્ત્ર છે. ગમે તેવા કપરા સંયોગોમાં પણ તે શસ્ત્રથી બળવાનમાં બળવાન સલ્તનતનો યાને સંખ્યાબંધ દુશ્મનોનો સામનો કરી શકાય છે. હિન્દની આઝાદી પણ આપણા રાષ્ટ્રપિતા, એ શસ્ત્રથી જ લાવ્યા તે આપણી નજર સામેનો બનાવ છે. આજનું વિજ્ઞાન ભલે મારકણા અને જલ્લદ શસ્ત્રાસ્ત્રો બનાવે અને એ દ્વારા શાંતિ સ્થાપવાની વાતો કરે પણ એથી સાચી શાંતિ આવવાની નથી જ 'અહિંસા' જેવા અનુપમ શસ્ત્રદ્વારા જ શાંતિ સ્થપાશે; કારણ કે એ પાછળ આધ્યાત્મિક વિજ્ઞાનનું પીઠબળ છે.

પુસ્તકના પાના ફેરવતાં-'અહિંસા'ની પ્રતિષ્ઠાનું શ્રેષ્ઠત્વ સમજાયા વિના નહીં રહે. આમ છતાં દયાધર્મનું પાલન કરનારા વીરલાઓએ, પોતાનામાં તીર્થંકર ભગવંતો જેવું બળ ન જોતાં, શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે. એમાં હિંસા રહેલી છે એ વાત તેમની ધ્યાન બહાર નથી ગઇ, પણ એ સાથે તેમને એ ભાન પણ હતું જ કે રાષ્ટ્રને માથે કિંવા પ્રજાના શીરે સંકટના વાદળ ઘેરાયા હોય ત્યારે તેમનો ધર્મ માત્ર પોતાનું ઘર પકડી બેસી રહેવાનું નથી શિખવતો પણ એના નિવારણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટે કેડ બાંધવાનો, અરે! મરી ફીટવાનો પાઠ પઢાવે છે.' જૈન સંતાન કાયર હોય જ નહીં ' એ પાઠ ગળથુથીમાંથી પઢનાર એ વીરલાઓ ગૌરવવંતું જીવન જીવતાં જોવાય છે. ઇતિહાસના પાને એની નોંધ સુવર્ણાક્ષરે જળવાઇ છે. ' જૈનધર્મની દયા ' પર કટાક્ષ કરનારાના મુખ શ્યામ થઇ જાય તેવી સામગ્રી આમાં પીરસવામાં આવી છે.

આ ગ્રંથમાળાદ્વારા વધુ પુષ્પો જન્માવી એની સુંદર સુવાસ ચોતરફ ફેલાવવાની પરિષદની ધારણા છે. લેખકે ' મેરુ અને મણકા '-માં એનો નિર્દેશ પણ કરેલો છે. આશા છે કે-જૈન સમાજ કુંભકર્ણી નિદ્રાનો ત્યાગ કરી આનું હોંશે હોંશે પાન કરશે અને જગત જ્યારે ભગવંત મહાવીરનો સંદેશ ઝીલવા આતુર છે ત્યારે તેઓશ્રીએ આપેલા અનુપમ વારસામાંથી આવી વાનકીઓ પસંદ કરી એની સામે ધરવામાં પાછી પાની નહીં કરે. શ્રીમંતો ધનનો વ્યય તો કરે છે તેમને મારી અપીલ છે કે દેશ-કાળને અનુરૂપ આ જાતના સાહિત્યસર્જનમાં તેઓ ઉદાર હાથે સહાય આપે, પરિષદને સંગીન પીઠબળ અર્પે, એના હાથ મજબૂત બનાવે. આમ થતાં શ્રીયુત ચોકસી જેવા લેખકો સહજ તૈયાર થશે અને ' અહિંસા ' નો પયગામ વિશ્વમાં ગાજતાં વિલંબ નહીં થાય. વારે-કવારે અજ્ઞાન કે અસૂયાથી થતાં કટાક્ષો બંધ થઇ જશે અને ઊગતી પ્રજામાં કોઇ અનોખી ચેતના રેલાશે. જૈનત્વ દીપી નીકળશે. આશા છે કે-આ સૂચના ભાવપૂર્વક ઝીલી લેવાશે.

પ્રાન્તે ' મેરુ અને મણકા ' સંખ્યામાં એક અને ૧૦૮ હોય છે તેમ ગૌરવ ગાથાઓનો સંગ્રહ પણ એ આંકે પહોંચાડવાની મારી ભાઇશ્રી ચોકસીને આગ્રહભરી વિનંતિ છે.

આર્ય નિવાસ-મોહમયી
વૈશાખ કૃષ્ણા એકાદશી
૨૦૦૫

**અમૃતલાલ વાડીલાલ શાહ.**
પરિષદના ઉત્પાદક અને પ્રથમ મંત્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સ્વ. ચીરંજીવી શાંતિલાલના અમર આત્માને



| જન્મઃ- | અવસાનઃ- |
| --- | --- |
| સં. ૧૯૮૨ આશ્વિન સુદ ૭ | સં. ૨૦૦૫ ચૈત્ર વદ ૬ |
| ખંભાત. | મુંબઈ. |

'ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા' સમર્પણ.
વૈશાખ વદ ૧૧.

અમૃત સાગર પ્રેસ, મારવાડી બજાર, મુંબઇ, ૨.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સ્વર્ગસ્થને અંજલિ.

Bombay, 19–4–49.

*(1)........On the irreparable loss you, as well as of the school, have suffered in the premature death of Shree Shantilal. A good life, full of promise has been cut short; what a calamity !......*

Principal,

**Babu Panalal P. Jain High School.**

*

(૨) "પુણ્યવંતો પ્રાયઃ અલ્પાયુ હોય છે."

શાસન સુધાકર (પાક્ષિક), વર્ષ ૯, અંક ૩.

*

(૩) 'બીજની' ચંદ્રિકાસમો ઊગ્યો
ત્યાં જ આથમી ગયો;
'શાન્તિ' એમ હૃદયે કાંઇક
સંસ્મરણો મૂકતો ગયો.

મુંબઇના જાણીતા આગેવાન ખંભાતી શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસીના બીજા પુત્ર શ્રી શાન્તિ ચોકસીનું ત્રેવીસ વર્ષની ભરયુવાન વયે અવસાન થયું છે. ભાઈ શાન્તિ ચોકસી થોડા વખતથી બિમાર હતા. અંતે તા. ૧૮–૪–૪૯ ની રાત્રે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમણે અંતિમ વિદાય લીધી. તેમની આખીયે વિદ્યાર્થી કારકીર્દી ઝળકતી ફત્તેહોથી ભરેલી હતી. ઇ. સ. ૧૯૪૪ માં મેટ્રીકની પરીક્ષામાં તેઓ આખી યુનીવર્સીટીમાં બીજે નંબરે ઉત્તીર્ણ થયા હતા. ખંભાતના ઇતિહાસમાં આવું માન પ્રાપ્ત કરનાર (તેમના મોટા ભાઇ કાંતિલાલ ચોકસી પ્રથમ નંબર ૧૯૪૨, પછી) કદાચ તેઓ એકલા જ હશે. કોલેજની તેમની કારકીર્દી પણ આવી જ ઉજ્જવળ હતી. કોલેજની બધી જ પરીક્ષાઓ તેમણે પહેલા વર્ગમાં પસાર કરી હતી ઇન્ટર સુધીનો અભ્યાસ એલ્ફીન્સ્ટન કોલેજમાં કરીને તેઓ પૂનાની એન્જીનીઅરીંગ કોલેજમાં જોડાયાં હતા. અવસાન વખતે બી. ઇ. થવા માટે તેમને માત્ર છ જ માસ બાકી હતા. ભાઇ શાન્તિ ચોકસીના અવસાનથી તેઓનું નહિ પણ આશાનું અવસાન થયું છે. કારણ કે યુવાનનુ મૃત્યુ એટલે આશાનું મૃત્યુ. પ્રભુ એમના આત્માને ચિરશાંતિ આપે. અને એમના કુટુંબીઓને આ આઘાત સહન કરવાની શક્તિ બક્ષે એમ પ્રાર્થીએ છીએ.

દીપક (માસિક) વર્ષ ૨, અંક. ૫.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ઐતિહાસિક પૂર્વજોની
# ગૌરવ ગાથા.

## મેરુ અને મણકા.

માળા યાને નવકારવાળીમાં મણકા હોય છે અને ગણવાની પૂર્ણતા મેર યાને મેરુ આવતાં થાય છે. આ માળા શબ્દશઃ તેવા પ્રકારની નથી, છતાં આપવામાં આવેલ ઉપમા સાવ અસ્થાને પણ નથી જ.

ભગવંત મહાવીરદેવે શ્રમણ અને શ્રાદ્ધરૂપે બે પ્રકારે ધર્મની સ્થાપના કરી છે. જૈનધર્મ યાને વીતરાગનો સ્યાદ્વાદમાર્ગ આત્મશ્રેય ઉપર જ ભાર મૂકે છે છતાં પૌદ્ગલિક સુખો કિંવા સંસારી આનંદ-પ્રમોદને સાવ ઇંદ્રજાળરૂપે નથી કહેતો. કર્મની સત્તા માનનાર એ ધર્મ, આત્માઓની અવનતિ-ઉન્નતિ અથવા તો અસ્તોદય નજર સામે ભજવાતો નિરખી, એવા સુંદર માર્ગનું નિરૂપણ કરે છે કે જેથી સર્વ પ્રકારના જીવો એનું પાલન કરી શકે અને સાથોસાથ સ્વઉન્નતિના પથ પર કૂચ લંબાવી શકે. આજના વિજ્ઞાન સાથે પણ આ જાતની ગોઠવણનો સુમેળ સધાયો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી જિનેશ્વરદેવનો સિદ્ધાન્ત કહે છે કે-સંસાર અસાર છે અને સસાર પણ છે. માનવભવની પ્રાપ્તિ મહામુશ્કેલીયે થાય છે, અને એ વાત ધ્યાનમાં રાખી જેઓ સારુંયે જીવન, વિલાસ અને આરંભ-સમારંભમાં વ્યતીત કરે છે તેઓ માટે આત્મિક નજરે જોતાં અહીંનો ફેરો ફોગટ ગયા જેવો હોઇ, તેઓ માને કે નહીં પણ સંસાર અસાર જ છે. એથી ઊલટું જેઓ જન્મ લઇને, પોતાના વ્યવસાયમાંથી અવકાશ મેળવી, જાગ્રત રહી, સ્વાર્થ સાથે પરમાર્થ સાધવા ઉદ્યુક્ત રહે છે, તેઓ કંઈ ને કંઇ પ્રગતિ સાધે જ છે એ નજરે સંસાર સસાર છે. અલબત્ત, સાધનામાં ઘણી ઘણી તરતમતાઓ રહેલી છે. એટલે જ શ્રમણ અને ગૃહસ્થરૂપ બે વિભાગ દૃષ્ટિગોચર થાય છે. ઉભયમાં મૂળ તત્વોની વિચારણા સરખી હોવા છતાં, આચરણમાં મૂકવાની બાબતમાં ભિન્નતા ઓછા પ્રકારની નથી જ.

જ્ઞાનપૂર્વક આંતરિક ઉલ્લાસથી જે આત્મા માનવજીવન પામી સંસારના પ્રલોભનોને ત્યજી દઇ અનગારત્વ યાને સાધુપણું સ્વીકારે છે, તેને માટે પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ અને પરિગ્રહવિરમણરૂપ પાંચ મહાવ્રતોનું પાલન કાયમી બને છે અને આમરણાંત ઉપસર્ગોનો સામનો કરી એ પાલનમાં અડગતા ધરવાની શિક્ષા અરિહંત દેવે આપેલી છે. આ વાતમાં જ શ્રમણ ધર્મની વિશિષ્ટતા છે.

શ્રાવક ધર્મમાં આવી કડકાઇ નથી. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ કે જે ઉપર દર્શાવેલા મહાવ્રતના શબ્દાર્થો જ છે એ કહેવાયા તો છે પણ પાલનમાં ઘણાઘણા પ્રકારની છૂટછાટ મૂકવામાં આવી છે અને એ કારણે એ દરેકની આગળ સ્થૂળ શબ્દ જોડવામાં આવ્યો છે. એ સાથે ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત પણ દર્શાવાયા છે કે જે ઉપરના પાંચ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અણુવ્રતના પાલનમાં પુષ્ટિ કરતા રહી, સંસારરક્ત જીવને જાગ્રત રાખે છે.

અહીં જે માળા અર્પણ કરવાની છે તે શ્રમણ ધર્મના સુગંધિત કુસુમોની નહીં, પણ શ્રાદ્ધધર્મના અનુયાયી એવા પ્રતિભાસંપન્ન પુષ્પોની છે. અલબત્ત, એમાં શ્રમણના ઉદાહરણ સમાવાયા છે પણ એ અપવાદરૂપે છે.

વર્તમાનકાળના કેટલાક સાક્ષરોએ–અન્ય લેખકોએ–જાણે અજાણે જૈન ધર્મની, ઉપર દર્શાવી એ વિશિષ્ટતાને ન્યાય આપ્યા વગર લખી નાંખ્યું છે કે–"ભારતવર્ષમાં ગુલામી આવી હોય તો એ જૈન ધર્મના દયાના અતિરેકપણાને આભારી છે અને ગુજરાતમાં એ દયાનો ધ્વજ એટલા જોરશોરથી ઊડ્યો કે જેથી ક્ષાત્રતેજ યાને શૌર્ય ઓસરી ગયા. પરાધીનતા ઘર કરી બેઠી!"

આમ કહીને કેટલાકે તો પોતાની કલમને સ્વેચ્છાપૂર્વક દોડાવી જૈનધર્મ પાળતા રાજવીઓની અને વણિકવર્ગની ઠેકડી કરવામાં મર્યાદા પણ મૂકી દીધી છે! જેની પાછળ ઇતિહાસનું નામનિશાન પણ નથી જડતું એવી વાયકાઓ ખૂણેખાંચરેથી શોધી લાવી, અથવા તો કપોલ કલ્પનાથી સર્જાવી એને ઐતિહાસિક વૃત્તાન્તો તરીકે વહેતી કરી મૂકી છે! અસૂયાનો પારો એ મહાશયોના મગજમાં એટલી હદે વિકૃત સ્વરૂપ ધારણ કરે છે કે જ્યારે તેમની ચક્ષુ સામે યુક્તિપુરસ્સર બનાવ આવે, અરે! જે વાતને આજનો વિજ્ઞાન યુગ પણ સ્વીકારવામાં આનાકાની ન કરે, પણ જો એ જૈનધર્મના અનુયાયીની હોય ત્યારે તેઓ ક્યાં તો એના ચિત્રણમાં તદ્દન ફિક્કાશ અને રસહીનતા દાખવશે અથવા તો આંખ આડા કાન ધરી એ પ્રસંગને જ જતો કરશે! બધાએ આમ કર્યું છે એમ કહેવાનો ઈરાદો નથી. નિષ્પક્ષ રીતે કેટલાક વિદ્વાનોએ જૈન સાહિત્યના વૃત્તાન્તોને ન્યાય જરૂર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપ્યો છે અને મહાત્મા ગાંધીજીએ અહિંસા યાને દયા જેવા અમોઘ ગુણને રાજકારણમાં અપનાવી એ દ્વારા કેવી અપૂર્વતા સિદ્ધ કરી શકાય છે એ સ્વઆચરણથી પુરવાર કરી આપ્યું છે કે જેથી એ સામે મજાક ઉડાવનારાના મુખ સહજ શ્યામ પડી ગયા છે.

'જૈનધર્મ પાળનારા માત્ર વણિકો જ હતા અને તેઓ બીકણ વા ભીરુ હતા, અર્થાત્ શસ્ત્રો ધારણ કરી જરૂર પડયે શૌર્ય દાખવી શકતા નહોતા.' એવા કેટલાકોના પ્રલાપો સામે અહીં મણકારૂપે કેટલાક ઐતિહાસિક વૃત્તાન્તો રજૂ કરી એ પ્રલાપ કેવા ખોટા અને મોં માથા વિનાના છે એ બતાવવા, તેમજ જૈનધર્મ પાળનાર વર્ગમાં પણ ક્ષત્રિયવટ રાખનારા ક્ષત્રિયો થયા છે એ દર્શાવવા પ્રયાસ સેવ્યો છે. જૈન સમાજ પોતાના પૂર્વજોની ગૌરવગાથા વાંચી, દેશ-કાળને અનુરૂપ જીવન ઘડતો થાય એવી મનોકામના છે.

આ પુસ્તકમાં જુદા જુદા વીસ અંક હેઠળ જૈનધર્મ પાળનારા પણ સાથોસાથ રાષ્ટ્રપ્રેમ તેમજ માનવતા ઘડીભર પણ વીલી ન મૂકનારા પરાક્રમશાળી આત્માઓના જીવનની ઝાંખી કરાવવામાં અભિલાષા તો એ જ છે કે-એ વાંચી વર્તમાન કાળના જૈનો પોતાનામાં દેશકાળને અનુરૂપ ચેતના પ્રગટાવે. આ પ્રયાસને સફળતા વરશે તો આ જ ધોરણે-વિમલશા, દયાલશા આદિ શૂરવીરોની યશરેખા દોરવાની ઇચ્છા છે.

અંતમાં એટલું જણાવવું ઉચિત લેખાશે કે-આમાં સંપૂર્ણ જીવનચારિત્ર આલેખાયા નથી, પણ માત્ર અગત્યના પ્રસંગો વાનકીરૂપે અને ઐતિહાસિક દૃષ્ટિ નેત્ર સામે રાખી ગૂંથ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૧. અમરસિંહ બરવા

આ પ્રસંગ મેવાડના સિંહાસન ઉપર દ્વિતીય રાજસિંહ મહારાણા તરીકે બિરાજતા હતા તે સમયનો છે. નગરરક્ષાનો સર્વ ભાર રાણાજીએ સલુમ્બ્રા સરદાર ભીમસિંહના હાથમાં સોંપ્યો હતો. તેઓ જાતે વીરવર જયમલના વંશજ રાઠોડ-વીર, બેદનોરપતિની સાથે આવા સંકટના સમયમાં નગર અને રાજ્ય તથા પ્રજારક્ષા કરવા માટે ભયંકર રણભૂમિમાં ઉતરી ચૂકયા હતા. એમના જે ચુનંદા અને વફાદાર સ્હાયકો હતા એમાંનાં એક અમરચંદ બરવા પણ હતા. એ પરાક્રમશાળી વૈશ્યપુત્રે એ વેળા જે ઉત્સાહથી કાર્ય કર્યું તે રાજસ્થાનના ઇતિહાસમાં આજે પણ સુવર્ણાક્ષરે શોભે છે.

અમરચંદ બરવાનો જન્મ વૈશ્યકુળમાં થયો હતો. તેઓ મેવાડ રાજ્યમાં મંત્રીપદે હતા. તેમના સરખા ચતુર અને દક્ષ અમાત્ય વિરલ જોવાય છે. સલુમ્બ્રા સરદાર ભીમસિંહને માત્ર તેઓ વ્યૂહરચના દર્શાવી બેઠા નહોતા રહ્યા, પણ સાથોસાથ શસ્ત્રો ધારણ કરી, રણમેદાન પર પણ પહોંચ્યા હતા. સંગ્રામભૂમિ પર બતાવેલી શૌર્યતાના પ્રતાપે જ અમરચંદમાંથી તેઓ અમરસિંહ બન્યા હતા. ત્યારથી જ કલમ ચલાવનાર સમય આવે કટાર યાને તલવાર પણ ચલાવી જાણે છે એ વાત જનતાના હૃદયમાં ઉતરી ચૂકી હતી અને વધુ જોર તો એ માટે પકડી રહી હતી કે—વીરતા સાથે બુદ્ધિમત્તાનો યોગ સાંપડે ત્યારે કોઇ અનેરી જમાવટ થાય છે અને વિજય નિશ્ચિત બને છે.

ઉપર કહ્યું તેમ પોતાની તેજસ્વિતાના જોરે આગળ વધેલા અમાત્ય અમરસિંહ પણ રાજ્યખટપટનો ભોગ બન્યા. રાણા ઉરસીના સમયમાં એમનું મંત્રીપદ છીનવી લેવામાં આવ્યું. એક તરફ આ દીર્ઘદર્શી પુરુષની સલાહનો અંત આવ્યો અને બીજી તરફ ઉપદ્રવોથી મેવાડ ઘેરાવા માંડયું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૨. આસરાજ અને આભુ

વિશ્વમાં કેટલીક વાર સંતાનોની કીર્તિમાં એટલી હદે વિશાળતા અને વિસ્તાર વધી પડે છે કે જે વેળા એમને જન્મ આપનાર પિતાઓની યશગાથા સહજ ભુલાઇ જાય છે. 'બાપ કરતાં બેટો સવાયો થાય' એ સૌ કોઈ વડિલોને ગમતી વાત છે. આમ છતાં એ સવાઇપણું પ્રાપ્ત કરવામાં વડિલોનો વારસો સંસ્કારરૂપે પરિણત થયેલો હોય છે ત્યારે જ એ ફળ બેઠું હોય છે, એ વાત સ્હેજ પણ લક્ષ્ય બહાર થવા દેવી ન ઘટે. વર્તમાન કાળના, ભારતવર્ષના મહાઅમાત્ય પંડિત જવાહરલાલજીના ઘડતરમાં પંડિત મોતીલાલ નહેરૂજીનો ફાળો ચક્ષુ સામે હોવાથી એના વધુ ઊંડાણુમાં ન જતાં મૂળ વાતમાં આગળ વધીએ.

આસરાજ જમાઇ અને આભુ એમના સસરા થાય. વસ્તુપાલ તેજપાલના ચરિત્રમાં અવગાહન કરનારા ભાગ્યે જ આ વાતથી અજાણ હોય.

આસરાજનું ખરું નામ અશ્વરાજ હતું. અણહિલપુરપાટણમાં ચાવડા યાને ચૌલુકય વંશના રાજાઓના સમયમાં પોરવાડ (પ્રાગ્વટ) વંશના માનવો સારા પ્રમાણમાં રાજ્યકારભારમાં ભાગ લેતા. એ વેળા વૈશ્યો માત્ર વ્યાપારી જ નહોતા. રાજકારણમાં ઊંડા ઉતરતા અને બુદ્ધિબળે મંત્રી–મહામંત્રી તરીકેની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધૂરા પણ વહન કરતા. જરૂર પડે ભાલા-તલવારના દાવ પણ ખેલવા રણમેદાનમાં દોડી જતા.

પોરવાડ જાતિના પ્રખ્યાત વંશમાં ચંડપ મંત્રી થયા. તેમને ચંડપ્રસાદ નામનો એક તેજસ્વી પુત્ર થયો. ચંડપ્રસાદને સોમ નામનો પુત્ર થયો. એ પોતાની આવડતના જોરે સિદ્ધરાજ જયસિંહના સમયમાં મંત્રીપદે પહોંચ્યો અને તેમનો પ્રીતિપાત્ર તેમજ વિશ્વાસપાત્ર બન્યો. એ સોમ મંત્રીના પુત્રનું નામ અશ્વરાજ, એ જ આપણા નાયક આસરાજ.

આસરાજના સમયમાં આબુ નામના મંત્રીશ્વર વધુ ખ્યાતિ પામ્યા હતા. માત્ર રાજદરબારમાં જ એ માનીતા હતા એમ નહીં પણ જૈન સંઘમાં અગ્રેસર અને કર્ત્તાકારવતા ગણાતા. સૌ કોઇની નજર કંઇક મહત્ત્વનો પ્રશ્ન ઊભો થતો ત્યારે ખાસ કરી તેમના પ્રતિ વળતી. પોતાની પ્રજ્ઞાના જોરે એનો ઊકેલ પણ એ સુંદર રીતે આણતા. રાજા અને પ્રજા વચ્ચે એ સાંકળરૂપ લેખાતા.

એમને કુમારદેવી નામની એક સૌન્દર્યશાળી પુત્રી હતી. માબાપના ગુણો તેણીને વારસામાં મળ્યા હતા. એની વયની અન્ય કુમારિકાઓ કરતાં એ ઘણી રીતે ચઢિયાતી હોવાથી સૌમાં અગ્રપદે આવતી. **बालादपि हितं ग्राह्यम्** એ નીતિકારના કથન મુજબ, તેનામાં બુદ્ધિબળ એવું તો પ્રશંસાપાત્ર હતું કે ભલભલા પ્રૌઢને પણ એ સલાહ લેવાના સ્થાનરૂપ મનાતી. ધાર્મિક તેમજ વ્યવહારિક અભ્યાસમાં તે મોખરે રહેતી. વૈશ્ય કુળમાં જન્મ છતાં ક્ષત્રિય બાળાઓ સાથના સહીયરપણાથી શસ્ત્રાસ્ત્ર ફેરવવાના ઘણા દાવો તે શીખી હતી. સૌ કોઇ માનતા કે કુમારદેવી પરણીને શ્વસુરગૃહે ગયા પછી પોતાના આચરણદ્વારા નીતિકારનો નિમ્ન શ્લોક અક્ષરશ: સાચો કરી દેખાડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**कार्येषु मंत्री, करणेषु दासी, भोज्येषु माता, शयनेषु रंभा।**
**मनोऽनुकूला क्षमया धरित्री, गुणैश्च भार्या कुलमुद्धरन्ति ॥**

પણ વિધાતા, માનવની ધારણાઓ ભાગ્યે જ બર આવવા દે છે! સંસારી જીવોની પાછળ પૂર્વકર્મોનો વળગાડ જીવતો-જાગતો પડ્યો હોય છે. તક મળતાં જ એ પોતાની લીલા વિસ્તારે છે. રંગમાં ભંગ પાડતાં એને વિલંબ થતો જ નથી. આબુ મંત્રીશ્વરના સુખભર્યા ગૃહસંસારમાં કુમારદેવીના લગ્ન-દિનનો આનંદ હજુય ભુલાયો ન હોતો ત્યાં વિધાતાએ વિષાદની વર્ષા વરસાવી! સાસરીના આવાસમાં જતાં પૂર્વે કુમારદેવી બાળવિધવા બની!

પ્રધાનજીના આવાસમાં શોકની કાલીમા પથરાઇ ગઇ! "દુઃખનું ઓસડ દહાડા" એ સૃષ્ટિના ક્રમ પ્રમાણે કુમારદેવી-વાળું દુખ પણ ભુલાતું ગયું. યૌવનના આંગણે આવી ઊભેલી કુમારદેવી પણ કુલીન ઘરના સંસ્કારે જાણે કંઇ બન્યું જ નથી એમ મન મનાવી, પોતાનો સમય દેવદર્શન અને ગુરુજીના વ્યાખ્યાનશ્રવણમાં તેમજ ધાર્મિક વ્રત-નિયમ કરવામાં વ્યતીત કરવા લાગી.

એકદા મંત્રીગૃહે આસરાજનું અતિથિરૂપે આવવું થયું. મંત્રીપુત્રી કુમારદેવી અચાનક નજરે ચઢી. ખીલતી કળી જેવી તરુણીનો શ્યામ વેશ જોઇ એને કુતુહળ જન્મ્યું. મંત્રીશ્વર સાથે એ ગુરુજીના વ્યાખ્યાનમાં ગયો છતાં એની દૃષ્ટિ ત્યાં પણ નારીગણમાં બેઠેલી કુમારદેવી તરફ વારંવાર ખેંચાવા માંડી. વધુ આશ્ચર્ય તો ત્યારે થયું કે ખુદ ગુરુજીને એ લલનાના ચહેરા પ્રતિ અવારનવાર ચક્ષુ ફેરવતા નિહાળ્યા. સામાન્યતઃ સંસારત્યક્ત સંતો સરાગ નજરે સ્ત્રીગણ તરફ જોતાં જ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અરે! ગોચરી જેવા પ્રસંગે પણ નજર નીચી રાખે છે. અહીં તો ખુદ આચાર્ય પોતે જ સનાતન કાનૂનનો ભંગ કરી રહ્યા છે. એ પાછળ જરૂર કંઇ રહસ્ય હોવું જોઇએ. આ જાણીતા શ્રમણમાં વિકારનો ઉદ્ભવ તો સંભવે જ નહીં.

દેશના પૂરી થતાં જ બુદ્ધિશાળી આસરાજ એકાંત સાધી ગુરુ સન્મુખ ઉપસ્થિત થયો અને પોતે જે જોયું હતું તે પાછળનું કારણ જાણવા આતુર બન્યો.

ગુરુજી યુવકના લલાટ પરથી કળી ગયા કે આ કોઇ સામાન્ય માનવી નથી. તરતજ સમજ આપતાં કહેવા લાગ્યા કે—

"વત્સ! હું હાલ સામુદ્રિક શાસ્ત્રનું અવલોકન કરું છું. એમાં નર–નારીના જુદા જુદા લક્ષણો સંબંધી અધિકાર ચાલે છે. એના ઉપરથી ફળપ્રાપ્તિ કેવી રીતે થાય છે એ પણ પૂર્વ-પુરુષોએ પોતાની જ્ઞાનગરિમાથી દર્શાવ્યું છે. કાળા પોશાકે મારી નજર અચાનક કુમારદેવીના ચહેરા પ્રતિ વાળી. એ ઉપર રમતા ચિન્હો અને લક્ષણશાસ્ત્રના શબ્દો વિચારતાં મને લાગ્યું કે–સૂર્ય ચંદ્ર જેવા પ્રતાપશાળી પુત્રોની એ માતા થવી જોઇએ. ખાતરી કરવા પુન: દૃષ્ટિ ફેંકી તો કપાળ કુંકુમ તિલક વિનાનું અને દેહલતા સૌભાગ્યવતીને શોભતા અલંકાર વગરની જોઇ. મન હીંડોળે ચઢ્યું. 'શાસ્ત્ર સાચું કે વ્યવહાર સાચો' એ પ્રશ્ન સહજ ઉદ્ભવ્યો. વેશ પરથી કુમારદેવી બાળવિધવા છે એમ નક્કી થયું, તો પછી પુત્રવતી થવાનો સંભવ કેવો? અંતરમાં ઉઠેલ આ સંભ્રમ દૃષ્ટિપાતોમાં કારણરૂપ છે."

"પૂજ્ય ગુરુદેવ, આપ આખરે શા નિર્ણય પર આવ્યા?"

"વત્સ! ભલે વર્તમાનમાં જુદું નજરે ચઢે, પણ શાસ્ત્ર-વચનમાં મને શંકા છે જ નહીં. કોઇવાર અપવાદ જોર કરી જાય છે. '**कर्मणां विचित्रा गतिः**' અર્થાત્ કર્મની ગતિ ન્યારી છે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આસરાજ કોઇ મામૂલી માણસ નહોતો. સાહસ અને શૌર્યથી ભરેલો હતો. આવી રત્નકુક્ષી કુમારિકાનું જીવન વેડફાઇ જાય એ વાત તેને ન જ રુચી. સમય સાધી સારોયે વ્યતિકર એણે આભુમંત્રીને જણાવ્યો.

સમાજમાં ધુરિણ અને પરંપરાથી ચાલતી આવેલી રીતમાં પૂરી શ્રદ્ધા રાખનાર પ્રધાનજીએ જણાવ્યું કે—

"ભાઇ, લક્ષણશાસ્ત્ર સાચું હોય, તો પણ અહીં તો દૂધ ઢોળાઇ ગયું છે. તે પાછું આવવાનું નથી જ. વિધવા કુમારદેવી સધવા ન જ બની શકે. મને એવો વિચાર પણ ન જ ઉદ્ભવે, છતાં ધાર કે હું એને ફરીથી પરણાવવા તૈયાર થઉં, તો તેણીનો હાથ પકડનાર કોઇ વીરલો નીકળશે ખરો? કદાચ આવેગમાં આગળ આવશે તો આ સમાજ સામે ટકી શકશે ખરો? આ લોઢાના ચણા ચાવવા જેવી વાત છે. સમાજમાંથી સદાને માટે ફેંકાઇ જવાનું કાર્ય છે. ભલભલા ચમરબંધીનો ગજ પણ મહાજનમાં ન વાગે. એવું જોખમ ખેડવા કરતાં જે થયું તે ન થયું નથી થવાનું માની ચાલે છે એમ ચાલવા દેવું એ જ ઠીક છે. આ વાતની ગંધ સરખી પણ પુત્રીને કાને ન જાય. આ વાત અહીં જ દાબી દેજે."

આસરાજ વડીલ એવા મંત્રીશ્વર પાસે મૌન રહ્યો, છતાં કોઇ પણ પ્રકારે એના મનનું સમાધાન ન થયું. જેની કુક્ષીમાં રત્ન જેવા પુત્રો પાકવાના હોય અને ગુરુવચન પ્રમાણે જૈનશાસનની પ્રભાવના કરવાના હોય, એવું સત્ય અવધાર્યા પછી સમાજ-ભયથી હાથ જોડી બેસી રહેવું એ મારા સરખા સાહસિકને ન શોભે. વિધવા પુનર્લગ્ન ન કરે એ સમજાય તેવી વાત છે પણ આ તો બાળરાંડ છે. પતિનો કર ગ્રહણ કર્યા સિવાય એણે બીજું કંઇ જ અનુભવ્યું નથી. અપેક્ષાથી વિચારતાં કંઇ જ બગડી ગયું નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat          www.umaragyanbhandar.com

વિચારધારાના અંતે મન મક્કમ બનાવી, એકાંત સાધી, તેણે કુમારદેવી સાથે મેળાપ કર્યો. શરૂમાં તો સંસ્કારી રમણીએ કુળની કીર્તિને લાંછન લગાડે અને ધર્મની દૃષ્ટિયે દોષિત ગણાય એવા ફરીવારના લગ્નનો વિરોધ કર્યો, એટલું જ નહીં પણ કાને હાથ દઈ, પુનઃ પોતાની સમક્ષ આવી વાત ઉચ્ચારવાની મના કરી અને તેણી મ્હોં ફેરવી ચાલી ગઇ.

આસરાજ આથી જરાપણ અકળાયા વિના પોતાનો હેતુ બર લાવવાના કાર્યમાં મંડ્યો રહ્યો. એ વેળા તે પાછો ફર્યો અને મન સાથે નિશ્ચય કર્યો કે વિધવા કુમારદેવીને પરણવા કોઇ મળનાર નથી માટે પોતે જ એ કાર્ય કરવું. જ્યાં ધર્મની નજરે દોષિત, વ્યવહારની નજરે ટીકાપાત્ર અને મહાજનની નજરે બહિષ્કારરૂપ ત્રિવિધ વિરોધો સામે નાચી રહ્યાં હોય ત્યાં હાથ નાંખવાની હિંમત કોણ કરે ? એક જ તમન્ના લાગી કે ગમે તેમ કરીને પણ આ ગુર્જર ભૂમિને એ રત્નોથી વંચિત ન રાખવી. ભલેને એ માટે ગમે તેવા કષ્ટોમાંથી પસાર થવું પડે. ભલેને જનસમૂહ તિરસ્કાર વર્ષાવે.

ઘટતી તૈયારી કરી, આસરાજ પુનઃ મંત્રીશ્વરનો મહેમાન બન્યો. તક સાધી કુમારદેવીને ગુરુમહારાજે કહેલી વાત કહી સંભળાવી અને ઉમેર્યું કે–આવું ભાગ્ય સૌ કોઇનું નથી હોતું માટે અન્ય સર્વ ભયો છોડી દઇ, મારી સાથે ચાલી નીકળવાની હા ભણ.

કુમારદેવી–" તમો ખાનદાનના સંતાન છો. તમારી વીરતા મારી જાણ બહાર નથી જ. વળી ધર્મની પણ સમાનતા આપણા વચ્ચે છે, તો પછી શા સારુ આવી ઉંધી લોકવિરુદ્ધની સલાહ આપો છો ! મારો અને તમારો આ ભવ અને આવતો ભવ બગાડવાનો માર્ગ બતાવો છો ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"મને તો એમાં મારા તરફની તમારી કામ લાલસા જોર કરતી જણાય છે કિંવા તમો મારા રૂપ પાછળ ઘેલા બન્યા છો. મારા કરતાં સૌન્દર્યમાં અને ગુણમાં ટપી જાય એવી સ્ત્રીઓનો ટોટો નથી. ગમે તે એકનો હાથ ગ્રહણ કરી સુખી થાવ. મારા લલાટમાં માતૃપદ લખાયું હોત તો શા સારુ પરણતાં જ રંડાપો આવત ?"

"પ્રમદા, કર્મના પ્રપંચ તો પૂર્ણજ્ઞાની જ પારખી શકે. ત્હારા કે મ્હારા જેવા પ્રાકૃત માનવનું એ કામ નહીં. હું નથી તો રાગથી આકર્ષાયો કે નથી તો મોહથી ઘેલો બન્યો. ફક્ત તું રત્નગર્ભા છે એ વાત નિશ્ચિત જાણ્યા પછી મારી માતૃભૂમિ એવા રત્નોથી વંચિત રહેવા ન પામે એ જ મારી મનોકામના છે.

"લાંબી ચોડી જવા દઇ, એક સલાહ સ્વીકાર અને તે એટલી જ કે કોઇ ખાસ ભક્ત મારફત મહારાજશ્રી પાસેથી જાણી લ્યે કે મેં કહી એ વાત સાચી છે કે બનાવટી. ગંભીર અને અંગત ગણાય તેવા ભકત વિના ત્યાગી સંત આવી વાતનો ઉચ્ચાર પણ નહીં કરે. એ તો કળથી જાણી લેવી જોઇએ."

કુમારદેવીને વાત પાછળ તથ્ય જણાયું. પાકા પાયે સમાચાર મેળવ્યા અને આખરે મહામહેનતે આસરાજ સાથે લગ્ન કરવાની હા ભણી. જગત જ્યારે મધરાતની મીઠી નિદ્રા માણી રહ્યું હતું ત્યારે આ યુગલ સાંઢણી પર સ્વાર થઇ પસાર થઇ ગયું.

પ્રાતઃકાળ થતાં જ આ વાત બહાર આવી. જનતામાં એ પાછળ મનગમતા અંકોડા સંધાયા. કુમારદેવીના માબાપને પણ દુઃખ તો થયું. પ્રથમ તો આસરાજ પર અતિશય ગુસ્સો આવ્યો પણ દિવસના વહેવા સાથે વાત વીસારે પડી અને એક વાર ગુરુદેવે પ્રધાનજીને બોલાવી કહ્યું કે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" સમજુ આત્માઓ કર્મરાજના નાચ જોઈ દુઃખ ન ધરે. સમતાથી એ તમાસા જોતા રહે અને તટસ્થવૃત્તિ કેળવે. "

ગુરુદેવના કથન પછી કુમારદેવીના માતપિતાએ આ વાત પર પડદો પાડી દીધો.

કેટલાક સમય પર્યંત ગૂર્જરભૂમિ આ યુગલ કયાં ગયું અને શું કરે છે અગર તો કેવી રીતે સંસાર-શકટ ચલાવે છે એ સર્વ સમાચારથી વંચિત રહી.

લૂણિગ, વસ્તુપાળ અને તેજપાળ જેવા પુત્રરત્નોની કીર્તિ જેમ જેમ વિસ્તરતી ગઈ, તેમ તેમ જનતાના મ્હોંએ એ વધુ ને વધુ રમવા લાગ્યા. ત્યારે જ એ સંતાનો તો કુમારદેવી અને આસરાજના છે એ પ્રગટ થયું. શૌર્ય, સાહસ અને પ્રતિભાના મેળ વિના જગતમાં નામ કાઢે એવા વીર સંતાનોનો સંભવ કયાંથી હોય?


## કીર્તિની લાલસા.

એક સાધુ પોતાના શિષ્ય સાથે ધનની અને કીર્તિની લાલસા વિષે વાતો કરતો હતો. તેણે કહ્યું: " ધનની લાલસા કરતાં કીર્તિની લાલસા પર વિજય મેળવવો મુશ્કેલ છે. નિવૃત્ત થયેલા સાધુઓ અને વિદ્વાનો સુદ્ધાં પોતાના પરિચિતોમાં નામના અને પ્રતિષ્ઠા મેળવવા વાંછે છે. તેમને મોટી મોટી સભાઓ સમક્ષ પ્રવચન કરવાનું મન થાય છે, પરંતુ અત્યારે હું તારી સમક્ષ કરી રહ્યો છું તેમ નાના મઠમાં રહી પોતાના એક માત્ર શિષ્ય પાસે પ્રવચન કરવાનું ગમતું નથી. "

શિષ્યે જવાબ આપ્યો-" ખરેખર ગુરુજી, કીર્તિની લાલસા પર વિજય મેળવ્યો હોય એવા એક આપ જ દુનિયામાં છો. "

**ને સાધુના મુખ પર મંદ મંદ સ્મિત ફરકી રહ્યું.!**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૩. સોરઠનો સૂબો આંબડ

જૂનાગઢની સમીપ આવેલ ગિરનાર પહાડ ચઢાવમાં અતિ કઠિણ હતો. એ ઉપર માત્ર જૈનોના જ પવિત્ર મંદિરો આવ્યા છે એટલું જ નહીં પણ વૈદિક સંસ્કૃતિ મુજબ પણ એ પવિત્ર હોઇ, હિંદુ ધર્મના મંદિરો પણ છે જ. શહેરથી પહાડના માર્ગે જતાં જ વચમાં જેની પાછળ ઐતિહાસિક શૃંખલાઓ જોડાયેલી છે એવા કેટલાક સ્થાનો આવેલાં છે એમાં અશોક નૃપનો શિલાલેખ અને દામોદરકુંડ મુખ્ય છે. આ રીતે વિચારીએ તો ભારતવર્ષની ત્રણે પ્રાચીન સંસ્કૃતિઓ–જૈન, હિંદુ અને બૌદ્ધનો અહીં આકસ્મિક મેળ સધાયો છે. પહાડ ભિન્ન ભિન્ન પ્રાસાદો અને એમાં શિલ્પકળાના જે આલેખનો કરાયેલા છે એથી રમણિય અને આકર્ષણરૂપ તો છે જ. એ સાથે વિવિધ વનસ્પતિની શોભા અને જડીબુટ્ટીના આકરરૂપ હોવાથી સવિશેષ ખ્યાતિ પામેલ છે.

જૈનધર્મના ચાલુ અવસર્પિણી કાળના ચોવીશ તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ અર્થાત્ જન્મ, દીક્ષા અને નિર્વાણસ્થાનો પૂર્વ પ્રદેશમાં આવેલાં છે. આ એક જ ગિરનાર પર્વત ભાગ્યવંત છે કે જ્યાં બાળબ્રહ્મચારી બાવીશમા તીર્થપતિ શ્રી અરિષ્ટનેમિ ઊર્ફે નેમિનાથ ભગવંતના પાંચ કલ્યાણકમાંના દીક્ષા, કેવળ અને મોક્ષગમનરૂપ પાછળના ત્રણ કલ્યાણકો થયા છે. પોતાના આંગણે વધુ નહીં તો એક તીર્થંકરનું આ પ્રકારનું મહાત્મ્ય પ્રગટ થયું એવા સુપ્રસંગથી ગૂર્જરભૂમિ આજે પુન્યવંતી ગણાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવંત નેમનાથ અને વાસુદેવ શ્રી કૃષ્ણ પિતરાઈ ભાઈઓ થાય એટલે એ સમયના બીજા પણ પ્રસંગોમાં નિમિત્તરૂપ બનવાનું આ ગિરિનું સદ્ભાગ્ય. પાછળનો રાણકદેવી રા'ખેંગારનો બનાવ તો અતિ નજીકનો ને ઐતિહાસિક ગણાય. આવા કૈંક પ્રસંગો આ ગિરિરાજની યશકલગીમાં ઉમેરાયેલા છે અને એ કારણે સ્થાન તીર્થરૂપ છે. ચઢવાની કઠણાશ ને કપરાશ ટાળવા, અને યાત્રિકો સુખે લાભ લઈ શકે એ હેતુએ પગથી બાંધવાનું કાર્ય સં. ૧૨૨૨–૨૩ માં આરંભાયેલ પણ એને સંપૂર્ણતા-રૂપી કળશ ચઢાવવાનું માન તો આપણા નાયક આંબડના ભાગ્યમાં સર્જાયેલું.

શ્રીમાળી જ્ઞાતિમાં રાણિગ નામના વ્યવહારીને ત્યાં એનો જન્મ થયેલ. 'પુત્રના લક્ષણ પારણામાંથી જણાય' એ કહેતી અનુસાર વયમાં વૃદ્ધિ પામતા આ બાળકમાં સાહસ, હિંમત અને પ્રજ્ઞાના દર્શન થવા માંડ્યા. એના લક્ષણો વાક્પટુ વેપારી થવાના બદલે પરાક્રમશાળી અધિકારીની દિશામાં વધુ ઢળેલા જણાયા. એમાં કુદરતે યારી આપી. એ સમયના જાણીતા મહા-કવિ શ્રીપાળ સાથે એને મિત્રતા બંધાઈ. કવિની નજરમાં આંબડની શક્તિમત્તાએ, અનેરું સ્થાન જમાવ્યું.

એક સમયની વાત છે. રાજવી કુમારપાળ સોરઠના પ્રવાસે આવેલા. રાજ્યચિંતાના કામોનું દબાણ હોવા છતાં ભગવંત શ્રી નેમિનાથને ભેટવાની ભાવનાથી હોંશભેર તળાટીમાં આવી ચઢ્યા. કવિ શ્રીપાળ સાથમાં હતા, પણ ગિરિરાજ પર જવાની પગથી યાને પાજ વ્યવસ્થિત ન હોવાથી મનની મુરાદ બર ન આવી. દેવ દર્શન કર્યા વગર ઉતાવળ હોવાથી ખેદપૂર્વક પાછા ફરવું પડ્યું.

અણહિલપુરમાં જ્યારે પાછા ફર્યા ત્યારે ગિરનારની યાત્રા ન થવા બદલ જે એક મનદુઃખ ઉદ્ભવ્યું હતું તે અચાનક સભા સમક્ષ મુખદ્વારા બહાર પ્રગટ થયું. એવો કોઇ વીરલો છે કે જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોરઠની સૂબાગીરી પણ સાચવી શકે અને સાથેસાથ ગિરિરાજ ગિરનાર પર ચઢવાનું સુગમ બને એવી પાજ પણ બાંધી શકે ?

રાજવીના પ્રશ્નના જવાબમાં શ્રીપાળ કવિએ હા ભણતા કહ્યું કે–રાજ્યવહીવટમાં ગૂંચ ન પડવા દે અને ભક્તિસભર હૃદયથી તીર્થનો માર્ગ સરળતાથી તૈયાર કરાવે એવો પુરુષ મારી ધ્યાનમાં આપણા વણિગશેઠનો આંબડ જણાય છે. મને એનામાં ઉભય શક્તિના દર્શન થાય છે.

તરત જ આંબડને તેડાવવામાં આવ્યો. મહારાજા કુમારપાળે એના શીર પર સોરઠના સૂબા તરીકેની જવાબદારીનો ભાર મૂકયો અને બનતી ઉતાવળે ગિરનારને પગથિયાથી અલંકૃત કરવાની આજ્ઞા પણ આપી.

પોતાનામાં વિશ્વાસ મૂકી રાજવીએ જે કાર્ય સોંપ્યું.હતું તે એણે સં. ૧૨૪૧ માં પૂર્ણ કર્યું. રાજકીય અને આર્થિક ઉભય વહીવટ પ્રમાણિકપણે જાળવ્યા. વિશેષ વૃત્તાન્ત જાણવાની અભિલાષાવાળાએ શ્રી સોમપ્રભસૂરિકૃત “ કુમારપાળપ્રબોધ ” નામનો ગ્રંથ જોવો.

## આરોગ્યની ચાવી.

જે માણસ પોતાનું આરોગ્ય બરાબર સાચવવા માગતો હોય તેણે સ્વાદને કાબૂમાં રાખવા, ચિંતાને દેશવટો દેવો, કામનાઓને અંકુશમાં રાખવી, લાગણીઓ પર લગામ રાખવી, વીર્યનું જતન કરવું, મિતભાષી થવું, મૂર્ખાઇભરી મહત્ત્વાકાંક્ષાઓને દૂર કરવી, દૃષ્ટિ તથા શ્રવણને શાંત રાખવાં. જે માણસ પોતાના મનને થકવી ન નાખે અને જીવને ચિંતાગ્રસ્ત બનવા ન દે તે માંદો શી રીતે પડે ? ભૂખ લાગે ત્યારે જ ખાવું પણ અતિશય ન ખાવું તેમજ તરસ લાગે ત્યારે જ પીવું પણ અતિશય ન પીવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૪. આમ્રભટ ઊર્ફે આંબડ

મહારાજા સિદ્ધરાજ જયસિંહના પ્રસિદ્ધ મંત્રીશ્વર ઉદાયનના પુત્ર, વાગ્ભટના ભાઇ અને ખુદ રાજવીના સેનાપતિ આમ્રભટના નામથી ભાગ્યે જ કોઇ અજ્ઞાત હોય. ગુજરાતના ઇતિહાસમાં મહામંત્રી ઉદાયન તેમજ તેમના શૂરવીર સંતાનો વાગ્ભટ, આમ્રભટ આદિનો સમય પરાક્રમ અને યશગાથાથી પૂર્ણ છે.

ઘણાખરા ઉલ્લેખોમાં આમ્રભટને સ્થાને આંબડ નામ જોવામાં આવે છે. જાતે વણિકપુત્ર હોવા છતાં સેનાપતિ તરીકેનો ગૌરવસંપન્ન અધિકાર ભોગવવામાં એમણે જરા પણ ઊણપ દાખવી નથી. બુદ્ધિશાળી પિતાની વારસાગત પ્રજ્ઞા ઉપરાંત શસ્ત્રાસ્ત્રો વાપરવાની જે તાલીમ બાળવયમાં પ્રાપ્ત કરી હતી અને એમાં દક્ષતા મેળવી હતી એના જોરે તે જોતજોતામાં આગળ આવી ગયા અને જૂદા જૂદા યુદ્ધોમાં મહારાજા સિદ્ધરાજની પડખે રહી, અરિદળનો પરાજય કરવામાં હરકોઇ ક્ષત્રિયને ગૌરવ લેવા જેવું પરાક્રમ બતાવી આપ્યું. સ્વશક્તિના આ પ્રકારના આવિષ્કારથી અણહિલપુર જેવા મહાન્ રાજ્યનું સેનાપતિપદ તેમના પગમાં આવી પડ્યું.

સેનાપતિ તરીકેની કારકિર્દી પણ પ્રશંસાપાત્ર છે. કપરા અને બળવાન એવા શત્રુ મલ્લિકાર્જુનની સામે જઇ, યુદ્ધમાં



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરાજય પમાડી, બંદીવાન બનાવી લાવી રાજવીના ચરણમાં ધર્યો. એ કાર્યથી સિદ્ધરાજ બહુ પ્રસન્ન થયો.

ભૃગુકચ્છ યાને આજના ભરુચમાં પોતાના પિતાની ઇચ્છાને અનુસરી જિનમંદિર બાંધવા માટે ભૂમિશોધનના કામનો આરંભ કર્યો. સમીપવર્તી કોઇ વ્યંતર તરફથી મજૂરોને વિડંબના થવા માંડી. ખોદવા માંડેલા પાયામાં મજૂરો ગબડી પડવા લાગ્યા. આ વાત કાને પડતાં જ સેનાપતિ આમ્રભટ જાતે દોડી આવ્યા એટલું જ નહીં પણ '**तुष्यंतु दुर्जनः**' એ ઉક્તિ મુજબ પોતાની જાતને એ ખાડામાં હોમી દીધી!

આ સાહસથી પ્રસન્ન થયેલ વ્યંતરે, તેમને ખાડામાંથી બહાર આણી, આસન પર બેસાડી, માત્ર પ્રાસાદ બાંધવાની છૂટ આપી એટલું જ નહીં પણ એ સ્થાનને લગતું સિંહલદ્વીપની રાજકુમારી સુદર્શનાનું વૃત્તાન્ત કહી સંભળાવ્યું, પ્રાસાદનું નામ 'સમલિકાવિહાર' રાખવાની પ્રાર્થના કરી. પોતાના તરફથી દરેક પ્રકારની સ્હાય આપવાની ખાતરી પણ એ સાથે આપી.

જોતજોતામાં રમણીય પ્રાસાદ બંધાઇને તૈયાર થયો. સેનાપતિના આગ્રહથી કળિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય ત્યાં પધાર્યા અને શુભ મુહૂર્તમાં વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીની મનોહર ને પ્રભાવિક મૂર્તિની એમાં પ્રતિષ્ઠા કરી. પોતાના પિતાની અંતકાળની ઇચ્છા આ રીતે બર આણનાર પુત્ર આંબડે એ વેળા યાચકોને પુષ્કળ પ્રમાણમાં દાન દઇ સંતોષ્યા. મંગળદીપ ઉતારતી વેળા બત્રીશ લાખ દ્રમ્મ સુધી ચઢાવો કર્યો અને દેવદ્રવ્યની વૃદ્ધિ કરી કે જેથી પ્રાસાદ અંગે નિભાવમાં તૂટ ન પડે.

એક વેળા મૂળનાયકની સન્મુખ રહી, સેનાપતિ આંબડ નૃત્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરતા ભાવનામાં લીન બન્યા હતા, ત્યાં પૂર્વભવની કોઇ શત્રુત્વ ધારણ કરનારી સૈંધવા નામની વ્યંતરીએ ધ્યાન ચુકાવી છળ્યા અને આ રીતે વ્યંતરીના પ્રવેશથી, તે ભાન ભૂલી ગમે તેમ બકવા લાગ્યા.

આ સમાચાર ઉપાશ્રયસ્થિત સૂરિપુંગવ હેમચંદ્રસૂરિને પહોંચતાં જ તેઓએ પોતાના પટ્ટ શિષ્ય યશશ્ચંદ્ર ગણિને બોલાવી કેટલીક સૂચના આપી પોતે કાયોત્સર્ગમાં લીન બન્યા. ગણિ મહારાજ મંદિરમાં આવી પહોંચ્યા. આમ્રભટ તેમની સામે પણ ચાળા કરવા લાગ્યા અને મુનિશ્રીને ડરાવવા માંડ્યા. ગણિ મહારાજે શ્રાવકના ઘરમાંથી મુશળ મંગાવ્યું અને મંત્રોચ્ચારપૂર્વક જ્યાં એના પ્રહાર ઉંબર ઉપર આરંભ્યા ત્યાં તો આંબડના શરીરમાં પ્રવેશ પામેલી સૈંધવી વ્યંતરી ભયથી ધ્રૂજી ઊઠી. દેહ છોડી બહાર આવતાં જ સેનાપતિ તો ઢીલાઢપ બની બેસી ગયા અને આ બધું જોઇ વિસ્મય પામ્યા.

ગણિ મહારાજની મુદ્રા જોઇ વ્યંતરી ધ્રૂજવા લાગી અને પગે પડવા જ્યાં નજીકમાં આવે છે ત્યાં તો કરડો સ્વર સંભળાયો.

‘પ્રભુ ભક્ત આત્માને છળ કરી પીડવાનું કાર્ય કરનાર દુષ્ટા તને તો સખત નશિયત કરવાની જરૂર છે.’

‘મહારાજ માફ કરો. પુનઃ આવું આચરણ નહીં કરું.’ એમ કરગરતી સૈંધવી બોલવા લાગી.

ગણિજી–જો આ પશ્ચાત્તાપ સાચા હૃદયનો હોય તો સત્વર આચાર્યશ્રી પાસે પહોંચી જા અને તેઓશ્રીની માફી માગ.

આમ્રભટની શુદ્ધિ ઠેકાણે આવી ગઇ અને પૂર્વવત્ પોતાના વ્યવસાયમાં રક્ત બન્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૫. પશ્ચિમના મંડલિક આભુ

સંવત્ ૧૩૦૦ થી ૧૩૪૦ આશરેના સમયમાં આ ગૃહસ્થ થારાપદ્ર યાને (થરાવ ?) થરાદ નગરમાં થયેલા છે. તેઓ શ્રીમાળી જ્ઞાતિમાં શિરોમણી હતા એટલું જ નહીં પણ રાજ્યમાં મંત્રીશ્વરના માનવંતા અધિકાર ઉપર હોઇ, રાજા પ્રજાની પ્રીતિનું એટલી ઉચ્ચ કક્ષાએ ભાજન બન્યા હતા કે આસપાસના પ્રદેશમાં 'પશ્ચિમના મંડલિક'ના બિરુદથી ઓળખાતા. તેમની પાસે પૂર્વજોના વારસામાં મળેલ, તેમજ પોતાના આપબળે કમાઇ પ્રાપ્ત કરેલ ક્રોડો ગમે દ્રવ્ય હતું. પ્રધાન પદના માનવંતા હોદ્દા પર આવતાં પૂર્વે એક નામીચા શાહ સોદાગર અને લાખોના વ્યવહારી તરીકે વ્યાપારી સમાજમાં જાણીતા હતા. સત્તાના સૂત્રો હાથમાં ધારણ કર્યા પછી સ્વબુદ્ધિબળ અને અડગ હિમ્મતના જોરે થોડા સમયમાં સારાયે રાજ્યમાં એવી સુંદર છાપ બેસાડી દીધી કે પ્રજાને ન તો ચોર લૂંટારાનો ભય કે પરરાજ્યનો ચઢી આવવાનો ભય રહ્યો. શાંતિ એટલી હદે પથરાઇ અને સ્થિર બની કે વેપારવણજ સારા પ્રમાણમાં વધી પડ્યા અને થારાપદ્રની ગણના ધંધાના ધીકતા ધામોમાં થવા માંડી.

પાછલી અવસ્થામાં મંત્રીશ્વરે લક્ષ્મીનો સદુપયોગ કરી આત્મશ્રેય સાધવાના ઈરાદાથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી' પાળતો સંઘ કાઢ્યો. સંઘમાં સાત સો જિનમંદિર, ચાળીશ હજાર ગાડાં, પંદર સો ઘોડા, બાવીસ સો ઊંટ આદિની સામગ્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી. વિસામાના મુકામોમાં સામૈયાથી વધાવાતા આભુ સંઘવીએ દાન દેવામાં કચાશ ન રાખી. શ્રી શત્રુંજય ગિરિના પ્રથમ દર્શન કરવાની ખુશાલીમાં સંઘના સર્વ મનુષ્યોમાં વસ્ત્રાભૂષણની લ્હાણી દ્વારા પહેરામણી કરી, પવિત્ર તીર્થ શ્રી શત્રુંજયની ભાવપૂર્વક યાત્રા કરી, સંઘ સાથે ગિરનાર તરફ પગલા માંડ્યા. આ સંઘ-યાત્રામાં તેમણે બાર ક્રોડ સોનામહોરો ખરચી. યાત્રામાં માંડવ-ગઢના પ્રસિદ્ધ મંત્રી ઝાંઝણ શેઠના સંઘનો મેળાપ થયો હતો. પ્રથમ દર્શને આભુ સંઘવીની સંપત્તિએ ઝાંઝણ મંત્રીને આશ્ચર્ય ઉપજાવ્યું હતું. ચંચળ એવી લક્ષ્મીનો વાસ પૂર્વભવની પૂન્યાઈ ઉપર અવલંબે છે અને સન્માર્ગે વ્યય કરનારને ત્યાં એ વધ્યે જાય છે.

મંત્રીશ્વરે ૧૫૧૦ નવી જિનપ્રતિમાઓ, સંખ્યાબંધ જિન-પ્રાસાદો બંધાવ્યા. ત્રણ ક્રોડ સુવર્ણમહોરો ખરચી આગમ ગ્રંથોની પ્રતો સોનાની શાહીથી લખાવી અને પ્રાપ્ત થતાં દરેક ગ્રંથોની મશીના અક્ષરોવાળી પ્રતો લખાવી. ત્રણસો ને સાઠ શ્રાવકોને ધન આપી પોતાના સરખા સમૃદ્ધ બનાવ્યા. સાચી સ્વામીભક્તિનો આ જ્વલંત નમૂનો વર્તમાન કાળમાં હૃદયમાં કોતરી રાખવા જેવો છે. અંતકાળ નજીક જોતાં સાત ક્રોડ સોનામહોરોનું દાન દઈ, શુભ ધ્યાનપૂર્વક સંથારો કર્યો યાને આત્માને સર્વ આરંભોથી વોસરાવી દીધો–ધર્મધ્યાનમાં લીન બની સ્વર્ગે ગયા.

આજના યુગમાં ઉપર વર્ણવ્યા તેવા સ્વામીવાત્સલ્યની ખાસ અગત્ય છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૬. આશા શાહ.

મેવાડના સિંહાસન પર વિરાજતા સમરસિંહ ભૂપનું મૃત્યુ થયું. રાજગાદીનો વારસ એ વેળા પારણામાં ઝૂલતો હતો એ તકનો લાભ લઈ અનૌરસ રાજકુમાર વનવીરે રાજ્યમાં એવી તો ધાક બેસાડી દીધી કે સાચા વારસના રક્ષણમાં કોઈ અધિકારીઓ ઊભા રહેવાની હિંમત ન દાખવી શકયા. આ વાત રાણીવાસમાં પ્રસરતાં જ રાજકુંવરની માતા કંપી ઊઠી. પાસે બેઠેલી દાયણ પન્નાએ હિંમત આપતાં કહ્યું કે—

'રાણીમાતા જરા પણ ગભરાશો નહીં. મેં તમારું લૂણ ખાધું છે અને મારા જીવનના ભોગે હું લૂણ હલાલ કરી રાજપુત્રનું રક્ષણ કરીશ.' આ વાત પૂરી થઇ ત્યાં તો સમાચાર આવ્યા કે વનવીર ઉઘાડી તલવાર સાથે કુંવરનું શીર છેદવા રાણીવાસમાં આવી રહ્યો છે. પન્ના દાઇ તરત જ કુમારને સુવર્ણ-જડિત પારણામાંથી ઉઠાવી લઇ બહાર દોડી ગઇ અને અલ્પ સમયમાં પાછી ફરી. કુંવરના સ્થાને પોતાના પુત્રને સુવાડી હાલા ગાવા લાગી ગઈ. વિકરાળ ચહેરાવાળો વનવીર આવી જુસ્સાથી બોલ્યો.

"દાસી ! કયાં છે બાળ રાજકુંવર ?"

પન્ના કંઇ પણ બોલ્યા વિના નત મસ્તકે પારણાની દોરી ખેંચી રહી. રાણી કંઇ બોલે તે પૂર્વે પારણામાં સૂતેલ બાળક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વનવીરની અસિનો ભોગ બન્યો. આ રીતે સાચા હકદારને ઉખેડી નાંખ્યાનો આનંદ માનતો વનવીર તરત ત્યાંથી પાછો ફર્યો.

રાણીથી બોલી જવાયું-" પન્ના ! તું ખરેખર દાસી નથી પણ દેવી છે. પોતાના પુત્રના ભોગે તેં મહારાણાના વંશને લીલો રાખ્યો. બ્હેન ! તારા આ અપૂર્વ બળિદાનનો બદલો હું શો આપું ? "

" કુંવર મોટો થઈ ગાદીએ બેસશે ત્યારે એ વાત વિચારીશું. હજુ સામે ભયોની પરંપરા ખડી છે. તમો હિંમત રાખી જે થાય તે જોયા કરો. હું કુંવરને સુરક્ષિત સ્થળે મૂકી આવું. વનવીરની નજરે એ મરી ગયેલ છે એટલે મારું કાર્ય પાર ઉતારવામાં તાત્કાલિક અગવડ નહીં ઊભી થાય. "

પન્ના દાસી સાથમાં વિશ્વાસુ ભીલોને લઇ, પુષ્પના કરંડકમાં કુંવરને સંતાડી, વનવીરના રક્ષકોની ચોકી વટાવી અરવલ્લી પહાડના દુર્ગમ માર્ગમાં ચાલી નીકળી. શૈલમાળાને વટાવતી અને કૂટ માર્ગોને ઓળંગતી કેટલાયે મંડલિકોના ગામોમાં ભ્રમણ કરી વળી ! વનવીરના કપરા ભયથી એક પણ મંડળિકે કુંવરને ગુપ્તપણે પોતાના પ્રદેશમાં રાખી ઉછેરવાનું સાહસ ન કર્યું. પૈસાની અને બીજી ત્રીજી મદદ આપવાની હા ભણી પણ રક્ષણ આપવા સંબંધમાં તો સ્પષ્ટ ના સંભળાવી !

નારી જાતિમાં રત્ન સમી દાસી પન્ના ક્ષત્રિયોમાંથી-રાજપુત વંશમાંથી-આટલી હદે ક્ષાત્રતેજ નષ્ટ થયેલું નિરખી હતાશ બની ! શરણે આવેલાને રક્ષણ આપવામાં ધર્મ માની ધન-સંપત્તિ અને રાજ્ય સુદ્ધાં ખુવાર થવા દેનાર રાજવીઓ ક્યાં અને અત્યારના આ ભીરુ મંડળિકો ક્યાં ? કેટલું અધઃપતન ! આવી ડરપોકતા આ રાજસ્થાનમાં ઘર ઘાલતી જોઇ એ બહુ મુંઝાઈ ! આમ છતાં હિંમત ન હારી રાજકુમારને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લઈ કમલમેરના દુર્ગમાં જઇ પહોંચી. આખરે અહીં તેના પરિશ્રમને ફળ બેઠું.

હિપ્રા નામના વણિક કુળમાં ઉત્પન્ન થયેલ આશા શાહ નામના તેજસ્વી અધિકારીના હાથમાં રાજ્ય વ્યવસ્થા હતી. કમળમેરમાં અને આસપાસમાં તેની સાહસિકતાની હાક વાગતી હતી. એના પરાક્રમ સામે ભલભલા રાજપૂતો હારી જતા–આ જાતની શૌર્યકથા લોકમુખે સાંભળી પન્નામાં અહીં રક્ષણ મેળવવાની આશા બંધાઇ.

પ્રયાસ કરી તેણીએ આશા શાહની મુલાકાતનો યોગ સાધ્યો. શાહ પોતાના વિશ્રામગૃહમાં બેઠો હતો, નજિકના ઉઘાડા કમરામાં તેમના વડિલ–વયોવૃદ્ધ માતુશ્રી બેઠા હતા. એ વેળા દાસી પન્નાએ પ્રવેશ કરી, પોતાના ખભેથી રાજકુંવરને ઉતારી, શાહના ખોળા આગળ ગાદી ઉપર મૂકયો.

કંઈ સવાલ પૂછાય તે પૂર્વે જ પન્નાએ કેવા સંયોગોમાં મહારાણાના આ ખરા વંશજનું રક્ષણ થયું એ સર્વ નમ્રતાપૂર્વક કહી બતાવ્યું. એ માટે રક્ષણ મેળવવા સારુ પોતાના માથે વીતેલા વીતકોની કહાણી પણ વર્ણવી અને રક્ષણ આપવાની પ્રાર્થના કરી.

**આશા** શાહ—બાઈ ! તેં કહ્યા એવા ચમરબંધીઓ જયાં રક્ષણ આપવામાં પાછા પડયા ત્યાં મારા સરખા અને નાનકડા દુર્ગના અધિકારીનું ગજું શું ? એમ કહી કુંવરને ગાદી પરથી લઇ જયાં પાછો આપવા જાય છે ત્યાં કમરામાં રહી, વાત સાંભળી રહેલા વૃદ્ધ માતુશ્રી બહાર આવ્યા અને જુસ્સાથી બોલ્યા.

દીકરા તું શું કરવા જાય છે ? તું કોની કૂખે જન્મ્યો છે તે યાદ છે ને ? તારી નાડીમાં હિપ્રાવંશનું રક્ત વહે છે એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat          www.umaragyanbhandar.com

જાણે છે ને? સ્વામીના શુભેચ્છકોનો ધર્મ પોતાના સર્વસ્વના ભોગે સ્વામીના સંતાનનું રક્ષણ કરવાનો છે. બીજા ભલે એ ફરજ ભૂલ્યા હોય, એવા કાયરનો દાખલો શા સારુ લેવો? સાચો શૂરો વિપત્તિ કે વિઘ્નપરંપરાથી ડરે જ નહીં. જિન ભગવંતના ઉપાસકને કાયરતા કેવી? આત્માની અમરતા માનનાર પરોપકારમાંથી પાછો ડગ ન ભરે ત્યારે અહીં તો ખુદ સમરસિંહના કુંવરના રક્ષણનો સંબંધ છે. એ બાળક છે છતાં આપણો સ્વામી છે. એનો વાંકો વાળ આપણા જીવતાં ન થાય એવું કરવાનો આપણો ધર્મ. દાસી પન્નાથી પણ આપણે ગયા? ધન્ય છે એ અબળાને કે જેણે પોતાના પેટના જાયાનો ભોગ આપી કુંવરનું રક્ષણ કર્યું.

માતાના હૃદયભેદક વચન સાંભળી આશા શાહના ચક્ષુ પર છવાયેલા પડળ ખસી ગયા. એણે કુંવરના સંરક્ષણનો ભાર પોતાના શીર પર સ્વીકારી લીધો.

ધન્ય છે એ માતાને! ધન્ય છે જૈન કુળદીપક આશા શાહને! અને ધન્ય છે એ સમયની શૂરી સેવિકા પન્નાને!

મેવાડના ગૌરવવંતા ઈતિહાસમાં જૈનધર્મી 'શાહો' નો ફાળો નાનોસૂનો નથી જ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૭. ગદા મંત્રી

આહમદશાહે અમદાવાદ વસાવ્યાની વાત સુપ્રસિદ્ધ છે. એ વેળા કર્ણાવતીથી જે ગુર્જર વણિકો આવી ત્યાં વસ્યા એમાં ગદાશાના પૂર્વજો પણ હતા. આ વણિકો વ્યાપાર-વણજમાં એક્કા ગણાતા. તેમના કરીયાણાથી લદાયેલા વહાણો, સફરી જહાજો દૂર દેશાવર સુધી સફરો ખેડતાં, લાખો સોનૈયાનો ક્રય-વિક્રય કરતા. ભારતવર્ષની વિવિધ ચીજો વેચી તેઓ સોનૈયા લાવતા એ કારણે આ ભૂમિ ‘ સુવર્ણ ધરતી ’ની ઉપમા પામેલી. વહાણવટું ધંધામાં અગ્રપદે હોવાથી, ખરું નામ ‘ વહાણીઆ ’ હતું. કાળાંતરે ‘ વાણિઆ ’ નામ અપભ્રંશમાં આવ્યું: આવા એક ગુર્જર આગેવાનનો પુત્ર નામે ગદાશા.

પોતાની આવડત, સાહસિકતા અને કાર્યદક્ષતાને જોરે ટૂંક સમયમાં ગદાશા રાજનગરના સુલતાન મહમદ બેગડાના પ્રીતિપાત્ર થઇ પડયા; અને મંત્રીપદના અધિકાર સુધી પહોંચ્યા. અહિંસા ધર્મના ચુસ્ત ઉપાસક છતાં, શ્રાવક ધર્મની મર્યાદા બરાબર સમજતા અને રાષ્ટ્રના કાર્યમાં પરાક્રમ બતાવવાના સમયે કદી પણ પાછી પાની કરતા નહીં. પ્રત્યેક માસની પર્વણીએ પૌષધોપવાસ કરતા અને બીજા દિવસે પારણું કરવા રસવતી-ગૃહમાં પ્રવેશતા ત્યારે સાથમાં પાંચ-પચાસ નહિં પણ લગભગ બસો-ત્રણસો સ્વધર્મી બંધુઓ તેડી જતાં. તેમની ભક્તિ કરી સ્વામીવાત્સલ્ય જેવા ભગવંતકથિત અપૂર્વ ને પવિત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાર્યનો આનંદ માણતા. ચુસ્ત શ્રાવકને શોભે તેવી આ કાર્યવાહી નિરખી કોઈક વાર પાદશાહને વિસ્મય થતું. એકાદ વાર તો એ બોલી પણ ચૂકેલા કે–

' એક તરફ નાનામાં નાના જીવની દયા ચિંતવવાનો દાવો કરવો, અને બીજી તરફ સમરાંગણમાં સંખ્યાબંધ આદમીઓના માથા વાઢી નાંખવા ? એનો મેળ શી રીતે મળવાનો ? એવું કરવા કરતાં એવી ઝીણી દયાનો દંભ ન કરવો એ વધુ સારું લેખાય. '

મંત્રીશ્રીએ નમ્રતાથી એ વેળા જવાબ વાળેલો કે–" સંસારસ્થ માનવ ત્યાગી શ્રમણ જેવી દયા ન પાળી શકે છતાં વિના કારણ એણે હિંસામાં હાથ બોળ્યા જ કરવા એ શું વ્યાજબી છે ? શકિત અનુસાર, નાનામાં નાના અને નિરપરાધી જીવની દયા પાળવી એમાં દંભ જેવું છે શું ? એક જૈન ધર્મના અનુયાયી તરીકે મારે મારા શ્રાવક ધર્મની આવશ્યક કરણી પ્રતિદિવસ કરવી જોઈએ. એ જ ધોરણે ગુર્જરભૂમિના સંતાન તરીકે, આપશ્રીના વફાદાર સેવક તરીકે, જો મારા દેશ પર સંકટ આવ્યું હોય અથવા તો મારા રાજવીની આબરૂનો પ્રશ્ન ખડો થયો હોય, તો મારામાં જે કંઈ શકિત હોય એ દાખવીને પણ એમાંથી સંરક્ષણ કરવું જોઇએ. એમ કરવા જતાં જરૂર હિંસા લાગવાની છતાં એનો બંધ પાતળો પડવાનો. અંતરમાં ફરજના ખ્યાલ સિવાય અન્ય કલુષિત વૃત્તિ ન હોવાથી ચીકણા કર્મ નહિં બંધાવાના કેમકે બંધનો આધાર તો અંતરના પરિણામ પર અવલંબે છે. મારો ધર્મ આત્મિક શ્રેયને અગ્રપદ આપતો હોવા છતાં રાષ્ટ્ર પ્રત્યેની કે સમાજ પ્રત્યેની ફરજ અદા કરવામાં જરા પણ આડી લીટી દોરતો નથી. "

મહમદશાહ મંત્રીશ્રીની વાણી સાંભળી ખુશ થયો અને કહેવા લાગ્યો કે–ગદાશા, તમારા સરખા દેશભકતો મોજુદ છે ત્યાં સુધી ગુર્જરભૂમિ વિજયવંતી છે. જે ધર્મ પોતાના હમ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરીકોને આવી સુંદર શિક્ષા આપે છે એ માટે મારા જેવા તરફનું કંઈ કામ હોય તો સુખેથી કહેજો.

આ જાતના પરાક્રમશાળીપણાથી મંત્રી ગદાશાએ રાષ્ટ્રની સેવા તો કરી, પણ સાથોસાથ જૈન ધર્મની પ્રભાવના વિસ્તારી.

એમણે પરિકર યુકત એકસો ને આઠ મણ વજનવાળી પિત્તળની એક રમણિય શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિ તૈયાર કરાવી અમદાવાદથી હજારો માણસોના સંઘ સહિત મંગળ ચોઘડીયે વાજતેગાજતે શ્રી આબુ ગિરિરાજ પ્રતિ પ્રયાણ કર્યું. મુકામ કરતા અને સંઘ ભકિત સાચવતા મંત્રીશ્રી પવિત્ર તીર્થ પર આવી પહોંચ્યા. ભીમશીશાહે કરાવેલા મનોહર દેવાલયમાં પેલી મૂર્તિની સંવત ૧૫૨૫ ફાગણ શુદ ૭ ને શનિવારે તપાગચ્છીય શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવી. મહમદ બેગડાના આ મંત્રીની ચોતરફ એવી સુંદર પ્રતિષ્ઠા જામી હતી કે તેઓ સંઘ સહિત આવી રહ્યા છે એવા સમાચાર મળતાં સમિપના પ્રદેશના ભાનુ અને લક્ષ નામના રાજવીઓ, સન્માન અર્થે કેટલાક મુકામ પૂર્વે સામે આવેલા અને સંઘને કોઇ પણ જાતની તકલીફ ન પડે એની કાળજી રખાવેલી.

મંત્રી ગદાશાએ પણ છૂટા હાથે લક્ષ્મી ખરચી હતી. હાથનું ભૂષણ જે દાન કહેવાય છે, એ દેવામાં કચાશ નહોતી રાખી. એક લાખ સોનામહોરો એ પ્રસંગે વપરાણી હતી એવી નોંધ પ્રાપ્ત થાય છે. ઉપરાંત જાણવા મળે છે કે ત્રીશ હજાર દ્રમ્મ ખરચીને ચરોતરમાં આવેલા સોજિત્રામાં નવું જિનમંદિર બંધાવ્યું હતું.

**જનની જણ કાં ભકતજન, કાં દાતા, કાં શૂર;**
**નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

ગદાશાનું જીવન જોતાં આ કવિવચન અક્ષરશઃ સાચું જણાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૮. ઉકેશવંશી મોહણસિંહ

વર્તમાન કાળના માપે માપતાં, સાક્ષરોને, વિચારકોને અને કેટલાક લેખકોને એમ લાગે છે કે જૈનો એટલે વાણિયા, માત્ર કરીયાણાના વેપારીઓ ! દયાના ઓથા હેઠળ ભીરુતાને વરેલા માનવીઓ ! પણ ઇતિહાસના ઊંડાણમાં અવગાહન કરતાં આ માપ સાચું જણાતું નથી એટલું જ નહીં પણ એ જૈનોને અન્યાય કરનારું છે એમ નિઃશંકપણે કહી શકાય.

છેલ્લા સો દોઢસો વર્ષથી જૈનો રાજકારણમાં ઓછો રસ ધરાવી, ઘણુંખરું વેપાર–વણજમાં લયલીન બન્યા છે એ સાચું છે પણ તેથી એમનામાં મુસદ્દીગીરી કે ડહાપણનું દેવાળું નીકળ્યું છે એ જેમ સાચું નથી તેમ એ પણ સાચું નથી જ કે તેઓ દયાના ઓથા નીચે બીકણ બન્યા છે. પોતાના ધનવડે ભારતવર્ષના ભિન્ન ભિન્ન પ્રદેશમાં શિલ્પ–કળાના અનુપમ ધામ સમા જે રમણિય પ્રાસાદો તેઓએ સર્જાવ્યા છે એ જોતાં સહજ કલ્પી શકાય છે કે–લક્ષ્મી પરનું મમત્વ તો એમણે ત્યજેલું છે જ અને સાથોસાથ જે વિષમ સંયોગોમાં આ ધામો ઊભા કર્યાં છે એ જોતાં રાજદરબારમાં પણ તેમની પ્રતિષ્ઠા ઓછી નહોતી જ સંયોગોના પ્રવાહમાં પૂર્વજોનું ક્ષાત્રતેજ કમી થવા માંડેલું પણ દાન ગુણ તો અગાઉના જેવો જ કાયમ રહેલો દૃષ્ટિગોચર થાય છે. પોતાના દીર્ઘદર્શી કાર્યોદ્વારા તેઓએ હજારો કારીગરને પોષણ આપેલું છે અને ભારતવર્ષની કીર્તિ–પતાકા સૃષ્ટિના દૂર દૂર ખૂણા સુધી ફરકાવવામાં ફાળો નોંધાવ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેસલમેર જેવા એકલવાયા નગરમાં, ગાદી પર જ્યારે લક્ષ્મણસિંહ રાજા વિરાજતા હતા ત્યારે વાર્તાનાયક મોહણસિંહ સૌકોઇની નજરે ચઢે છે. રાંકા ગોત્રની અટકવાળા શેઠ કુટુંબમાં એ થયા. સાહસના બળે લક્ષ્મી સંપાદન કરી અને પરિવારમાં ધન્નાશા અને અજયસિંહ જેવા પુત્રરત્નનો યોગ સાંપડ્યો. 'પુન્યવંતને ત્યાં ભૂત રળે' એ ઉક્તિ અનુસાર પરિવાર–વૃદ્ધિ થતી ચાલી અને લક્ષ્મી દેવીની લીલા પણ વિસ્તરી.

પોતાના નગરમાં આવો આગેવાન વેપારી અને જરૂર પડયે ધનના ઢગલા કરી નાંખે એવો શ્રીમંત છે એ સાંભળીને લક્ષ્મસિંહ મહારાજે એને તેડાવી, આદરસત્કાર કરી, રાજ્યમાન્ય બનાવ્યા. ઉભય વચ્ચે સ્નેહ ગાંઠ મજબૂત બનતી ચાલી. ધન–ધાન્યના સદ્‌ભાવવાળા એ સમયમાં ત્યાં વિચરતા ખરતરગચ્છીય શ્રી જિન-વર્ધનસૂરિ પધાર્યા. પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો વ્યય કરી ધર્મ-પ્રભાવના કરવાના હેતુથી મોહણસિંહે રાજવી પાસેથી સુંદર સ્થળ પસંદ કરી જગ્યા મેળવી, એ ઉપર રમણિય દેવાલય બંધાવ્યું અને પધારેલ સૂરિજીના વરદ હસ્તે એમાં ધામધૂમ-પૂર્વક કરુણાનિધાન શ્રી તીર્થંકર પ્રભુ શાંતિનાથના મનોહર બિંબની પ્રતિષ્ઠા કરાવી. સારાયે નગરમાં જય જયકાર થયો. જૈન ધર્મની પ્રભાવના વિસ્તરી સંઘના અન્ય ભાઈઓમાં આ પ્રસંગ નિરખી એવી તીવ્ર ભાવના ઉદ્‌ભવી કે તેઓએ ફાળા કરી બીજું એક જિનમંદિર બંધાવ્યું. સૂરિમહારાજ વિહાર કરી ગયા હોવાથી પ્રતિષ્ઠા ટાણે ખરતરગચ્છીય શ્રી સાગરચંદ્રસૂરિજીને આમંત્રણ કર્યું. વિધિ–વિધાન અને આડંબર સહિત એ નવીન પ્રાસાદમાં પુરુષાદાની શ્રી પાર્શ્વનાથની મૂર્તિ પધરાવી. આ રીતે રાજપુતાનાના એકાંતભાગમા પડેલા નગરમાં રાજા અને પ્રજાના સુમેળથી આનંદના પૂર વહી રહ્યા. આજે પણ એ મંદિરો પૂર્વકાળની કીર્તિગાથા ઉચ્ચારતા ઊભા છે. અણીના સમયે ધનના ઢગલા કરી રાજ્યની વટ રાખનાર એ કુટુંબનું નામ પ્રજાના હૃદયમાં રમે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૯. સિદ્ધરાજનો સમય અને જૈન મંત્રીઓ

## (૧) સજ્જન મંત્રી

સિદ્ધરાજના એક મંત્રી સજ્જન નામે હતા. આ નામ ઇતિહાસના પાને અંકિત થયેલ છે. અણહિલપુરપાટણની સ્થાપના રાજવી વનરાજ ચાવડાથી થઇ છે અને એ વેળા જૈન ધર્મી મુસદ્દીઓ મંત્રીપદ ધરાવતા આવ્યા છે. જેવા તેઓ સાહસિક વ્યાપારી હતા તેવા જ તેઓ સમય આવે શસ્ત્રો પણ ફેરવી જાણતા હતા અને રાજ્યના વહીવટી તંત્રમાં કલમ પણ ચલાવી શકતા હતા. એમાં શ્રીમાળી વંશના જાંબ અને ચાંપાના નામ અગ્ર પદે આવે છે. મંત્રી સજ્જન એમાંના એકનો વંશજ હતો. એ કાળે સૌરાષ્ટ્રનો કેટલોક પ્રદેશ સિદ્ધરાજના તાબામાં હતો છતાં ત્યાં વારે કવારે છમકલા થતાં. સજ્જનની બાહોશી અને આવડત જોઇ એ મહત્ત્વના સ્થાનમાં દંડનાયક તરીકે સિદ્ધરાજે એને મૂકયો હતો. રાજવીએ મૂકેલા વિશ્વાસ પ્રમાણે સજ્જન મંત્રીએ પોતાના બુદ્ધિબળથી એવું તો ચતુરાઈપૂર્વક કામ લીધું કે ત્યાં શાંતિ પથરાઇ અને વર્ષોજૂની લહેણાની રકમ વસુલ થઈ.

દરમીયાન જૂનાગઢમાં ભદ્રેશ્વરસૂરિ મહારાજના પગલા થયા. ગિરનાર પરના દેવાલયોમાં યાત્રા કરતાં તે મહાત્માને તાત્કાલિક જીર્ણોદ્ધારની અગત્ય જણાઇ. વ્યાખ્યાનમાં એ સંબંધી ઉલ્લેખ કરતાં કહ્યું કે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"સજ્જન જેવા જૈનધર્મી દંડનાયકની હાજરી છતાં આ તીર્થમાં જીર્ણોદ્ધાર અંગે મારે વિવેચન કરવું પડે એ જૈન ધર્મની પરંપરા જોતાં શોભાસ્પદ નથી જ. પૂર્વનો ઇતિહાસ સ્વયં બોલી રહ્યો છે કે–જ્યારે જ્યારે શાસનરક્ષાના કાર્યો આવ્યા છે ત્યારે ત્યારે જેમ પૂર્વાચાર્યોએ કમર કસી છે તેમ તીર્થ કે મંદિર આદિના ઉદ્ધાર વેળા શ્રદ્ધાસંપન્ન શ્રાવકોએ જરા પણ પીછેહઠ નથી કરી."

તેજી તુખારને ઈશારાની જ અગત્ય લેખાય. એને માટે ચાબૂકના સપાટા ન જ હોય. સંયોગોની સાનુકૂળતા નહોતી એ છતાં સજ્જન મંત્રીએ ગિરનારના જૈન મન્દિરોનો જીર્ણોદ્ધાર સં. ૧૧૮૫ માં કરાવ્યો. એમાં સૌરાષ્ટ્રની ઉપજનો ઘણોખરો ભાગ ખરચાયો.

આ વાત પાટણમાં રાજવીને કાને પહોંચી. સિદ્ધરાજ કાનનો કાચો નહોતો છતાં એ પ્રસંગે તપાસ કરવાનું મનમાં નક્કી કરી, તક મળતાં એ જ્યારે સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે ખાસ ગિરનાર પર મંત્રીને લઈ ચઢયો. જાણે હમણાં જ ન બંધાવ્યા હોય એવા રમણિય મંદિરો જોયા પછી એને સમજાયું કે આ પાછળ હજારોનો ખર્ચ સંભવે જ, એ કયાંથી આવ્યા તે જાણવું જરૂરી છે. તરતજ મંત્રી સજ્જનને ઉદ્દેશી સવાલ કર્યો. અહીં તાજો જ જીર્ણોદ્ધાર થયો છે નહિ વારૂ ? ખરચ તો ઠીક ઠીક થયો હશે, છતાં એ સાથે કારીગરોએ કામ પણ સાચે જ મન મૂકીને કર્યું છે. ધન્ય છે એના કરાવનારને !

મહારાજ ! અન્યને ધન્યવાદ આપવાની અગત્ય નથી. મહારાણી મીનળદેવીના લાડકવાયા એવા આપશ્રીની અહીં જે ઉપજ આવી હતી તેમાંથી જ મેં એ કાર્ય કરાવ્યું છે. એમ કહી ભદ્રેશ્વરસૂરિવાળા પ્રસંગની વાત કરી અને અંતમાં જણાવ્યું કે–

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુસ્તકાલય

આપની એમાં સંમતિ હોય તો જ એ ખરચો રાજયના દફતરે ઉધરાવું; નહિં તો એ રકમ ભરપાઈ કરવાનું મારા શીરે છે.

મંત્રી સજ્જન! આ રમણિય સ્થાનમાં આ પ્રકારની દીર્ઘ-દર્શિતા વાપરી માત્ર એક વેડફાઇ જતો વારસાને તેં બચાવ્યો છે એટલું જ નહીં પણ સાથેસાથ મારી કીર્તિને દિગંત વ્યાપી બનાવી છે.

---

## ( ૨ ) શાન્તુ મહેતા

સિદ્ધરાજના આ અમાત્ય શાન્તુ મહેતા ઉપરાંત શાન્તુક કે સંપત્કર નામથી આળેખાયેલા દૃષ્ટિગોચર થાય છે. ‘ વિક્રમાંકદેવ ’ ચરિત, ચૌરપંચાશિકાના કર્ત્તા તેમજ રાજવીના પિતા કર્ણદેવના સમકાલીન પ્રસિદ્ધ કાશ્મીરી કવિ બિલ્હણ પોતાની નાટિકા ‘ કર્ણસુન્દરી ’માં જણાવે છે કે-કર્ણદેવના વખતમાં શાન્તુ મહાઅમાત્યપદે હતા. મહામાત્ય સંપત્કરે પાટણમાં પ્રવર્તાવેલા શ્રી આદિનાથની યાત્રા-મહોત્સવ વેળા એ નાટિકા ભજવાવેલી એવો ઉલ્લેખ એની પ્રસ્તાવનામાં છે.

બિલ્હણે ‘ કર્ણસુન્દરી ’ માં શાન્તુને ‘ વાસવદત્તા ’ માં વર્ણવેલા વત્સરાજના મહામાત્ય યૌગંધરાયણ સાથે સરખાવ્યો છે. તેની ચતુરાઈ, ધર્મપ્રેમ અને શૌર્ય અંગેની અનેક વાતો ‘ પ્રબન્ધચિંતામણિ ’કારે નોંધી છે. કવિ બિલ્હણ બ્રાહ્મણ હોવા છતાં આ નાટિકાના મંગળાચરણમાં જિનેશ્વરની સ્તુતિ કરે છે તે વિચારતાં એ કાળે સાંપ્રદાયિકતાનું ઝેર નહોતું પ્રસર્યું અને પરસ્પરનો સદ્ભાવ સંગીનતાસૂચક હતો એમ અનુમાની શકાય છે. આ ઉપરાંત અન્ય સંખ્યાબંધ ઐતિહાસિક તેમજ અર્ધ-ઐતિહાસિક પ્રબન્ધાત્મક ગ્રન્થોમાં શાંતુ મંત્રી વિષેના જે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉલ્લેખો અને હકીકતો મળી આવે છે એ ઉપરથી મંત્રીશ્વરની મહત્તા અને પ્રભાવિકતા કેવી સચોટ હતી એનો કયાસ કાઢી શકાય તેમ છે.

અભયદેવસૂરિના ઉપદેશથી શાન્તુ મંત્રીએ ભરુચના સમલિકાવિહારમાં સુવર્ણકળશો ચઢાવ્યા હતા એવો ઉલ્લેખ શ્રી ચંદ્રસૂરિકૃત પ્રાકૃત ' મુનિસુવ્રતચરિત્ર 'માં છે.

ધર્મી આત્માઓ રાજકારણમાં પણ ઉમદા ભાગ ભજવી શકે છે એ ઉપરના વૃત્તાંતથી સમજાય તેમ છે.

નોંધ—સજ્જન તેમજ શાન્તુરૂપ મંત્રી યુગલે વડઉદયમાં વિસ્તૃત રથયાત્રા કરાવી એવો ઉલ્લેખ પ્રશસ્તિમાં છે. આ વડઉદય તે હાલનું વડોદરા હોય એ સંભવિત છે.

---

## ( ૩ ) સોમ સચિવ

વિશ્વને આનંદ આપનાર, હંમેશાં ગુરુ પ્રત્યે પ્રેમ રાખનાર તથા મેઘના જેવી લીલાને ધારણ કરનાર 'સોમ' કે જેની ધર્મોન્નતિ વિકાસ પામતી જાય છે તથા માંગણોના હાથરૂપી છીપમાં દાનરૂપી સ્વાતિવૃષ્ટિ કરી હોવાને કારણે જેનો યશ દિશારૂપી સ્ત્રીઓનું મંડન કરનાર મોતીના જેવો નિર્મળ અને પવિત્ર છે. ......તે સોમ સચિવ ચંદ્ર જેવા શુભ ગુણોથી યુક્ત હતો. તેણે સિદ્ધરાજને મૂકીને બીજા કોઇને પોતાનો સ્વામી બનાવ્યો નહોતો. લેખના આલેખનમાં કવિ પ્રશ્ન કરે છે કે—

લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ કમળ પોતાને ઉલ્લસિત કરવા માટે ભાસ્કર સિવાય બીજા કોઇ તેજની વાંછના શું કરે છે ખરૂં?

ઉપરના લખાણ ઉપરથી તેમજ અન્ય અનેક પ્રશસ્તિઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને ગ્રન્થો ઉપરથી જાણી શકાય છે કે 'સોમ' એ સિદ્ધરાજનો મંત્રી હતો, તેની સ્ત્રીનું નામ સીતા હતું.

ગુજરાતના મહામંત્રી વસ્તુપાલના પૂર્વજોની વંશાવલિમાં જણાવેલ છે કે—

પ્રાગ્વાટ વણિક ચંડપનો પુત્ર ચંડપ્રસાદ, તેનો પુત્ર સોમ, તેનો આશરાજ અને તેના પુત્રો વસ્તુપાલ-તેજપાલ હતા. આમ એ વસ્તુપાલ-તેજપાલનો પિતામહ હતો.

---

## (૪) મહામંત્રી મુંજાલ

મંત્રીશ્વર મુંજાલ એ કેવલ સિદ્ધરાજના સમયનો ન કહી શકાય. કર્ણદેવના રાજ્યકાળમાં એ દાખલ થયેલ. પોતાની બુદ્ધિમત્તાના જોરે આગળ વધેલ અને સિદ્ધરાજ બાળઅવસ્થામાં હતો ને રાજકારભાર રાણી મીનલદેવી ચલાવતા હતા ત્યારે એ પોતાની કુશાગ્રબુદ્ધિના બળે, રાણીના જમણા હાથરૂપ બની ગયો એટલુંજ નહીં પણ અણહિલપુર રાજ્યની પ્રતિભા વિસ્તારવામાં આગળ પડતો ભાગ એણે લીધો. મહાઅમાત્યના ગૌરવસંપન્ન પદે વિરાજ્યો અને ગૂજરાતના ચાણક્યની ઉપમા મેળવી. સં. ૧૧૪૬ માં 'કર્ણદેવ'ના રાજ્યમાં મહામાત્ય મુંજાલની વસતિમાં રહી પાટણમાં તાડપત્ર ઉપર હરિભદ્રસૂરિકૃત યોગદષ્ટિસમુચ્ચય સટીકની પ્રત લખાઈ. સમરક્ષેત્રમાં વિજયપ્રાપ્તિના અને રાજ્યમાં સુંદર વહીવટના જે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે એ જોતાં મહામાત્ય મુંજાલની પ્રતિભા અદ્વિતીય હતી. એનું જૈનત્વ સંકુચિત દશામાં નહોતું. એની પ્રમાણિકતા માટે બે મત પણ નહોતા.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ( ૫ ) મહામાત્ય આશુક

મહામાત્ય આશુકની મંત્રણાથી સિદ્ધરાજ જયસિંહે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી તેની પૂજા માટે બાર ગામનું શાસન કરી આપ્યું હતું. સં. ૧૧૭૯ થી સં. ૧૧૮૧ માં મહામાત્ય પદ શોભાવનાર આ આશુક મંત્રી વાદીદેવસૂરિ તથા કુમુદચંદ્ર વચ્ચે વાદ થયો ત્યારે હાજર હતા. સં. ૧૧૭૯ માં કર્ણાવતીમાં આશુક મહામાત્ય પદે હતા એ વેળા ઉત્તરાધ્યયન સૂત્રની પ્રત તાડપત્ર પર લખાઇ. સિદ્ધરાજે દેવસૂરિને જયપત્ર આપવા સાથે તુષ્ટિદાન તરીકે એક લાખ સોનામહોરો આપવા માંડી, પણ તે જૈન સાધુના આચાર પ્રમાણે અસ્વીકાર્ય થતાં આશુક મહામાત્યની સંમતિથી એ રકમ સિદ્ધરાજે જિનપ્રાસાદ બંધાવવામાં ખરચી. સં. ૧૧૮૩ના વૈશાખ શુદ ૧૨ ને દિને એમાં શ્રી ઋષભદેવની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી.

---

## ( ૬ ) ઉદયન મંત્રી

મારવાડથી વખાના મારેલા ઉદયન શ્રાવકે પોતાની પ્રજ્ઞાના જોરે પાટણમાં વસવાટ કર્યો એટલુંજ નહીં પણ જોતજોતામાં એ ધનવાન બન્યો અને સાથોસાથ રાજમાન્ય બન્યો. સિદ્ધરાજના સમયમાં એ મંત્રીના અધિકારે પહોંચ્યો. ઘડીભર મહામાત્ય મુંજાલને લાગ્યું કે–પોતાનો આ સ્વામીભાઇ પોતાને ઊંઠા ભણાવે તેવો નિવડશે અને આ મહાપદ પર બેસી જશે. રત્નપરીક્ષક મહામાત્યે ઉદયનની તેજસ્વિતા પિછાની લીધી અને પ્રસંગ પ્રાપ્ત થતાં 'રાજમામા'નું બિરૂદ અપાવી, એને ખંભાતના સૂબાના પદે બેસાડી દીધો. આ રીતે અણહિલપુર પાટણથી અને રાજવીની નજરથી દૂર રાખી સ્થંભતીર્થના એ કાળે વિષમ ગણાતા વહીવટે એને સ્થાપી એક કાંકરે બે પક્ષી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આરવા જેવું કર્યું. ઉદયન મંત્રીએ ઝીંઝુવાડાનો કિલ્લો બંધાવ્યો હતો.

સ્થંભતીર્થ એ સમયમાં ગૂજરાતનું નામીચું બંદર હતું એટલું જ નહીં પણ રાજકીય દૃષ્ટિયે અતિ મહત્ત્વનું સ્થાન ગણાતું હતું. ઉદયનના મંત્રીપણામાં એમાં સર્વદેશીય વધારો થયો. દીર્ઘદર્શિતાભરી રાજનીતિથી એની રિદ્ધિસિદ્ધિમાં વધારો થયો. બખેડા નામશૂન્ય થયા અને વ્યાપાર ભયમુક્ત બન્યો. એટલે જ **ઉદયન** મંત્રી એ પદ પર કાયમ જેવા થઈ ગયા. સિદ્ધરાજ કોઈ પણ રીતે ભાવી વારસ કુમારપાલનું કાટલું કાઢવા માંગતો હતો. કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિએ સ્વજ્ઞાનબળે પાટણની ગાદી કુમારપાલને મળનાર છે એ નિશ્ચિતપણે કહ્યું હતું. શ્રદ્ધા-સંપન્ન મંત્રીએ સૂરિજીના વચન ઉપર શ્રદ્ધા રાખી એવી ચાલાકીથી કામ લીધું કે ભાવિ નૃપતિના જીવનની રક્ષા કરી છતાં સિદ્ધરાજની જરા પણ ઇતરાજી ન વહોરી. ‘ રાજમામા ’ ગણાતા આ બુદ્ધિમાને પાછળથી ‘ રાજપિતા ’નું બિરૂદ પોતાની આવડતના બળે મેળવ્યું હતું. કુમારપાળે પૂર્વનો ઉપકાર ધ્યાનમાં રાખી ઉદયનને મહામાત્ય બનાવ્યા. એમની સલાહ લીધા વિના એ ડગલું પણ ન ભરતો. સૌરાષ્ટ્ર જીતવા એમને જવાનું થયું. જીવનના ભોગે જયશ્રી મેળવી.

---

## ( ૭ ) શાહ કુંવરજીના પૂર્વજો

અણહિલપુર પાટણના શૃંગારરૂપ, ઇલાહી સંવત્ ૪૧ ( વિક્રમ સંવત ૧૬૫૨ ) વર્ષે વૈશાખ વદ ૧૨ ને ગુરુવારે રેવતી નક્ષત્રમાં શુભ મુહૂર્તે કુંવરજી શાહે, સ્ત્રી સોભાગદે, બ્હેન વાછી, પુત્રી જીવણી આદિના પરિવારયુક્ત શ્રી વાડીપાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા સુરગિરિ સમ શોભતા ચતુર્મુખ ચૈત્યમાં કરી. શાહ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહીપતિને અમરી ભાર્યાથી વસ્તુપાલ નામા પુત્ર થયો. એની પત્નીનું નામ સિરિયાદે. એ ઉભયને તેજપાળ નામા પુત્ર થયો. વસ્તુપાળ અને તેજપાળ બન્નેએ મંત્રીપદો સાચવ્યા. વીરધવળના સમયમાં થયેલ વસ્તુપાળ તેજપાળ નામના વિખ્યાત બંધવોથી આ જુદા છે એ સહજ સમજાય તેમ છે. તેજપાળની સ્ત્રીનું નામ ભાનુ હતું. અર્થીજનોના મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ સમાન, જિનધર્માનુરક્ત અમરદત્ત નામનો પુત્ર તેમને થયો. ઉકેશ વંશમાં એ મુખ્ય ગણાતો. એની સ્ત્રીનું નામ રતનાદે. કુંવરજીશાહના એ માતપિતા.

## મનનીય ઉદ્દગાર

પંચાસરના રાજકુલને જૈનસૂરિએ જીવાડયું હતું. અણહિલ્લપુર પાટણની પાટનગરીની સ્થાપનાને મહાવસરે સાચા આચાર્ય શ્રી શીલગુણસૂરિ હતા. સૈકાઓ સુધી ગુજરાતની જૈન સંસ્કૃતિનું તીર્થ પાટણ હતું. પાટણના રાજસિંહાસને સૈકાઓ પર્યન્ત રાજછત્ર જૈનોએ ધર્યું હતું. વિમળ શાહ, જગડુ શાહ, હેમચન્દ્રાચાર્ય અને હીરવિજયસૂરિ ગુજરાતની જૈન અમરવેલનાં એ સર્વોત્તમ અમૃતફલ.

બીજો એવો કાળનો કપરો અવસર આવ્યો હતો મહારાજ સિદ્ધરાજ જયસિંહના મહાકીર્તિવન્તા રાજયુગમાં. અણહિલ્લપુર પાટણની ઐતિહાસયશસ્વિતાનો એ સુવર્ણયુગ. પૂર્વે માળવા, પશ્ચિમે ગિરિનાર, ઉત્તરે ઝાલોર ને દક્ષિણે શૂર્પારક ને તેલંગાણા પર્યન્તનું ચારે દિશામંડળ જીતતો ગુજરાતનો જયધ્વજ ત્ય્હારે ફરકતો હતો. ગૂર્જરોનાં જહાજો સાગર ખેડતાં હતાં.

દ્વયાશ્રય મહાકાવ્યના ને પાણીની સમોવડ પ્રાકૃત અષ્ટાધ્યાયીના પ્રણેતા શ્રી હેમચંદ્રાચાર્ય ત્યારે પાટણમાં વિરાજતા, ને કલિકાળસર્વજ્ઞના બિરુદધારી હતા. મહાજયધ્વજી જૈનેતર સિદ્ધરાજ મહારાજ પણ હેમચંદ્રાચાર્યને વન્દતા-પૂજતા.

—મહાકવિ **શ્રી ન્હાનાલાલ**ના વ્યાખ્યાનમાંથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૧૦. પરમ આર્હત્ કુમારપાળ મહારાજ

ચાલુકય રાજ્યનો પાયો મૂલરાજના હાથે નંખાયો સન ૯૪૧ માં. ગુજરાત જીતીને એણે પોતાની ગાદી અણહીલવાડ પાટણમાં સ્થાપી ત્યારથી સમૃદ્ધિમાં અને વિસ્તારમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી. એક સમયે હિંદુકુશની ડુંગરાળ ભૂમિથી માંડી મહારાષ્ટ્રના મેદાન પર્યંત એની હકુમત પથરાઈ હતી. કલ્યાણના સામંતો, સૌરાષ્ટ્રના રાજાઓ, ચિતોડનો રાવળ, સપાદલક્ષનો રાવ, માળવા અને મારવાડના રાજવીઓ એ સૌ અણહીલવાડના મહારાજ્ય જોડે નિકટ સંબંધ રાખતા અને ખંડણી ભરતા. ભીમ પહેલાના રાજ્યમાં સન ૧૦૨૪ માં મહમદ ગીઝનીએ ગુજરાત પર ચઢાઈ કરી સોમનાથનું મંદિર તોડયું અને પાટણ લૂંટયું ત્યારે જે જબરી લૂંટ એના હાથમાં આવી અને એ સંબંધમાં ઇતિહાસકારોએ જે નોંધ લીધી છે એ જોતાં અણહીલવાડના વ્યાપારી કેન્દ્ર તરીકેના મહત્ત્વનો અને પ્રજાની ધનસંપત્તિનો ખ્યાલ આવે છે. યુરોપમાં જે સ્થાન વેનીસ (Venice) ભોગવતું તે ભારતવર્ષમાં અણહીલપુરપાટણનું હતું. મહમદ ગીઝનીની ચઢાઈએ જે ફટકો માર્યો હતો તે જોતજોતામાં ભૂતકાળનો વિષય બન્યો અને મહારાજા કુમારપાળના સમયમાં પુનઃ એક વાર ગુજરાતનું આ પાટનગર સમૃદ્ધિના શિખરે પહોંચ્યું. ગુજરાતની પડતી મહારાજા કુમારપાળની અહિંસાને આભારી નથી. ઊલટું એ સમયે તો ગુજરાત સર્વ

---

કુંવરજીની વંશાવળી તરફ નજર માંડતા નીચે મુજબ ક્રમ જણાય છે. ઓસવાળ જ્ઞાતિના મંત્રી ભીમના વંશમાં, મંત્રી ચાંપા થયો. શ્રી સુહવદે. તેમનો પુત્ર મહીપતિ નામનો એ પણ મંત્રી થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતે સંપત્તિશાળી હતું. એ પ્રતાપી પુરુષના પછી જે રાજાઓ થયા અને એમનામાં રાજવી તરીકે હોવું જોઇએ એ ખમીર ન દેખાયું તેથી જ પડતીનાં પગરણ મંડાયા. ચાલુકય વંશનો છેલ્લો રાજા ત્રિભુવનપાળ માત્ર નામનો જ રાજા હતો. વહીવટી તંત્રની કુલ લગામ ધોળકાના વાઘેલાવંશી અધિકારી વીશળદેવના હાથમાં હતી. સન ૧૨૪૩. તેના વંશજોએ સન ૧૨૯૮ સુધી એ ટકાવી રાખી. એનો અંત બ્રાહ્મણ દીવાન માધવના હાથે દીલ્હીના બાદશાહ અલાઉદ્દીને મોકલેલા સરદારો ઉલઘખાન અને નસરત-ખાનની ચઢાઇથી આવ્યો. વિલાસી રાજવી કરણઘેલો હારીને નાસી ગયો અને એની રૂપવતી દીકરી દેવળદેવી શત્રુના હાથમાં સપડાઇ, દીલ્હીના દરબારમાં પહોંચી એ ઇતિહાસકારોથી અજાણ્યું નથી. સન ૧૧૪૩ માં સિદ્ધરાજ જયસિંહનું મરણ થયું અને એની ગાદીએ રાજવી કુમારપાળ બેઠા. એમના રાજ્યકાળમાં ચાલુકયવંશ પૂર્ણ ઋદ્ધિ-સિદ્ધિએ પહોંચ્યો અર્થાત્ સામ્રાજ્યનો વિસ્તાર સવિશેષ થયો. તેમજ સર્વત્ર સુલેહ અને શાંતિ સુપ્રમાણમાં ચાલુ રહી. અલબત્ત, શરૂઆતમાં થોડા લડાઇના પ્રસંગો બનેલા છે છતાં એ વેળાએ મહારાજા કુમારપાળે અપ્રતિમ શૌર્ય દાખવી જયશ્રી પોતાના તરફ વાળી હતી.

'કુમારપાળપ્રબંધ' પ્રમાણે ઉત્તરમાં તુરૂષ્ક અથવા તુર્કના પ્રદેશ પર્યંત, પૂર્વમાં પવિત્ર ગંગાના કાંઠા પર્યંત, દક્ષિણમાં વિંધ્યગિરિની હારમાળા સુધી અને પશ્ચિમ દિશામાં મહાનદી સિંધુ સુધી રાજ્યની હદ વિસ્તરેલી હતી.

એક નિષ્ણાત શોધક કહે છે કે—'મહારાજા કુમારપાળની એક મહાન રાજવી અને વિજેતા તરીકે જે કીર્તિ વિસ્તરેલી છે એ જોતાં જે ઐતિહાસિક સાધનો ઉપલબ્ધ થયાં છે તે અધૂરાં અને અપૂર્ણ છે. એ સંબંધમાં શોધખોળ ચાલુ રાખવી ઘટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને એમ કરવામાં આવતાં મને ખાત્રી છે કે-એવી સામગ્રી અવશ્ય પ્રાપ્ત થશે કે જે બતાવી આપશે કે આ રાજવીની શક્તિ કેવી આશ્ચર્યકારી હતી; અને કીર્તિ દૂર દેશ પર્યંત પથરાએલી હતી.'

કુમારપાળ સન ૧૦૯૩ માં દધિસ્થલી ( દેથલી ) મુકામે જન્મ્યા હતા. મેરુતુંગાચાર્ય કે જેમણે સન ૧૩૦૪ માં ચરિત્રની રચના કરી હતી તે જણાવે છે કે-તેમના દાદા હરિપાળ એ ભીમ પહેલાની રાણી ચૌલાદેવીથી થએલા સંતાન હતા. હરિપાળના પુત્ર અને કુમારપાળના પિતા ત્રિભુવનપાળ થયા જે કાશ્મીરા દેવીને પરણ્યા હતા. તેમને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ હતી. પુત્રોમાં કુમારપાળ મુખ્ય થયા જ્યારે પુત્રી પ્રેમાળદેવીને જયસિંહ સિદ્ધરાજના સેનાપતિ કાન્હડદેવની સાથે પરણાવવામાં આવેલી અને પુત્રી દેવળ સપાદલક્ષના રાજા કે જેની રાજ્યધાનીનું મુખ્ય શહેર શાકંભરી-સંભર હતું તે અર્ણોરાજને આપવામાં આવી હતી.

સિદ્ધરાજ જયસિંહને ગાદીવારસ ન હોવાથી એમના પછી પાટણની ગાદી પર ત્રિભુવનપાળ અને તેમના પુત્રોનો હક્ક હતો છતાં આમ થવા દેવાની મરજી સિદ્ધરાજની ન હોવાથી મંત્રી ઉદયનના પુત્ર ચાહડને પોતાની પછી આવનાર ગાદીવારસ તરીકે જાહેર કર્યો અને એના માર્ગમાં કાંટા ઊભા ન થવા પામે એ સારુ ત્રિભુવનપાળનું ખૂન કરાવ્યું. આ બનાવે ચાલાક કુમારપાળની આંખો ઊઘાડી નાંખી. પિતા પછી સિદ્ધરાજની ખૂની નજર પોતા પ્રતિ વળવાની એ વાત તે સમજી ગયો અને તેથી અણહીલપુર પાટણની હદ છોડીને દૂર ચાલ્યો ગયો. એણે ઘણા વર્ષો સુધી જુદા જુદા દેશોમાં ભ્રમણ કર્યું અને જાત-જાતના અનુભવો મેળવ્યા. એક વેળા છુપા વેશે પાટણમાં શું બની રહ્યું છે તે જાણવા આવ્યો. જાસુસ મારફતે આ વાતની સિદ્ધરાજને જાણ થઇ તરત જ કુમારપાળને પકડી લાવવા માણસો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દોડાવ્યા. આ વેળા કુમારપાળને શરૂમાં અલીગ કુંભારની અને પાછળથી ખંભાતમાં પ્રભાવિક આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરિની મદદ ન મળી હોત તો એનું જીવન મરણભયના કાંઠે હતું.

ભાગ્યેજ ઇતિહાસનો કોઇપણ અભ્યાસી આ બધા બનાવો જે રીતે બન્યા છે તેનાથી અજ્ઞાત હશે. એ ઉપરથી અનુમાન કરી શકાય તેમ છે કે એક જબરા મહારાજા સામે ભાવી ગાદીવારસ કુમારપાળને પોતાની જાતને છુપાવીને કેટકેટલી ચાતુરાઇથી માર્ગ કાઢવો પડ્યો છે અને કેવા કેવા દારૂણ ને હૃદય હચમચાવે એવા સંયોગોનો સામનો કરવો પડ્યો છે.

કુમારપાળ જ્યારે ખંભાતમાં હેમચંદ્રસૂરિને મળે છે ત્યારે તે એટલી હદે નિરાશ બની જાય છે અને બોલે છે કે–આટઆટલી રખડપટ્ટી વેઠ્યા છતાં ગાદી મળે તેવી નિશાની જણાતી નથી તો એ આશા પર પૂળો મૂકી શા સારુ જીવનનો અંત ન આણવો? પણ એ વેળા હેમચંદ્રસૂરિ મહારાજ પોતે છાતી ઠોકીને ભવિષ્ય કહે છે અને પાટણની ગાદી મળશે જ એવી ખાત્રી આપે છે. વળી ધીરજ આપી જણાવે છે કે–ઘણાં વર્ષો દુઃખ સહન કર્યું ત્યારે થોડા સારુ હિંમત ન હાર. ત્યાંથી નીકળી તે ઉજ્જૈન તરફ સીધાવે છે. એ વેળા આચાર્યશ્રીના શબ્દો પર એને પૂરો વિશ્વાસ પણ બેસતો નથી. ક્ષત્રિયનું બીજ હોવા છતાં અત્યારસુધી જે હાડમારીઓ ભોગવવી પડી હતી અને સિદ્ધરાજના લાંબા રાજ્યકાળથી તેમજ એની ખફગીથી બચવા સારુ જે રીતે ભટકવું પડયું હતું અને કપરા સંજોગોનો સામનો કરવો પડયો હતો એ ભલભલાને નિરાશ અને નાશીપાસ બનાવે તેવાં હતાં તેથી જ તે નિરાશાની ઊંડી ખાઇમાં ઉતરી પડયો હતો. આમ એક તરફ આશાનું અંતિમ બિંદુ આવી ચૂકયું હતું ત્યાં રણમાં જેમ તૃષાતુર મુસાફરને મીઠા પાણીનું સરોવર દૃષ્ટિગોચર થાય તેમ કુમારપાળને શ્રી હેમચંદ્રસૂરિનો મેળાપ થયો; એટલું જ નહી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ એમની કૃપાથી અભયદાન મળ્યું. નહિ તો મંત્રી ઉદયન સિદ્ધરાજની અકૃગી વહોરી આ કાર્યમાં પડત જ નહી. વિશેષતા તો 'સૂરિમહારાજ તરફથી નજીકમાં જ રાજ્યગાદી મળશે અને હાડમારીનો અંત આવશે માટે નિરાશ થવાની અગત્ય નથી' એવી આગાહીની હતી. કેવળ પરમાર્થ દૃષ્ટિથી અપાએલ આ સહાય જ—કોઇ પણ જાતના સ્વાર્થી હેતુ વગર માત્ર કરુણાના દૃષ્ટિબિંદુથી કરવામાં આવેલ આ કૃપા જ—ભવિષ્યમાં કુમારપાળના ધાર્મિક જીવનમાં પલટો આણનાર નીવડી.

કુમારપાળ ઉજ્જૈનમાં થોડા સમય સુધી રહ્યો ત્યાં તો ખબર આવ્યા કે સિદ્ધરાજનું અવસાન થયું છે એટલે સીધો તે અણહીલપુર પાટણ આવી પહોંચ્યો. માર્ગમાં જ એને આચાર્યશ્રીએ ભાખેલ ભવિષ્યની સત્યતા માટે ખાત્રી થઇ ચૂકી. એણે એ વેળા મનમાં એ મહાન પ્રભાવિક સંતને પોતાના ભાવી જીવનમાં એક માર્ગદર્શક ગુરુ તરીકે સ્થાપવાની ગાંઠ વાળી. કુમારપાળે પોતાનો શિવધર્મ છોડી જૈનધર્મ કેમ સ્વીકાર્યો એના અન્ય કારણોમાં ઉપરનો બનાવ અગ્રસ્થાન ભોગવે છે. વ્યક્તિના જીવનમાં કોઇ ને કોઇ પળ એવી આવી જાય છે કે જે વેળાના સંજોગોની અસર એટલી ભારે થાય છે કે એનાવડે જીવનપલટો થતાં વાર લાગતી નથી.

કુમારપાળ રાજગાદીએ બેઠા પછી કેટલાક સમય સુધી હેમચંદ્રસૂરિવાળો પ્રસંગ વીસરી ગયો. એમના :સિવાય બીજા જે જે માણસોએ ઉપકાર કર્યા હતા તે સર્વને યાદ કરી તેમને ભેટ–ઇનામથી નવાજ્યા. ઉદયનના પુત્ર વાગ્ભટને મુખ્ય સચિવ બનાવ્યો. ત્યાર પછીનો સમય આંતરિક અસંતોષને અને પાડોશના રાજાઓના વિરોધને શમાવવામાં ગયો. ખુદ પોતાના દરબારના સામંતોમાં જ કાવત્રું ગોઠવાએલું હતું. ગાદીએ બેઠો ત્યારે કુમારપાળની વય પચાસ વર્ષની હતી. તેના અધિકારીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ વૃદ્ધ રાજવીને પોતાની મોરલીએ નચાવવા માંગતા હતા. ખુદ કાન્હડદેવ તો એમજ માનતો હતો કે પોતાની સહાય વિના પોતાનો આ સાળો રાજા થઈ શકત નહીં એટલે ઘણીવાર અપમાન પણ કરી બેસતો ! કુમારપાળ જેવો પ્રતાપી ક્ષત્રિય જેણે જિંદગીનો ઘણો સમય જુદાજુદા દેશોમાં ભ્રમણ કરવામાં ગાળ્યો હતો અને નવા નવા અનુભવ મેળવ્યા હતા એ આમ કેવી રીતે ચલાવી લે ?

'No wonder that a man of his experience, should insist upon looking himself into the affairs of realm and allow no one to arrogate his authority.'

ગ્રંથકારના ઉપરના શબ્દોમાં મહારાજા કુમારપાળની શક્તિ વિષેનો સુંદર ઈશારો છે જે સંબંધે હવે પછી ટૂંકમાં જોઈશું.

પાટણની ગાદી કુમારપાળને મળી તેથી સિદ્ધરાજે દત્તક તરીકે સ્વીકારેલ ઉદયનનો પુત્ર ચાહડ નિરાશ થઇ પોતાના સંબંધીઓના પણ ટેકાનો અભાવ જોઇ, અણહીલવાડને ત્યજી દઈ, સપાદલક્ષના રાજવી અર્ણોરાજની પાસે ગયો. એ રાજાએ એને પોતાના દરબારમાં માનવંતો હોદ્દો આપી, એના કારણને પોતાનું બનાવ્યું, અર્થાત્ મહારાજા કુમારપાળ સાથે વેર બાંધ્યું. કુમારપાળના સૈન્યમાં અસંતોષ પેદા કરવાના ચિત્રવિચિત્ર ઉપાયો આદર્યા અને પૈસાની રૂસ્વતથી તેમને જીત્યા. પછી ઊંચા અધિકાર આપવાની લાલચથી રાજવી કુમારપાળના કેટલાક સરદારોને ફોડી પોતાની બાજુમાં ખેંચ્યા. આ જાતના દાવ નાખ્યા પછી જબરું લશ્કર લઈને ગુજરાતની સરહદ પર તે ચઢી આવ્યો.

આમ શરૂઆતમાં જ મહારાજા કુમારપાળની કસોટીની પળ આવી ચૂકી. જેવી દીલ્હીપતિ બાદશાહ અકબરની દશા ગાદી-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નશીન થતાં થઈ હતી તેવી જ કુમારપાળની થઈ! અકબરને જેમ બહેરામખાન જેવા નિષ્ણાત સરદારને તેની અસભ્ય અને ઘાતકી વર્તણુકથી ગુમાવવો પડચો હતો અને દરબારના કેટલાક ઉમરાવો અન્યમનસ્ક થઈ બેઠા હતા તેમ કુમારપાળને પણ આ વેળા રાજ્યપ્રાપ્તિમાં પૂર્ણ સહાય દેનાર પોતાના બનેવી કાન્હડદેવને મગરૂબી અને તોછડાઇ યુક્ત વર્ત્તણુકને લીધે ગુમાવવો પડયો હતો અને ઉપર કહી ગયા તેમ સૈન્યમાંના કેટલાક સરદારોનો અસંતોષ વહોરવો પડયો હતો. તે પોતે સારી રીતે જાણતો હતો કે પોતાના સૈન્યનો કેટલોક ભાગ કુટમાં ભળ્યો હતો, આમ છતાં તેણે હીંમત ન ગુમાવતાં વ્યૂહની રચનામાં જાતે ભાગ લીધો અને અર્ણોરાજને સખત હાર આપી. ઇતિહાસકાર કહે છે કે—Kumarpal with his superior generalship and hero-boldness managed to defeat the enemy and inflict heavy loss on him.

અર્ણોરાજ અને ચાહડ કેદી તરીકે પકડાયા. ઉદારદિલ રાજવીએ અર્ણોરાજ પાસે માફી મંગાવી તેને પોતાના રાજ્યમાં પાછો જવા દીધો અને ચાહડને માફી મંગાવી દરબારમાં માનભર્યો હોદ્દો આપ્યો. આમ કુમારપાળે પોતાની વીરતાના જોરે જયશ્રી મેળવી અને એક કાર્યકુશળ રાજવી તરીકે સુંદર છાપ બેસાડી. આમ છતાં એનો માર્ગ નિષ્કંટક નહોતો. એ જ્યારે અર્ણોરાજનો હુમલો હઠાવી રહ્યો હતો ત્યારે ચંદ્રાવતીના વિક્રમસિંહે તેને મારી નાખવાનું કાવત્રું યોજ્યું, પણ "પાપ છાપરે ચઢીને બોલે છે" એ ન્યાયે વખતસર એ વાતની જાણ થઇ ગઇ અને પાટણ માથે પડનારી મહાન આફત ટળી. આના પરિણામે વિક્રમસિંહની જાગીર ખુંચવી લેવાઈ અને તેના ભત્રીજા યશોધવળને સોંપાઈ.

પછીથી કુમારપાળે માળવાના 'બલાલ' ને જીતી ચિતોડગઢ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તાબે કર્યો, અને ઠેઠ પંજાબ સુધી પહોંચ્યો. ચિતોડનો તેના સાતસો ગામ સહિતનો આખોય પ્રદેશ અલીગને જાગીર તરીકે સુપ્રત કરવામાં આવ્યો. આ જીત ચિતોડગઢના લેખમાં વિ. સં. ૧૨૦૭ ઇ. સન ૧૧૫૦ માં નોંધાઇ છે. કુમારપાળના કેટલાક બિરૂદોમાં એક અવંતીનાથનું બિરૂદ ગણાય છે જેનો અર્થ માળવાનો સ્વામી એવો થાય છે તે ઉપરના બનાવને આભારી છે.

આ દરમીયાન સપાદલક્ષમાં ફરી સળવળાટ ઉદ્‌ભવ્યો એટલે એમાંથી પરવારતાં જ કુમારપાળને પોતાની નજર એ તરફ વાળવી પડી. ખુદ ચાહડની સરદારી હેઠળ મોટું સૈન્ય મોકલવામાં આવ્યું. એણે સપાદલક્ષના બંભેરા નામના શહેર પર હુમલો કરી શત્રુને સખત પરાજય પમાડ્યો અને ચાલુક્ય રાજવીની મહત્તા સ્થાપી. આ યુદ્ધમાં પુષ્કળ દ્રવ્યસામગ્રી હાથ આવી.

ઇ. સન ૧૧૫૦ લગભગ કુમારપાળને પોતાના બનેવી અર્ણોરાજ સાથે કલહ જન્મ્યો. રાજાએ પાસાબાજીની રમત રમતાં કુમારપાળની ભગિની રાણી દેવળદેવીનું અપમાન કર્યું. રાણી રીસાઇને પોતાના ભાઇને ઘેર ચાલી આવી. કુમારપાળે આ અપમાનનો બદલો સખત હાથે લીધો અને અર્ણોરાજને રમતમાં એણે કર્યું હતું એવું ધાર્મિક ઉદ્દેશને લગતું અપમાન પુનઃ કરે નહી એ સારૂ શિકસ્ત આપી બોધપાઠ શીખવ્યો. પછી તેને રાજ્ય પાછું આપી પોતાના ખંડીયા રાજા તરીકે કાયમ કર્યો.

ઇ. સન ૧૧૫૬ ના અરસામાં એણે પોતાનું ધ્યાન ઉત્તર કોંકણ જીતવા તરફ દોર્યું. આંબડને મોટું સૈન્ય આપી તે તરફ મોકલ્યો. જ્યારે લશ્કર ‘ કાલવીની ’ ઓળંગતું હતું ત્યારે પાછળથી આવી ઉત્તર કોંકણના સ્વામી મલ્લિકાર્જુને સખ્ત છાપો માર્યો અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આંબડને ઘેરી વળ્યો. આમ હારના સમાચાર મળ્યા છતાં રાજા કુમારપાળે ગભરાયા સિવાય સખ્ત તૈયારી આદરી અને થોડા જ સમયમાં પુનઃ આંબડની સરદારી હેઠળ જબરું સૈન્ય મોકલ્યું. આ વેળા ચાલુકયોનો વિજય થયો. હાથોહાથની લડાઈમાં મલ્લિકાર્જુનને કેદી બનાવવામાં આવ્યો અને ઉત્તર કોંકણને ખંડિયા રાજ્ય તરીકે અણહીલવાડ સાથે જોડવામાં આવ્યું.

આમ કુમારપાળનો રાજ્યગાદી ઉપર આવ્યાનો શરૂઆતનો કાળ લડાઈઓ જીતવામાં અને પોતાનામાં રહેલ ક્ષાત્રતેજનો અને વીરતાનો પરચો બતાવવામાં વ્યતીત થયો છે. એ વખતે સ્થંભતીર્થમાં શ્રીમદ્ હેમચંદ્રસૂરિ પાસે ઉચ્ચારેલ વચનો યાદ સરખાં આવ્યા નથી! અલબત એટલું સાચું છે કે રાજ્ય મળતાં પૂર્વેની સ્થિતિ યાદ કરી પૂર્વકાળના ઉપગારીઓને તેણે નવાજ્યા એ વેળા શ્રી ઉદયન મંત્રીને અને તેમના પુત્ર આંબડને એ નથી જ ભૂલ્યો. એક રીતે કહીએ તો પ્રસંગ જ એવા બની રહ્યા હતા કે જે વેળા રાજવીને શ્રી હેમચંદ્રસૂરિ સાથે ધર્મચર્ચા કરવાનો યોગ જ ન મળે! આમ છતાં એના હૃદયમાં દયાએ જે સ્થાન પ્રાપ્ત કર્યું હતું તે છુપું નથી રહી શકયું. વિજયપ્રાપ્તિ પછી એ જે જાતનું વર્તન ચલાવતો હતો અને જીતાએલી પ્રજા સાથે જે રીતે વર્તતો હતો એ પરથી સહજ પૂરવાર થાય છે કે એ ઉદારદિલ રાજા હતો. રાજાનો પોતાનો ધર્મ શૈવ હતો એ વાત પ્રબંધકાર ને ચરિત્રલેખક જૈન આચાર્યો પણ પોતાના હાથે લખે છે પણ પાછળથી રાજ્યમાં નોંધ લેવા લાયક શાંતિ પથરાય છે અને શ્રીમદ્ હેમચંદ્રસુરિ સાથેનો પરિચય વધે છે. તેમના ઉપદેશામૃતથી કુમારપાળના જીવનમાં પલટો થાય છે અને કારણયોગે પોતે જૈનધર્મ સ્વીકારે છે, એમાં વધુ રસ લે છે અને પ્રજાકલ્યાણના કાર્યો હાથ ધરે છે, એ પણ હવે પછી જોઈશું. એ સ્થિતિ થયા પછી જ એ **પરમ આર્હત્** તરીકે ઓળ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાય છે. અહીં એ વાતની યાદ આપીએ કે જેઓ ગુજરાતના પતનનો ટોપલો રાજા કુમારપાળની દયાને આભારી છે એમ કહેવા બહાર પડયા છે તેઓ કેવી ભીંત ભૂલ્યા છે એ ઉપરના વિજય ને યુદ્ધો પરથી સહજ સમજી શકાશે. શ્રીમદ્ હેમચંદ્રસૂરિના સહવાસથી કે જૈનધર્મના બોધથી કુમારપાળ રાજા જરૂર કૃપાપરાયણ અને પ્રજાપ્રેમી બન્યો છે. પણ તેથી તેનામાં કાયરતા આવી કિંવા ગુજરાતના પાટનગરને અધઃપતનના માર્ગે લઈ ગયો એ કહેવું તે માત્ર એક પ્રકારની ધૃષ્ટતા જ નથી પણ ઊઘાડી આંખે ઇતિહાસનું અજ્ઞાન સૂચવે છે, અને એથી સત્યનું ખૂન થાય છે. જેની નસોમાં સાચી દયા ઝળકતી હોય છે એ કાયર તો હોઈ શકે જ નહીં કારણ કે દયા દાખવવામાં ઓછા સત્વની જરૂર નથી પડતી. આત્મશક્તિના સાચા દર્શન જેને થાય છે એવા આત્માઓ જ અહિંસા જેવી વિરલ વસ્તુનો પૂર્ણપણે સાક્ષાત્કાર કરાવી શકે છે. સામાન્ય કક્ષાના માનવીનું એ ગજું નથી. દયાની ઠેકડી કરવી એ સહેલી વાત છે પણ એને સાચી રીતે પીછાનવી એ કપરું કાર્ય છે.

કુમારપાળના જીવનમાં પલટો થયો તે પૂર્વે એ શિવધર્મી હતો અને માંસ, મદિરા પણ વાપરતો. જ્યારથી એણે જૈન ધર્મના ચુસ્ત ઉપાસક એવા મંત્રીશ્વર ઉદયન અને તેમના પુત્રો આંબડ, વાહડ અને ચાહડ આદિનો ચડાઇ વેળા પૂર્ણ સહકાર સાધ્યો ત્યારથી એના મનમાં એ વિચારનો ઉદ્ભવ થઇ ચૂકયો હતો કે 'દયાધર્મી તરીકે ઓળખાતા અને જૈન ધર્મના ચુસ્ત ઉપાસક લેખાતા આ વણિકવીરો એક તરફ ધર્મનું પાલન પણ કરી શકે છે અને બીજી બાજુ સમય પ્રાપ્ત થયે પરાક્રમ બતાવી સમરાંગણ શોભાવે છે ત્યારે એ જૈનધર્મના તત્ત્વમાં કંઇ વિલક્ષણતા અવશ્ય હોવી જોઇએ. દયા અને શૂરવીરતાનો મેળ ન બેસે એમ કહેનારા જરૂર ભ્રમમાં છેઃ આ વિચારપ્રવાહમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્યારે એ પોતાના પૂર્વજીવન પ્રતિ દૃષ્ટિપાત કરતા ત્યારે એમને સ્પષ્ટ જણાતું કે પોતે સિદ્ધરાજના ભયથી ભ્રમણમાં હતો ત્યારે રાજવીનો ખોફ વહોરીને પણ જેમણે પોતાને સહાય કરી એમાં જૈનધર્મ પાળનાર વર્ગનો ફાળો અગ્રપદે આવે છે. સૌ સહાયકો-માં શ્રીમદ્ હેમચંદ્રસૂરિએ અપાવેલી સહાય મોખરે જણાતી, કારણ કે વર્ષોની અથડામણ અને હાડમારીમાં એ એટલી હદે નિરાશ થઇ ગયો હતો અને જીવન વેડફી દેવાની તૈયારીમાં હતો તેવી અણીની વેળાયે તે સહાય પ્રાપ્ત થઇ હતી.

નિષ્કારણ બંધુસમા આ મહાત્માની સહાય એના અંતરમાં એટલી હદે જડાઇ ગઇ હતી કે–એ ગમે તેવા સંજોગોમાં કાયમ-ને માટે ભૂલાઇ જાય તેમ હતું જ નહીં. રાજ્યાસન પર આવ્યા પછીના પ્રારંભના વર્ષો સ્થિર થવામાં ગયાં અને થોડાં સમય માટે શ્રી હેમચંદ્રસૂરિ વિસ્મૃતિનો વિષય થઇ ગયા છતાં શાંતિ સ્થપાતાં અને નિમિત્ત મળતાં જ ખંભાતના મેળાપની સ્મૃતિ તાજી બની અને તરત જ આચાર્ય મહારાજને બહુમાન-પૂર્વક અણહિલપુરપાટણમાં નિમંત્રવામાં આવ્યા. રાજવીનો ગુરુદેવ સાથેનો પરિચય વધી ગયો. દેશદેશના પાણી પીનાર અને હજારો ભિન્ન ભિન્ન પ્રકારના ભેજાંઓના પરિચયમાં આવનાર મહારાજા કુમારપાળ એટલો ભોટ ન હતો કે માત્ર આચાર્યશ્રીના કહેવાથી વંશઉતાર આવેલ શૈવધર્મને છોડી દે. તેમ આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરિ પણ આવા પ્રકારના ઉપર-છલ્લા પરિવર્તનમાં જૈનધર્મની પ્રભાવના માનતા નહોતા. વર્તમાનયુગના કેટલાક લેખકો " પિંડે તેવું બ્રહ્માંડે " કલ્પી લઇ શ્રીમદ્ હેમચંદ્રના જીવન ઉલ્લેખ સમયે મન-ગમતા વાઘા સજાવવાની ધૃષ્ટતા કરી ચૂકયા છે અને હજુ કર્યે રાખે છે ! પોતાના જેવી જ નબળાઇઓ એ વિરલ સંતમાં



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી એમ દર્શાવવા કલ્પનાના ઘોડાઓ દોડાવે છે! અરે, કલ્પિત પાત્રો સર્જી જે વસ્તુ બની નથી એવા વિષય પૂરી ચિત્રણ આલેખે છે અને ઐતિહાસિક પાત્રોને, એક ઉદાર અને ઉમદા ધર્મના જબરદસ્ત ને પ્રભાવિક આચાર્યને અને તેમના અનુયાયી એવા કીર્તિશાળી પ્રધાનોને મનકલ્પિત ગુંથણીઓદ્વારા એવા મિશ્રણમાં મૂકી દે છે કે જેથી સાચા ઇતિહાસનું તો ખૂન થાય છે જ પણ એ ઉપરાંત ઊગતી પ્રજામાં ચારિત્રશૈથિલ્યની ખોટી છાપ પડે છે. જે યુગમાં ભિન્નભિન્ન ધર્મી પ્રજાઓ વચ્ચે ગાઢ સંપર્ક સાધવાની ખાસ આવશ્યકતા છે તેવા બારીક સમયે આવા પ્રખર અને પ્રતાપી પુરુષો સામે ચેડા કાઢી અંતર વધારે છે!

કુમારપાળ રાજાને જૈનધર્મી બનાવવામાં જાણે શ્રી હેમચંદ્ર-સૂરિએ કોઇ મુસદ્દીગીરીના દાવ ન ફેંકયા હોય કિંવા ચાણકય નીતિનું અવલંબન ન ગ્રહ્યું હોય તેવો ભાસ ખડો કરે છે. કલ્પિત મંજરીના પ્રણેતા હજુ પોતાના મંતવ્યનું પૂર્ણપણે પ્રમાર્જન કરી નથી રહ્યા ત્યાં તો બીજા એક સાક્ષરે મહારાજા કુમારપાલના સંબંધમાં પરમ આર્હત્ કે પરમમાહેશ્વરનો વંટોળ ઊભો કર્યો છે! મનમાં ઘડીભર એ પ્રશ્ન ઊઠે છે કે-ઇતિહાસના નામે બડી બડી વાતો કરનારા આ સાક્ષરો સાચે જ સત્યના પક્ષપાતી છે કે કેવળ માની લીધેલા મંતવ્યના?

પ્રાસંગિક આટલી વિચારણા પછી મૂળ વાત પર આવતાં કહેવાનું કે-રાજવી અને ગુરુદેવની ચર્ચાઓમાં કંઇ કંઇ તત્ત્વો, કંઇ કંઇ ધર્મો અને જાતજાતના પ્રશ્નોની છૂટથી દલીલપુરસ્સર છણાવટ થઇ. એનો વિસ્તાર કરવાનું આ સ્થળ નથી. એ વાતની વાનગી પીરસતાં સંખ્યાબંધ પુસ્તકો ઉપલબ્ધ છે. એ પર ચઢેલા અતિશયોક્તિ કે સ્વધર્મપ્રશંસાના વધુ પડતા પડળો દૂર કરીને પણ જિજ્ઞાસુ નિતરું સત્ય શોધી શકે તેમ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એનું પરિણામ એ જ આવે છે કે માત્ર સૂરિમહારાજ પ્રત્યેનો ઉપકાર વાળવાના દૃષ્ટિબિન્દુથી પ્રેરાઇને નહીં, પણ જૈનધર્મના ઉમદા સિદ્ધાંત, એમાં સમાએલ ઉદાર ભાવ અને અહિંસામાં રહેલી અદ્ભુત શક્તિની પીછાન કર્યા પછી જ મહારાજા કુમારપાળે જૈન ધર્મ સ્વીકાર્યો. એ બધું કંઈ એક દિવસમાં નથી બની ગયું ! તેમ નથી તો એ સારુ શ્રી હેમચંદ્રસૂરિને કોઇ જાતની કુટિલતા ચલાવવાની કે કોઈ પ્રકારની ભૂરકી નાંખવાની જરૂર પડી. અલબત્ત, જૈન ધર્મના પ્રખર અભ્યાસી અને વિદ્વાન જ્ઞાતા તરીકે શ્રીમદ્ હેમચન્દ્રસૂરિએ જૈન ધર્મના તત્ત્વોનું, અહિંસા અને અનેકાંત જેવા તત્ત્વજ્ઞાનનું, આચરણમાં ઉતારવા જેવા શ્રાવકધર્મ ઉચિત બાર પ્રકારના વ્રતોનું વિસ્તારથી સ્વરૂપ સમજાવવા યોગ્ય પ્રયાસ સેવ્યો છે. પોતાનામાં રહેલી વિદ્વત્તાનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. જરૂર પડયે ચમત્કાર બતાવવા પણ ચૂકયા નથી. મહારાજા કુમારપાળે પણ એ બધામાં નવીન અભ્યાસક તરીકે પ્રવેશ કરી શ્રદ્ધાવંત આત્મા તરીકે એનો તાગ મેળવી પૂર્ણ જિજ્ઞાસુ તરીકે એ સર્વને પચાવી અંતે અંતરના ઉમળકાથી એનો સ્વીકાર કર્યો છે. એક પ્રબળ પ્રતાપી રાજવી તરીકે જે જે કાર્યો કર્યાનો ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે એમાં જૈનધર્મના ઝળહળતા સિદ્ધાંતની છાયા દૃષ્ટિગોચર થાય છે તેથી જ પરમાર્હતના બિરુદની પ્રાપ્તિ થાય છે. પાટણની ગાદી પર પૂર્વે થઇ ગએલા રાજાઓની કાર્યપ્રણાલીથી જુદી રીતે મહારાજા કુમારપાળે પ્રજાપાલન કર્યું અને જનતાનો ઉત્કર્ષ સાધ્યો. ઇતિહાસની નોંધ કહે છે તેમ સને ૧૧૫૯ માં તે પૂરેપૂરો જૈનધર્મી તરીકે પ્રકટ થયો અર્થાત્ શ્રાવકના બાર વ્રત તેણે ગ્રહણ કર્યાં. ત્યાર પછી બનારસના રાજા જયચંદ્ર પર તેના રાજ્યમાં ચાલતી હિંસા બંધ કરાવવાનું સૂચન કરવા સારુ પ્રતિનિધિમંડળ મોકલવાનો ઉલ્લેખ કુમારપાળ પ્રબંધમાં મળે છે. જૈનધર્મના અભ્યાસ અને પાલનથી તેમના જીવનમાં જે ફેરફાર થયા તેની નોંધ આ પ્રમાણે ટૂંકમાં લઈ શકાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહારાજા કુમારપાળે માંસભક્ષણ સદંતર છોડી દીધું અને મદિરાપાન ત્યજી દીધું એટલું જ નહી પણ સાતે વ્યસનોનો ત્યાગ કર્યો. પોતાના પાડોશી રાજ્યો સાથે સ્નેહસંબંધ વધાર્યો, નબળા રાજ્યોને ઘટતી મદદ આપી ઊભા રાખ્યાં અને ખાસ કારણ વિના કેવળ રાજ્યવિસ્તારના લોભથી કે પોતાના ગર્વને પોષવાની વૃત્તિથી લડાતી લડાઇઓ બંધ કરી. ફાંસી કે મૃત્યુ જેવી ભયંકર સજાઓ દૂર કરી. બળતણ પર અને ગાડા પર લેવાતા કરો રદ કર્યાં. રાજ્યમાં અપુત્રિયાનું ધન લેવાતું તે કાઢી નાખ્યું. દારૂબંધી સખ્ત રીતે કરી. જુગાર પર અંકુશ મૂકીને અટકાવ્યો અને દેશભરમાં અહિંસાનું વાતાવરણ પ્રગટાવ્યું.

આ જાતના સુધારાના મૂળ જૈનધર્મના સિદ્ધાંતોમાં મળી આવે છે. મહારાજા કુમારપાળના જીવન પર એ તત્ત્વજ્ઞાનની જે ઊંડી અસર પડી તે આપણને ઉપરના સુધારા જોવાથી મળી આવે છે. એ સુધારણાના પ્રતાપે જ રાજવીને 'પરમઆર્હત્'નું બિરુદ પ્રાપ્ત થયું. અર્હત્ પ્રભુના અનુયાયીમાં સાધુ અને શ્રાવકો અને એ વર્ગ અંતર્ગત સાધ્વી અને શ્રાવિકાઓનો સમાવેશ થાય છે. અને એ ગણમાં જે વ્યક્તિના કાર્યો ધર્મની શોભામાં વૃદ્ધિ કરનાર હોય છે તે પરમ અને અગ્રેસર મનાય છે. આમ એ બિરુદ પાછળ જે ભાવ સમાએલો છે તેનો જૈનેતર લેખકોએ વિચાર કરવાનો છે.

આપણે જોઈ ગયા કે જૈનેતર લેખકોમાંના કેટલાક માને છે તેમ રાજવી કુમારપાળ પાછળની જિંદગીમાં પરમમાહેશ્વર નહોતા પણ પરમ આર્હત્ જ હતા. તે જૈનધર્મને ચુસ્તપણે પાળનાર છતાં અન્ય ધર્મો પ્રતિ સમભાવધારી હતા કેમકે જૈનધર્મમાં ધર્માંધતા કે ધર્મઝનૂન કેળવવાનું કહ્યું જ નથી. બાર વ્રતો ગ્રહણ કર્યા પછી મહારાજા કુમારપાળને "Master of the Order" યાને સંઘપતિ થવાની અભિલાષા ઉદ્ભવી. શ્રીમદ્ હેમચંદ્રસૂરિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાથે એ સંબંધમાં વિચારણા કર્યા પછી શત્રુંજયનો સંઘ લઇ જવાનું ચોક્કસ થયું. છ 'રી' પાળતા આ સંઘમાં રાજવી સાથે મિત્રો અને સ્વજનો, મંત્રીઓ અને વેપારીઓ, સાધુ અને સાધ્વીઓ સારી સંખ્યામાં જોડાયા હતા. અત્રે મહારાજા કુમારપાળનું આખું ચરિત્ર આલેખવાનો ઉદ્દેશ ન હોવાથી તેમજ એ વસ્તુના જિજ્ઞાસુઓ માટે સંખ્યાબંધ ચરિત્રો, પ્રબંધો અને રાસાઓ મોજુદ હોવાથી એટલું કહેવું કાફી છે કે–કાઠીયાવાડમાં આવેલ બે મહાન તીર્થો શ્રી શત્રુંજય અને રૈવતાચળ રમણીય પ્રાસાદોથી અલંકૃત છે અને એમાં મહારાજા કુમારપાળના દેવાલયો તરીકે ખ્યાતિ ધરાવતા જે પ્રાસાદો આજે પણ ખડા છે એ સર્વ ઉક્ત સંઘ વેળા ખરચેલી પુષ્કળ લક્ષ્મીને આભારી છે. ભારતવર્ષના જુદાજુદા ભાગોમાં ઘણાખરા પ્રાચીન અને શિલ્પકળાના સુંદર નમૂનારૂપ જે રમણીય દેવપ્રાસાદો આજે દૃષ્ટિગોચર થાય છે એની બાંધણીમાં મુખ્ય ભાગ ભજવનાર તરીકે બે મહારાજાઓનાં નામ અગ્રપદે આવે છે. ક્યાં તો અશોકપૌત્ર સંપ્રતિ મહારાજ અને ક્યાં તો મહારાજા કુમારપાળ. એ ઉભય ઉપર વર્ણવેલાં દેવગૃહોના નિર્માતા ગણાય છે. મહારાજા કુમારપાળે ૧૪૪૦ નવીન જિનપ્રાસાદો બંધાવ્યા હતા અને ૧૬૦૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અણહીલપુરપાટણમાં શ્રી નેમિનાથ ભગવાનનો મનોહર પ્રાસાદ બંધાવ્યો અને પોતાના સ્વર્ગસ્થ પિતાની યાદમાં એને 'ત્રિભુવનવિહાર'નું નામ આપવામાં આવ્યું. આવી જ રીતે જુદાજુદા હેતુઓને આશ્રયી કરંબવિહાર, મૂષકવિહાર અને યૂકાવિહાર બંધાવ્યાની નોંધ મળે છે.

કેટલાક લેખકો જૈનધર્મ, જૈનધર્મના કાનૂનો કે એનાં તત્વો પૂરા સમજ્યા વગર કે એ સંબંધમાં જાણકારને પૂછ્યા વિના કેવળ કર્ણોપકર્ણ સાંભળેલી વાતોથી કે ભારતવર્ષની સંસ્કૃતિથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અજાણ્યા એવા કેટલાક આંગ્લ લેખકોના સંગ્રહિત કરેલા ઉતારાઓ ઉપરથી જરા પણ બુદ્ધિ વાપર્યા સિવાય, મનમાન્યું ચિત્રણ કરવા મંડી જાય છે અને એ રીતે ઇતિહાસને હાનિ પહોંચાડે છે એટલુંજ નહી પણ જનતામાં ખોટો ભ્રમ પેદા કરે છે. ઐતિહાસિક બાબતોમાં આ જાતની ઉતાવળ કરવી કે મનમાન્યા અનુમાનો દોરી આગળ વધવું એ બીલકુલ વ્યાજબી નથી. એવા આચરણથી તો ઊગતી પ્રજાના માનસ ખોટે માર્ગે વળે છે અને જે ઇતિહાસ એમાં સાહસિકતા અને શૌર્યતાના પ્રાણવાયુ પૂરનાર તરીકે સ્હાયભૂત બનનાર હોય છે તે કેવળ શંકાના વમળો અને વિસંવાદ પ્રગટાવે છે. યૂકાવિહાર પાછળની જનવાયકા જોઇએ છે ત્યારે વાત તદ્દન નાની જણાય છે. મહારાજા કુમારપાળે પોતાના રાજ્યમાં નાના કે મોટા કોઇપણ જીવનો ઘાત ન થાય એવો પ્રબંધ કરી અહિંસાનો વિજયધ્વજ ફરકાવ્યો હતો. વાતાવરણ એટલી હદે અહિંસામય બનાવ્યું હતું કે કોઈ વ્યક્તિ જીવ-વધ તો ન્હોતી કરી શકતી પણ સોગટાબાજી રમતા સોગઠી '**મારી**' એવો શબ્દપ્રયોગ પણ ભૂલી ગઇ હતી. જે સમયમાં આ સ્થિતિ પ્રવર્તતી હતી તે સમયમાં એક વણિકે ઇરાદાપૂર્વક એક જૂને મારી નાંખી અને ઉપરથી અહિંસા જેવા ઉમદા તત્ત્વની ઠેકડી કરી! એક રાજા આ જાતના વર્તનને મૂકપણે ચલાવી લ્યે તો જે વાતાવરણ તૈયાર કર્યું હતું એ જોતજોતામાં નાશ પામી જાય અને કાનૂનપાલન પ્રતિ જનતાનું સ્હેજે દુર્લક્ષ્ય થાય એટલે દાખલો બેસાડવા સારૂ ફરીથી કોઇ એવું કામ કરવાની હામ ન ભીડે એવી છાપ પાડવા માટે એ વણિકને એક વિહાર બંધાવવાની આજ્ઞા કરી. વિહાર જોતાંજ પેલી વાત સ્મૃતિમાં તાજી થાય અને રભસવૃત્તિએ થતાં આચરણ પર સ્હેજે અંકુશ મુકાય. આવા શુદ્ધ હેતુથી થએલ કાર્ય પર એક મરાઠી પત્રે કાગનો વાઘ બનાવી મૂક્યો! સમજુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્ગ તો આવા કલમબાજોથી નથી છેતરાતો પણ વાચકના વિશાળ સમુદાયમાં પહેલી તકે ખોટી છાપ બેસે છે એ તો ઊઘાડી બાબત છે જ. લેખકે એટલો વિચાર કરવો જોઇએ કે જે ધર્મ એક કીડીને પણ ઈજા કરવાની ના પાડે છે તે ધર્મ મનુષ્યવધ કરવાની રજા આપે ખરો ? એ ધર્મના એક વિદ્વાન આચાર્ય પોતાની સામે એ થવા પણ દે ? આજે જૈનોને જે દુઃખ જન્માવે છે તે આ જ વસ્તુ છે કે જૈનેતર સાક્ષરોમાંના કેટલાક અને ઘણાખરા લેખકો અધૂરા અભ્યાસે કે ચિરકાળસેવિત અસૂયાના ઉકળાટે ઘણાખરા પ્રસંગોમાં જૈનોને ન્યાય આપતા નથી. એમના રૂંવાડા ખડા કરે તેવી વાતો વગરવિચાર્યે લખી મારે છે.

મહારાજા કુમારપાળે ખંભાતમાં પણ જે સ્થળે આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રની આશાપ્રેરક મુલાકાત થઈ હતી એ સ્થાનનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી સોમનાથ મહાદેવના જીર્ણ પ્રાસાદનો ઉદ્ધાર શ્રી ગૌડબૃહસ્પતિની સૂચના અને શ્રી હેમચંદ્ર સૂરિના ટેકાથી કરાવ્યો. આ ઉદ્ધારના કાર્યથી એક જૈનેતર મહાશય એમ લખી રહ્યા છે કે–કુમારપાળ પરમમાહેશ્વર હતો. તે ભૂલી જાય છે કે જૈનો કે જૈનધર્મી રાજાઓ ઘણાખરા સમભાવવાસિત હૃદયના હોય છે અને પોતાના જૈનધર્મ પર પૂર્ણ શ્રદ્ધા સેવવા છતાં અન્ય ધર્મની નિંદા હરગીજ કરતા નથી. ધર્મસ્થાનો ભલેને હરકોઇ ધર્મના હોય છતાં એની મરામતમાં વિના રોકટોકે દ્રવ્ય વાપરે છે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે ચુસ્ત જૈનધર્મી એવા મંત્રીશ્વર વસ્તુપાળે મક્કાની મસીદમાં આરસનું તોરણ ભેટ કર્યું હતું. ધર્મનો રંગ એ કંઇ ઉપરછલ્લો નથી હોઇ શકતો. એ પાછળ તો સાચા હૃદયના બહુમાન જરૂરી છે. કુમારપાળ મહારાજા પરમ મહેશ્વર કહેવાય કે પરમ આર્હત કહેવાય એ કાંઇ મોટો પ્રશ્ન નથી. સવાલ ખડો થાય છે તે એ છે કે–જે જાતના જીવન જીવ્યાના પુરાવા મળે છે, જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાતની કાર્યવાહી એમના તરફથી કરવામાં આવી છે, અને જે કીંમતી સંભારણાં તેઓ મૂકતા ગયા છે, એ બધાનો નિષ્પક્ષપણે વિચાર કરવામાં આવે તો એમાંથી એક જ સાર તારવી શકાય છે કે રાજવી કુમારપાળનો બાપિકો ધર્મ શૈવ હોવા છતાં તેમનું હૃદય જૈનધર્મના ઉમદા સિદ્ધાંતોથી સંપૂર્ણપણે ઓતપ્રોત થઇ ગયું હતું. તેઓ જૈનધર્મના ચુસ્ત અનુયાયી તરીકે જીવ્યા અને એ ધર્મના પાલનથી આત્મશ્રેય સાધ્યું.

મારવાડમાં આવેલ જાલોર દુર્ગમાં બૃહત્ ગચ્છના શ્રી દેવચંદ્રાચાર્યના ઉપદેશથી કુમારવિહાર નામા રમણિય દેવમંદિર બંધાવ્યું. એ ઉપરાંત રાજવીએ દવાખાના અને આરોગ્યમંદિરો ઊભા કર્યાં, જ્યાં દર્દીઓને દવા તેમજ આરામ સહજ પ્રાપ્ત થઇ શકતા હતા. અનાથાશ્રમો પણ સ્થાપ્યા હતા જ્યાં દીન-દુઃખી અને અપંગોને ખોરાક અપાતો હતો. આ સિવાય ધર્મ-ક્રિયા અંગે પૌષધશાળા અને ઉપાશ્રય બંધાવ્યા હતા.

એ ગાદી પર બેઠો ત્યારે સમ્રાટ્ અકબર માફક નિરક્ષર હતો પણ કપર્દી મંત્રીની સૂચના અને શ્રીમદ્ હેમચંદ્રસૂરિના સતત્ પરિચયથી તેમજ જ્ઞાન મેળવવાની તીવ્ર ઉત્કંઠાથી થોડા સમયમાં તે અભ્યાસમાં એટલો આગળ વધ્યો કે જેથી માત્ર લખતાં-વાંચતા જ નહીં પણ કવિતાઓ રચતા અને એ ઉપર ટીકા ટીપ્પણ કરતાં આવડી ગયું. વળી તે વિદ્વાનોની સભામાં છૂટથી ભાગ લેતો થઇ ગયો.

**The poet, the pandit and the priest all frequented his court and were freely and liberally patronised by him.** શ્રીયુત્ U. S. Tankનું ઉપરનું લખાણ અક્ષરશઃ સત્ય છે. શ્રીમદ્ હેમચંદ્રસૂરિએ મહારાજા કુમારપાળના રાજ્યકાળમાં પોતાની નિમ્ન અલૌકિક કૃતિઓની રચના કરી–

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યોગશાસ્ત્ર, ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર, દ્વયાશ્રય, શબ્દાનુશાસન વિ૦ તેમના વિદ્વાન શિષ્ય રામચંદ્રે કેટલાક પ્રખ્યાત નાટકો આ સમયમાંજ રચ્યાં. એ કાળે શ્રીપાળ રાજકવિ તરીકે અને સોલાક પ્રખ્યાત સંગીતવિશારદ તરીકે જાણીતા હતા. રાજવીએ જુદાજુદા એકવીશ સ્થાને પુસ્તકાલય સ્થાપ્યા અને જૂના ગ્રંથોનું શોધન કરી, નવી પ્રતો તૈયાર કરવા સારુ સંખ્યાબંધ લહીઆઓ રોકયા. કુમારપાળ ભૂપને ભોપલદેવી રાણીથી થયેલી એક કુંવરી હતી. એનું નામ લીલાવતી હતું. તેણીને પ્રતાપમલ્લ નામા પુત્ર હતો. આ રીતે નૃપની ગાદી પર એક તરફ ભત્રિજા એવા અજયપાળનો અને બીજી તરફ પ્રતાપમલ્લનો હક હતો. અજયપાળ શિથિલ આચારનો તેમ ક્રૂર અને વ્યસની હોવાથી રાજવી તેમજ અન્ય સલાહકારોની નજર પ્રતાપમલ્લને ગાદીએ આણવાની હતી. ભવિતવ્યતાના કારણે એ શકય ન બન્યું. શ્રી હેમચંદ્રસૂરિના સં. ૧૨૨૯ માં સ્વર્ગગમનથી રાજાને ઘણો આઘાત થયો અને પછી છ માસમાં તેમનું મૃત્યુ થયું. અજયપાળ ગાદીએ આવ્યો. રાજ્ય વફાદારો પ્રત્યે વૈર લીધું અને ત્રણ વર્ષમાં કમોતે મર્યો.

ટાંક મહાશયના નિમ્ન શબ્દો ટાંકી આ પ્રખ્યાત રાજવીની જીવનઝાંખી પૂર્ણ કરવામાં આવે છે—

Kumarpal belonged to that class of rulers whose best-known representatives among the Jainas are Samprati, Amoghavarsh & Kharavella. He managed to combine in him the benevolence of a monk with the wisdom of a statesman. He was just impartial and laborious pure and above reproach in his private life, simple and frugal in his habits, regid and strick in the observance of his religious vows. Kumarpal was a perfect model of Jaina purity and piety.

( P. 12-13 Some Distinguished Jains ).

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૧૧. ઓસવાળ જ્ઞાતિના મોહનોત.

આપણે ઓશવાળ જ્ઞાતિમાં થયેલ 'મોહનોત' (Mohanots) સંબંધી ટૂંકમાં વિચારીશું. 'The Mohanots form an important scet of Osval community.' શ્રી ઉમરાવસીંગ ટાંક B. A. LL. B. એમના સંબંધી લખતા ઉપર મુજબ મથાળું બાંધે છે. 'મોહનોત' તરીકે ઓળખાતા આ વર્ગનું મૂળ વતન તો મારવાડ છે, છતાં કીશનગઢ અને ઉદયપુરમાં તેમની વસ્તી જણાય છે. અને તેઓએ જોધપુર દરબારમાં કેટલાક જવાબદારીભર્યા ઓદ્ધા ભોગવ્યા છે. અધિકારી વર્ગમાં તેમની લાગવગ નાનીસૂની નહોતી. તેઓનો મુખ્ય વ્યવસાય રાજ્યની નોકરીનો કહી શકાય આમ છતાં એમાંનાં કેટલાકોએ વેપાર અને શરાફીમાં પણ ઝુકાવેલું છે.

અહીં એક વાતની ચોખવટ કરવી આવશ્યક છે કે જૈનધર્મી વીરોમાં પરાક્રમો વર્ણવવાનો આશય હિંસાના કાર્યને મહત્ત્વ આપવાનો કે જૈનધર્મ પણ શસ્ત્રો વાપરવામાં કે યુદ્ધો ખેડવામાં બહાદુરી માને છે એ પ્રતિપાદન કરવાનો હરગીજ નથી. જૈન ધર્મના પાયામાં તો કેવળ નિર્ભેળ અહિંસાને જ પ્રતિષ્ઠા અપાયેલી છે. સાચો જૈન કે સંપૂર્ણ દયાધર્મી સચરાચર જગતના એકાદ ક્ષુદ્ર જંતુને પણ દુઃખ ન પહોંચાડે. એની દયા ભાવના ચોરાશી લક્ષ જીવયોનિ સાથે હોય. આ જાતનું જીવન જીવનારા મહાત્માઓ જ પૂજનીય, વંદનીય અને પ્રશંસનીય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લેખાય. તેથી જ જૈનધર્મમાં જે અણમૂલું મહત્ત્વ શ્રી તીર્થંકરો કે કેવલી ભગવંતોને છે તે અન્ય છદ્મસ્થને નથી જ. સાચું પરાક્રમ કે ખરી બહાદુરી તો એ પુણ્યશ્લોક આત્માઓની જ કહેવાય. તેમનો માર્ગ નિઃશસ્ત્ર રહી, ઉઘાડી છાતીએ પરિસહોનો સામનો કરી કેવલ દયાવડે જનતાનો પ્રેમ જીતવાનો, એને સાચો રાહ બતાવવાનો અને આત્મસાક્ષાત્કાર કરવાનો છે. એટલા માટે જ તેઓ આરાધનાને પાત્ર બન્યા છે. જ્યાં અહિંસાને આટલી હદે ગૌરવભર્યું સ્થાન હોય ત્યાં હિંસાદ્વારા સમરાંગણમાં પરાક્રમ ફોરવનારને કે શસ્ત્રો મારફત અન્યના પ્રાણ હરનારને વીરોની કક્ષામાં મૂકી આ જાતના ગુણકીર્તન કેમ કરી શકાય એ પ્રશ્ન સહજ સંભવે.

એનો ઉત્તર એ છે કે—ચાલુ યુગની દૃષ્ટિએ જૈનધર્મ હિંસાજનક કાર્યોમાં વીરતા માને છે તે વાત જ નથી. અહીં તો આ જાતના ઉલ્લેખો એટલા સારુ કરવામાં આવે છે કે જેઓ એક કાળે એમ કહેતા હતા અને હજુ કેટલાક કહી રહ્યા છે કે હિંદની કિંવા ગુજરાતની પરાધીનતામાં જૈનધર્મની અહિંસા કારણભૂત છે, અને જૈનો દયાના હિમાયતી હોઇ યુદ્ધો ખેડવામાં કે સમરાંગણમાં ઝૂઝવામાં કાયર બન્યા તેને લીધે ગુલામી ઘર કરી બેઠી છે, તેમને ઉઘાડી આંખે જોવા મળે કે એક કાળે જે શૂરાતનની વાતો બહુમાનપૂર્વક ગવાતી ને પાના પુસ્તકે નોંધાતી કિંવા જે પરાક્રમ માટે આજે પણ મહારાણા પ્રતાપ કે શૂરવીર શિવાજીનાં નામ જનતામાં માનની નજરે જોવાય છે, તેવું શૌર્ય દાખવવામાં જૈન ધર્મનું પાલન કરનાર સમૂહમાં પણ વીરો પાકયા છે અને એમણે જે ભાગ ભજવ્યો છે એ જૈનધર્મના સિદ્ધાંતની નજરે અવશ્ય દોષપૂર્ણ હોવા છતાં પ્રજાકલ્યાણ કે દેશસંરક્ષણની નજરે કાયરતામાં લેખાય કે ગુલામીની બેડી મજબૂત કરનારો ગણાય, એમ છે જ નહિં. એ હકીકત વાંચતા જ દીવા જેવી દેખાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારવાડના રાઠોડ મુખ્ય રાયપાલના વંશમાંથી આ મોહનોતો ઊતરી આવ્યા છે. લોકવાયકા પ્રમાણે રાયપાલને તેર સંતાનો હતા, જેમાંનો મોટો કનકપાલ વિક્રમ સં. ૧૩૦૧ માં ગાદીએ બેઠો. બાકીના બારમા એકનું નામ મોહનજી હતું જેના ઉપરથી એના વારસો મોહનોત તરીકે ઓળખાયા.

મોહનજીને એક ભટ્ટી રાણી હોવા છતાં તેણે શ્રીમાલવંશની એક કન્યા સાથે લગ્ન કર્યાં. એનાથી સપતસેન નામે એક પુત્ર થયો. ઉમર લાયક થતાં આ સપતસેન જૈનધર્મના ઉપદેશ-શ્રવણથી ચુસ્ત જૈન બન્યો. અને એથી એને ઓસવાલ જ્ઞાતિમાં દાખલ કરવામાં આવ્યો. 'મોહનોતો' તેથી સપતસેનને પોતાના આદિ પુરુષ તરીકે માને છે.

મારવાડના ઇતિહાસમાં 'મોહનોતો'એ ગૌરવભર્યો ભાગ ભજવ્યો છે. તેમનામાંથી લડવૈયા જેમ પેદા થયા છે તેમ રાજકારભાર ચલાવવામાં દક્ષતાથી કામ લઇ શકે તેવા મુસદ્દીઓ પણ પ્રગટ્યા છે. એમાંનાં કેટલાકના નામો સાથે બહાદુરી ને શૌર્યતા દાખવવાના અનેરા પ્રસંગો જોડાયા છે. ઇતિહાસના ગવેષકને એ બધું હસ્તામલકવત્ છે.

વિક્રમ સં. ૧૬૩૫ માં, સાવરડા (Savarada) આગળની લડાઈમાં, મોગલો સાથે યુદ્ધ ખેલતાં 'અચલોજી' નું ખૂન થયું. 'જયમલ' વડનગરના ગવર્નર કે સૂબા તરીકે વિક્રમ સં. ૧૬૭૧ માં અધિકાર ભોગવતો હતો અને મારવાડનો ઇતિહાસ રચનાર નેણુસી એ સર્વ મોહનોત વંશમાં જન્મેલા નામાંકિત પુરુષો છે. આ તો નામનિર્દેશ માત્ર છે. ઇતિહાસનાં અભ્યાસી માટે ઘણી સામગ્રી અણુશોધાયેલી પડી છે. આ ઉલ્લેખનો આશય ઉપરકહ્યું તેમ જૈનો પર કાયરતાની છાપ મારનાર લેખકોની આંખ ઉઘાડવાનો છે.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૧૨. ઓસવાળ જ્ઞાતિના ભંડારીઓ.

ભંડારીની અટકથી ઓળખાતો વર્ગ ઓશવાળ જ્ઞાતિમાંનો એ વિભાગ છે કે જે ઘણુંખરૂં રાજ્યમાં અધિકારપદે રહ્યો હોય છે અર્થાત્ વેપારી નહિં પણ મુસદ્દી વિભાગ છે. મારવાડી સમાજમાં આ વર્ગનું સ્થાન અતિ આગળ પડતું ગણાય છે. જોધપુરમાં આ વર્ગના લગભગ ત્રણસો કુટુંબ છે.

ભંડારીઓ પોતાને અજમેરના ચૌહાણ રાજવીઓના વંશજ જણાવે છે. જો કે વર્તમાનમાં ભંડારી કુટુંબોમાંનાં કેટલાક જયપુર અને કાનપુરમાં વસેલ હોઈ ઝવેરાતનો ધંધો કરતાં દૃષ્ટિગોચર થાય છે.

રાવ લાખણશી ઊર્ફે લક્ષ્મણસિંહ કે જેને ભંડારીઓ પોતાના મૂળપુરુષ તરીકે લેખે છે, તેણે અજમેરની ગાદીથી છૂટા પડી નાંડોલમાં પોતાની આગવી ગાદી સ્થાપી હતી. શોધખોળખાતા તરફથી ટૂંકમાં જે વિગતો પ્રગટ કરવામાં આવી છે તે ઉપરથી ચાહમાણવંશી રાજાઓએ અને તેમની રાણીઓએ જૈન દેવાલયોને જુદા જુદા પ્રસંગે આપેલી ભેટો અને અમુક પ્રકારની છૂટો યા હક્કોનાં સારા પ્રમાણમાં નોંધ મળી આવે છે. એ ઉપરથી એક સમયે મારવાડમાં રાજ્ય કરતા વંશ પર જૈનધર્મની કેટલી બધી મહત્ત્વની લાગવગ હતી. તેનો ખ્યાલ આવે છે. ચૌહાણ યાને ચાહમાણ વંશમાં સર્વશ્રેષ્ઠ ખ્યાતિ વરેલ અગ્રણી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરીકે અલ્હણદેવને મૂકી શકાય કે જેણે ઇ. સન ૧૧૬૨ માં નાંડોલના જૈનમંદિરના નિભાવ અર્થે ઘણી ઉદાર સખાવત કરી હતી. એ ઉપરાંત મહિનામાં અમુક દિવસોએ પ્રાણીવધ બિલકુલ કોઇપણ કરી શકે નહિ એવું ફરમાન બહાર પાડયું હતું.

જો કે લક્ષ્મણસિંહ તરફથી દેવામાં આવેલ દાન આદિનો લેખ હજુ સુધી હાથ નથી આવ્યો, છતાં નાંડોલની સુરજપોળ ઉપર જે લખાણ કોતરાયેલ છે એ વિક્રમ સં. ૧૨૨૩ ની સાલનું અને કેલ્હણરાજના સમયનું છે, જેમાં લાખણના નામનો ઉલ્લેખ છે અને વિક્રમ સં. ૧૦૩૯ ની સાલ તેને માટે જણાવી છે. આ ઉપરથી લક્ષ્મણસિંહનો રાજ્યકાળ નિર્ણીત કરવો મુશ્કેલ નથી. અલ્હણદેવને મહત્ત્વ આપ્યું તેથી લક્ષ્મણસિંહ ઉતરતા ખમીરનો હતો એમ માનવાની જરૂર નથી. એ પણ પોતાના પૂર્વજોની માફક પરાક્રમી અને બહાદુર હતો. એણે અનહુલવાર: સુધી પહોંચી જઇ ચોથ ઉઘરાવી હતી અને ચિતાડગઢના રાજા પાસેથી ખંડણી લીધી હતી. આજે પણ નાંડોલમાં એક કિલ્લો મુસાફરોને બતાવવામાં આવે છે, કે જે લોકવાયકા પ્રમાણે આ ખ્યાતિ પામેલા રાજવીની કૃતિ છે

ભંડારી વંશાવળી પ્રમાણે લાખાને ચોવીસ પુત્રો હતા, જેમાંનાં એકનું નામ દાદરાવ હતું. નાડલાઇના લેખમાં જે દુદા તરીકે નોંધાયેલ છે અને ભંડારી સમુદાય જેને પોતાના મુખ્ય અગ્રણી તરીકે લખે છે. વિક્રમ સં. ૧૦૪૯ યાને સન ૯૯૨માં દાદરાવે સાંડેરક ગચ્છના શ્રી યશોભદ્રસૂરિના હાથે જૈનધર્મ સ્વીકાર્યો અને ઓશવાળ જ્ઞાતિમાં પ્રવેશ કર્યો. અધિકારની દૃષ્ટિએ દાદરાવ ભાંડાગારિકનો ઓદ્ધો ધરાવતા. જેના હાથમાં સારાયે ભંડારની ચાવી રહેતી એ અધિકારી ભાંડાગારિક કહેવાતો. આ પ્રમાણેનો અધિકાર વંશપરંપરામાં ઉતરતાં એના વંશજો ભંડારી તરીકે વિશેષ ખ્યાતિ પામ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો કે ઉપરની સાલ સ્વીકારવામાં એક મુશીબત ઊભી થાય છે. એવી નોંધ મળે છે કે–શ્રી યશોભદ્રસૂરિ વિક્રમ સં. ૧૦૩૯ માં કાળધર્મ પામ્યા, અને એમની પાટ પર ચહુમાણ વંશમાં જે એક આભૂષણરૂપ ગણાતા તે શાલીસૂરિ આવ્યા. આમ જે સાલ કાળધર્મને અંગે સોળમી સદીના એક લેખક તરફથી આપવામાં આવી છે તે જોતાં દાદરાવનો જૈનધર્મપ્રવેશ શ્રી યશોભદ્રસૂરિના હસ્તે અસંભવિત બને છે! આમ છતાં આ સંબંધમાં અન્ય કોઇ સબળ પુરાવો ન હોવાથી લોકવાયકાને કિંવા ભંડારી વર્ગની પરંપરામાં ઊતરી આવેલી વાતને ખોટી માનવાનું કારણ નથી.

એ ઉલ્લેખને જે લેખોદ્વારા પુષ્ટિ મળે છે તેનો વિચાર કરીએ તો એ ઉપરથી એટલું તો સહેજ તારવી શકાય તેમ છે કે ચાહમાન વંશના રાજ્યકાળમાં ભંડારીઓ જ મોટા ભાગે આગળ પડતા ઓદ્ધા ભોગવતા હોઇ સર્વ વિષયમાં કર્તા-કરાવતા હતા અને કોઇ કોઇ તો નાના વિભાગ યા પ્રદેશમાં જાગીરો પણ ભોગવતા હતા. નાડલાઇનો લેખ માગશર સુદ ૫ વિક્રમ સં. ૧૧૮૯ નો છે, જેમાં ભંડારી નાગ સીવાનું નામ એક બક્ષીસમાં સાક્ષી તરીકે મૂકયું છે.

બીજો એક લેખ જે વિ. સં. ૧૨૪૧નો છે તેમાં યશોવીર ભંડારીનો Palla ના માલિક તરીકે ઉલ્લેખ છે. ( Palla=પાલા એ જોધપુરની પશ્ચિમે છ માઇલ પર આવેલ ગામ છે ) જાલોરનો એક લેખ કે જે વિ. સં. ૧૨૪૨નો છે એમાં પાસુના પુત્ર ભંડારી યશોવીરે મહારાજ સમરસિંહદેવના આદેશથી જૈનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો એવો ઉલ્લેખ છે. સં. ૧૩૫૨ની સાલનો મહારાજ સામંતસિંહદેવના રાજ્યકાળમાં એક લેખ દર્શાવે છે કે–ભંડારી મીગાલ( Migala )ને દસ્તાવેજ અને સંધિપત્ર આદિની દેખરેખ માટેના અધિકારી તરીકે નીમ્યો હતો. જોધ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુરમાં ભંડારી કુટુંબોનો વસવાટ રાવ જોધા ( સં. ૧૪૨૭ થી ૮૯ )ના રાજ્યકાળથી મળી આવે છે કે જેના સમયમાં ભંડારીઓએ પ્રશંસાપાત્ર સેવા બજાવ્યાનો ઉલ્લેખ છે. પોતાના નાયક નારોજી અને સમરોજીના હાથ નીચે જોધા તરફથી તેઓ ઝીલવારા ( Jhilwara ) આગળ મેવાડના સૈન્ય સામે લડયા હતા અને એને પરાજય પમાડયો હતો. જ્યારથી તેઓ જોધપુરમાં આવી વસ્યા ત્યારથી તેમની રાજદરબારે લાગવગ વધતી ગઇ અને ધીમેધીમે સંસ્થાનમાં વિશ્વસનીય અને જવાબદારોની જગ્યાઓ ઉપર તેઓની નિમણૂક થવા માંડી. તેઓ હમેશા જોધા રાવને અને તેમના વંશજોને નિમકહલાલ રહેતા આવ્યા છે કે જેથી તેમની ગણના હજુ પણ સ્ટેટના કીર્તિમંત અને વફાદાર સેવકોમાં થાય છે.

શ્રીયુત્ ટાંક મહાશય લખે છે કે—

'Like the Singhvis, the Bhandaris have handled the sword as well as the pen' અર્થાત્ સંઘવીની માફક ભંડારીઓએ જેમ તલવાર પકડી જાણી છે તેમ કલમ વાપરી જાણી. એટલે કે તેઓ કુશળ લડવૈયા હતા તેમ અનુભવી મુત્સદ્દી અને ચુનંદા ગણત્રીબાજ પણ હતા.

## નાંદોલનું મહત્વ.

આ સ્થાનમાંથી પ્રાપ્ત થતાં પ્રત્યેક પદાર્થ પરથી પ્રતીત થાય છે કે એક સમયે અહીંઆ જૈનધર્મનું ઘણું પ્રાબલ્ય હતું. તેમનું શિલ્પકાર્ય પણ સર્વાંશે ભિન્ન હતું. તેમના શિલ્પકાર્યના ચિન્હો અદ્યાપિ દૃષ્ટિગોચર થાય છે. જૈનોના ચોવીશ દેવોમાંના અંતિમ દેવ મહાવીરનું અતિ રમણીય શિલ્પકાર્ય તો આદર્શ છે. આ મંદિરના ગુંબજની બાંધણી પ્રાચ્યદેશની અતિ પ્રાચીનકાળની બાંધણી સમાન છે...

ટોડ રાજસ્થાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

# ૧૩. મારવાડના ભંડારીમાંનાં કેટલાક

સંઘવીની માફક ભંડારીઓ પણ તરવાર તેમજ કલમ વાપરવામાં પાવરધા હતા. તેઓએ કુશળ મુસદ્દીઓ કે પરાક્રમી સુભટો તરીકે જ માત્ર કીર્તિ સંપાદન નથી કરી. એ સિવાય તેઓએ ગ્રંથનિર્માતા તરીકે અને રમણીય પ્રાસાદો બંધાવનાર તરીકે પણ ચિરસ્થાયી કીર્તિ પ્રાપ્ત કરી છે. કાપરડા પાર્શ્વનાથનું મનોહર દેવાલય ઊભું કરવાનો યશ ભંડારી કુટુંબના ભાગે જાય છે. એની રચના ઉપરથી તેઓમાં શિલ્પ અને કારીગરી માટે કેવો પ્રેમ હતો એ દૃષ્ટિગોચર થાય છે. નેમીચંદ્ર ભંડારીના નામથી ભાગ્યે જ કોઇ અજ્ઞાત હશે. તેમણે ગ્રંથરચયિતા તરીકે જે બુદ્ધિપ્રગલ્ભતા દાખવી છે એ ન વિસરી શકાય તેવી છે. ઇતિહાસનાં પાના પર જે ભંડારી મહાશયોની કીર્તિકથા સુવર્ણાક્ષરે આલેખાઇ છે, એમાં નીચેના નામો સંબંધી ટૂંક નોંધ લઇ ભંડારી પ્રકરણ સમાપ્ત કરીશું.

**ભાણુ**—મારવાડમાં ગજસિંહ દેવના રાજ્યકાળે એ 'જેત્રણ'-માં રહેતા હતા. પિતાનું નામ 'અમર' હતું. વિ. સં. ૧૬૭૮ માં કાપરડામાં (મારવાડ) પાર્શ્વનાથનું રમણીય મંદિર એમણે બંધાવ્યું. એની પ્રતિષ્ઠા બૃહત્ ખરતરગચ્છના શ્રી જિનસિંહસૂરિના હસ્તે કરવામાં આવી. મુખ્ય બિંબ પર જે લેખ છે એ ઉપરથી જાણી શકાય છે કે 'ભાણુ' 'રાય લાખણુ'નો વંશજ હતો.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રૂગનાથ**-મહારાજા અજિતસિંહજીના ( સન ૧૬૮૦-૧૭૨૫) રાજ્યકાળે એમને દીવાનપદ પ્રાપ્ત થયું હતું. એ જેમ અનુભવી વહીવટદાર હતો તેમ બહાદુર સૈનિક પણ હતો. કર્નલ વોલ્ટર કહે છે તેમ ભંડારી રૂગનાથે મહારાજ અજિતસિંહ જ્યારે દિલ્હીમાં રોકાયા હતા ત્યારે વર્ષો સુધી તેમની વતી રાજ્ય વ્યવસ્થિત રીતે ચલાવ્યું હતું. **અજો દિલીરો પાતશો, રાજા તો રૂગનાથ**. એમ કહેવાય છે.

**ભંડારી ખીમસી**—રાયસિંહના આ પુત્રે અજિતસિંહના સમયમાં દીવાનપદ ભોગવ્યું હતું. વારંવાર પાદશાહ સાથે રાજકીય પ્રશ્નોના ઊકેલ સંબંધમાં એમને મોકલવામાં આવતા. વિ. સં. ૧૭૬૯ માં જ્યારે એમને મોકલવામાં આવેલ ત્યારે તે ' ગુજરાતના સૂબા ' તરીકેની સનંદ મેળવી પાછા ફરેલ. તેમને થાણુસિંગ અને અમરસિંગ નામે બે પુત્રો હતા.

**ભંડારી વિજય**—સન ૧૭૧૫માં અજિતસિંહ સુડતાલીશમા સૂબા( Viceroy of Gujrat ) તરીકે નિમાયા ત્યારે તેમણે પોતાના આવતાં સુધી પોતાની બદલીમાં વિજયરાજને મોકલેલા.

**અનોપસિંગ**—ઉપરની માફક એમને પણ અજિતસિંહે ગુજરાતમાં મોકલેલા. જો કે તેઓની કારકીર્દી અમદાવાદના આગેવાન વેપારી કપુરચંદ ભણુશાલી જેવાના ખૂનથી કલંકિત બની છે.

**સુરતરામ**—મહારાજા અભયસિંગે મેડતાથી ભંડારી સુરતરામને ઠા. સુરજમલ અને રૂપનગરના શિવસિંગ સાથે અજમેર જીતવા મોકલ્યા હતા ( સન ૧૭૪૩ ). તેઓએ ફોજદાર ખાનગ્રોટ વિનયસિંગને હરાવી અજમેર જીતી લીધું.

**ગંગારામ**—વિજયસિંગના રાજ્યકાળે ( સન ૧૭૫૨-૯૨ ) એમની ચઢતી થઇ. રાજનીતિજ્ઞ તેમજ સુભટ તરીકે તેમની કીર્તિ વિસ્તરી. મરાઠા અને રાઠોડ વચ્ચે મેડતાનું જે યુદ્ધ થયું ( સન ૧૭૯૦ ) તેમાં તે હાજર હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**લક્ષ્મીચંદ**—મહારાજા માનસિંગના રાજ્યકાળે ઘણાં વર્ષો પર્યંત તે દીવાન રહ્યા. ( સને ૧૮૦૩–૪૩ ) બે હજાર રૂપિયાની આવકવાળું એક ગામ તેમને જાગીરમાં મળ્યું હતું.

**પૃથ્વીરાજ ભંડારી**—મહારાજા માનસિંગદેવના સમયમાં જાલોરના હાકેમ તરીકે તેઓ હતા.

**ઉત્તમચંદ**—જોધપુરના વતની હોઇ માનસિંગદેવના દરબારમાં રાજકવિ તરીકે તેમણે ખ્યાતિ મેળવી હતી. તેમણે અલંકાર આશય, નાથચંદ્રિકા આદિ ગ્રંથો રચ્યા છે જે માટે નીચેનું કવિત પ્રચલિત છે.

**प्रथम हि सागरचन्द्र मुनि लियो सुपंथ लगाय ।**
**रामकरण कविराय पुनि ग्रन्थ हि दिये दिखाय ॥ १ ॥**
**तिन ग्रन्थन तैं पाय कछु आशय बोध अनूप ।**
**सो ही मैं विरघट कियो अलंकार के रूप ॥ २ ॥**

**બહાદરમલ**—જૂની ઢબના જે મુત્સદ્દીઓ થયા છે એમાં આ ગૃહસ્થનો નંબર છેલ્લો આવે છે. ડીડવાણાના જાણીતા કુળમાં એ જન્મેલ. ત્યાંથી તે જોધપુર ગયેલ, જ્યાં રૂઘનાથ શાહ શરાફના મેતાજી વર્ગમાં એણે સ્થાન મેળવ્યું. પાછળથી એણે રાજ્યની નોકરી સ્વીકારી, જ્યાં પોતાનામાં રહેલા સદ્‌ગુણોવડે મહારાજા તખતસિંગજીનું ધ્યાન આકર્ષ્યું. ( સન ૧૮૪૩–૭૩ ) એની લાગવગ એટલી બધી થઇ પડી કે જનતામાં એ મારવાડના રાજવીના માનીતા કરવૈયા તરીકે ઓળખાતા. એણે કદી કોઇનો પણ વિશ્વાસભંગ કર્યો નથી.

**કીશનમલ**—મહારાજા સરદારસિંગના રાજ્યમાં શરૂઆતના કાળે એ ટ્રેઝરી ઓફિસર યાને ખજાનચી હતા. એ માટે નોંધ મળે છે કેઃ—

He was a great financier and did his best to put the Marwar finances on sounder and firmer

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

footing અર્થાત્ એ જબરો નાણાશાસ્ત્રી હતો. એને માટે કહેવાય છે કેઃ

**બાકા ફોટ બેરીયાં, હાકા જાસા હોય,**
**સુત બહાદર રે સીરે, કીશ જેસા ન કોય.**

આ રીતે ભંડારીવર્ગ પણ ઐતિહાસિક મહત્ત્વ દાખવે છે. રીતભાત અને રસમરિવાજમાં ઓસવાળ સમાજ સાથે એ મળતાપણું ધરાવે છે. એમની કુળદેવી આશાપુરીનું મંદિર 'નાડોલ'માં છે જ્યાં વર્ષમાં બે વાર મેળા ભરાય છે. કહેવાય છે કે-લાખાને પ્રથમ કંઈ સંતાન ન હતું એટલે એણે દેવીને પ્રાર્થના કરી. દેવીએ પ્રસન્ન થઇ આશીર્વાદ આપ્યો કે તને ચોવીસ સંતાન થશે. ભંડારીઓ ઘણુંખરું કાળા રંગની ગાય, કાળું બકરું કે કાળી ભેંશ નથી તો ખરીદતા કે નથી તો કોઇ તરફથી ભેટ તરીકે અપાય તો પણ સ્વીકારતા.

ભંડારીઓ ઘણુંખરું વેપાર કરતાં રાજ્યની નોકરી વધુ પસંદ કરે છે. તેમનામાં પણ દીપાવટ, મોનાવટ, લુણાવટ, નીવાવટ નામના ભેદો છે કે જેઓમાં પરસ્પર પરણવાનો રિવાજ નથી. ભંડારી નારીવર્ગમાં પડદાનો રિવાજ સખ્તાઇથી પળાય છે અને અન્ય ઓસવાળ જ્ઞાતિની સ્ત્રીઓ માફક 'બોર' નામનું મસ્તકનું આભૂષણ તે વર્ગમાં પહેરવામાં આવતું નથી.

આ સારાયે ઉલ્લેખમાંની વિવિધ વાતો જવા દઇ જો એક મુખ્ય વાત પ્રતિ લક્ષ્ય આપીશું તો સહજ જણાશે કે એ સર્વ જૈનધર્મના અનુયાયીઓ હોવા છતાં પ્રસંગ પ્રાપ્ત થતાં પરાક્રમ દાખવવામાં પાછી પાની નથી કરતા.

ઇતિહાસના અભ્યાસીને કે વધુ જિજ્ઞાસાધારકને નાડલાઇનો વિક્રમ સંવત ૧૫૫૭નો તથા શ્રી કાપરડા તીર્થનો વિક્રમ સંવત ૧૬૭૮નો શિલાલેખ જોવાની વિનંતિ કરું છું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

# ૧૪. મેવાડરક્ષક ભામાશાહ.

મેવાડની ભૂમિમાં પણ ધર્મે જૈન હોવા છતાં શૌર્ય દાખવવાની વેળા પ્રાપ્ત થતાં જરા પણ પાછી પાની ન કરનાર વણિક વીરોનો તોટો નથી રહ્યો. ઓશવાળ જ્ઞાતિમાં અવતંસસમા ભામાશાહ વા ભામાશાના નામથી ભાગ્યે જ જનતા અજાણી હોય. રાજસ્થાનના સુપ્રસિદ્ધ લેખક કર્નલ ટોડ નિમ્ન શબ્દોમાં એ વીર પુરુષનો પરિચય આપે છે.

The name of Bhama Sha is preserved as the Saviour of Mewar. An Oswal by birth and a Jain by religion, he was the perfect model of fidelity and devotion. He was the Diwan of the illustrious Rana Partap–an office which his family had held for several generations.

હિંદના ઇતિહાસનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી ચિતોડ પર 'સમ્રાટ અકબરની ચઢાઈ અને મહારાણા પ્રતાપે બહાદુરીથી કરેલ બચાવ' એ ઐતિહાસિક બાબતથી માહિતગાર હોય છે જ. એટલે એ સંબંધમાં ઝાઝું લખવું જરૂરી નથી. તેમ 'ભામાશા'ના સંબંધમાં પણ જૈન-જૈનેતર લેખકો દ્વારા લખાયેલ ઘણા બયાન પ્રાપ્ત થતાં હોવાથી એ સંબંધી પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિસ્તાર કરવો જરૂરી નથી. આ લેખમાળાનો આશય એટલો જ છે કે '**अहिंसा परमो धर्मः**'થી જેનાં બીજારોપણ થાય છે એવા દયામય જૈન ધર્મને પાળનાર પણ સમય આવ્યે શૂરાતન દાખવવામાં રંચમાત્ર પીછેહઠ નથી કરતા. અલબત્ત, જૈન ધર્મ 'નિતાંત અહિંસા પાળવામાં જ આત્મોન્નતિ સમાયેલી છે,' એમ કહે છે અને જીવનમાં દયા, કરુણા કિંવા સકળ સૃષ્ટિના કીડીથી માંડી કુંજર સુધીના પ્રાણીવર્ગ પ્રત્યે અને રંગ કે જાતિનો ભેદ ગણ્યા સિવાય સર્વ માનવગણ સાથે-મૈત્રીભાવ કેળવવાની વાતને જ અગત્ય આપે છે. એ સિવાય ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત થઇ શકતી જ નથી એમ ડિંડિમનાદે જાહેર પણ કરે છે; એથી વિપરીત વર્તનમાં અર્થાત્ સમરભૂમિ પર શત્રુસૈન્યનું લોહી રેડવામાં ચોકખી ને ઉઘાડી હિંસા થાય છે અને એથી કર્મબંધ પડે છે કે જે ભોગવ્યા વિના આત્માને ચાલી શકતું જ નથી એમ પણ માને છે. આમ છતાં જ્યાં સંસારસ્થ આત્માને રાજકીય કે કૌટુંબિક ફરજ આવી પડે ત્યાં કાયરતાને ખંખેરી શૂરવીરતા દાખવવાનો માર્ગ ગ્રહણ કરવાનું સૂચન કરે છે. નિર્બળ, ડરપોક કે હતાશ થઇ બેસી રહે એ નથી તો સાચો માનવ કે નથી તો સાચો જૈન ! કાયરોનો જૈનધર્મ હોઇ જ ન શકે. જૈનસાહિત્યમાં તો **कम्मे सूराः धम्मे सूराः** જેવું પદ વાપરવામાં આવ્યું છે તે અવશ્ય મનન કરવા જેવું છે. એટલે આજે જૈનેતર લેખકો કેટલીક વાર બેજવાબદારીથી ગુજરાતના પતન માટે અથવા તો ભારતવર્ષમાં પથરાયેલી નિર્બળતા માટે જૈનધર્મની અહિંસાને જવાબદાર માની લ્યે છે એમાં કંઇ જ તથ્ય નથી. એ વાતના વિરોધમાં એક કરતાં વધુ ઉદાહરણો રજૂ કરી શકાય તેમ છે અને ભામાશાનું ઉદાહરણ એમાં વધુ એક ઉમેરો કરે છે.

અમાપ હાડમારી ભોગવી, ગિરિકંદરાનાં આકરાં કષ્ટો સહન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

કરી રાણો પ્રતાપ પોતાની અણનમ વલણ જાળવી રહ્યો હતો, પણ જ્યારે ખરચી જ ખૂટી, પોતાનું અને પોતાના અનુયાયી વર્ગનું પોષણ કરવાનું સાધન જ ખૂટી પડયું ત્યારે એ ટેકીલો રાજવી હતાશ થઇ ગયો. સમ્રાટ સામે ભીડેલી બાથ લટકતી રાખી, મેવાડની ભૂમિ તજી જવાના નિશ્ચય પર એ આવ્યો. સાથીદારોને છૂટા કરી દઇ, પોતાના કુટુંબ સાથે ગણત્રીના માણસોને લઇ સિંધ પ્રતિ પ્રયાણ કરવાનો દિવસ પણ એણે નિયત કર્યો.

આ વાતની જાણ જ્યારે ભામાશાને થઇ ત્યારે તે તરત જ દોડી આવ્યો અને અરવલ્લીની પ્યારી પર્વતમાળાને આખરી પ્રણામ કરી રહેલા મહારાણાના ચરણમાં પોતાનો અઢળક ખજાનો રજૂ કર્યો. એ ધનથી બાર વર્ષ સુધી પચીશ હજાર સૈનિકોનો ગુજારો સુખેથી થઇ શકે તેમ હતું. વિનંતિ કરી કે– એ સ્વીકારી આપ પુનઃ શત્રુનો સામનો કરો અને માતૃભૂમિને પાછી હાથ કરો. આ સંપત્તિ આવા સમયે કામ નહીં આવે તો પછી એનો અન્ય શો ઉપયોગ છે? કૃપા કરી રાષ્ટ્રની આપત્તિ ટાળો. જે ધન રાષ્ટ્રના સંકટ વેળા કામ ન આવે એ ધન નથી પણ પણ કાંકરા છે. દિવાનજીના હૃદયમાંથી નીકળેલા ઉદ્દગારોએ અને તેમના તરફથી મળેલી આવી અણધારી સહાયથી રાણાજીમાં નવું જોમ આવ્યું, નવેસરથી લડાઇ આરંભાઇ અને એમણે ચિતોડ, અજમેર અને માંડલગઢ સિવાય સારોય મેવાડ પ્રાંત જીતી લીધો. આમ જૈનધર્મી ભામાશાએ રાષ્ટ્રગૌરવ જાળવ્યું.

ભામાશાનું નામ આજે પણ મેવાડમાં ગૌરવપૂર્વક લેવાય છે. ચિતોડના કારીગરીવાળા મંદિરોના ખંડિયેર આજે પણ એ સ્મૃતિ તાજી કરાવે છે. આવા વીરલાઓએ રાષ્ટ્રચરણે પોતાનું સર્વસ્વ ધરી દઇ, પ્રજાધર્મ દાખવ્યો છે એટલું જ નહીં પણ સાથોસાથ જૈનધર્મને દીપાવ્યો છે.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૧૫. રતનસિંગ ભંડારી.

વીરમગામના અધિકારી ભાવસિંગને રતનસિંગ જોડે મેળ ન હતો એ વાત છૂપી નહોતી, કેમ કે તે મારવાડીઓને ધિક્કારતો હતો. એક તરફ તિરસ્કાર અને બીજી તરફ વેર વાળવાની વૃત્તિએ, તેને પોતાના ઉપરી અધિકારી પ્રત્યે બહુમાન રાખવાની ફરજ ભૂલાવી. તે મરાઠા નાયક સાથે મળી ગયો અને એ મરાઠા નાયકને તેણે છૂપી રીતે શહેરમાં દાખલ થવા દીધો. આ રીતે મરાઠા નાયક દામાજીએ વીરમગામનો કબ્જો લઇ લીધો અને મારવાડી વહીવટદાર :કલ્યાણને હાંકી કાઢ્યો. એને બદલે પોતાનો વિશ્વાસુ માણસ રંગોજીને તેની જગ્યાએ મૂકયો અને પોતે સોરઠ પ્રતિ આગળ વધ્યો. ઇ. સન ૧૭૩૬ની સાલમાં અર્થાત્ કબજો લીધો તે પછીના વર્ષમાં જ રંગોજી બાવળા સુધી આવી ગયો અને ત્યાં તેણે લૂંટ ચલાવી. રતનસિંગથી આ જોયું શી રીતે જાય ? તરત જ તે સામો ગયો અને રંગોજીને વીરમ-ગામ પાછા ફરવાની ફરજ પાડી. પૂંઠ પકડીને તેનો કેટલોક સામાન પણ લઇ લીધો, છતાં તેને શહેરમાંથી કાઢી શકયો નહીં. છેવટે તેણે વીરમગામને ઘેરો નાંખ્યો. દરમિયાન મરાઠાઓએ વીરતાભર્યો હલ્લો આણ્યો. દામાજીનો ભાઈ પ્રતાપરાવ દશ હજાર ઘોડેસ્વાર લઈ સીધો અમદાવાદ તરફ ધસી આવ્યો. આ સમાચાર રતનસિંગના કાને પડ્યા પણ તેણે તે ખરા ન માન્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શત્રુ તરફનો આ એક પ્રચાર તેણે ગણી લીધો! પોતાનું મન જે વીરમગામને સર કરવામાં એકતાર બન્યું છે અને ખાઇઓ ખોદાઇ માત્ર કિલ્લો સર કરવાનો પ્રયાસ આદરવાનો જ બાકી છે તે બીજી દિશામાં વાળવાનો આ એક શત્રુપક્ષનો દાવ છે એમ તેણે કયાંય સુધી માન્યું! પણ છેવટે તપાસના અંતે પ્રતાપરાવવાળી વાત સાચી ઠરી એટલે તે એકદમ વીરમગામને પડતું મેલી અમદાવાદ પાછો ફર્યો.

ઈ. સ. ૧૭૩૭ના વર્ષમાં મહમદશાહની અભયસિંગ પ્રતિ કરડી નજર થઇ એટલે તેણે અભયસિંગની બદલીમાં મોમીન-ખાનને ગુજરાતનો સૂબો નીમ્યો. આ ફેરફારની રતનસિંગને ખબર મળતાં જ તેણે પોતાના માલિક અભયસિંગને પોતાને કેવી રીતે આજ્ઞા બજાવવાની છે એ માટે પૂછાવ્યું, 'જો રતન-સિંગથી બની શકે તેમ હોય તો મોમીનખાનનો સામનો કરવો' એવો જવાબ અભયસિંગ તરફથી આવ્યો. આ ઉત્તર મળતાં જ ભંડારી રતનસિંગની હિંમત બેવડી વધી ગઇ, અને એણે મોમીનખાન સામે અમદાવાદનું રક્ષણ કરવાનો નિરધાર કર્યો. વર્ષાકાળ પૂરો થતાં જ નવા સૂબા મોમીનખાને અમદાવાદ સર કરવાની તૈયારી શરૂ કરી અને થોડા સમયમાં તે અમદાવાદ ઉપર ચઢી આવ્યો.

કર્નલ વોલ્ટર જણાવે છે તેમ ભંડારીએ જરા પણ હિંમત હાર્યા વગર શહેરનો બચાવ છેવટ સુધી કરવાનો દઢ નિશ્ચય જાહેર કર્યો. દામાજી ગાયકવાડ મોમીનખાન સાથે જોડાઈ ગયો. અમ-દાવાદથી ત્રણ માઇલ દૂર ઇસાનપુરમાં ઉભય વચ્ચે જાણે ખાસ જૂની મૈત્રી જ હોય એવો દેખાવ થયો. આ જોડાણની ખબર રતનસિંગ ભંડારીને મળતાં જ ઘડીભર તે વિચારમગ્ન બની ગયો. પછી તેણે '**शठं प्रति शाठ्यं कुर्यात्**' એ મુસદ્દીપણાની નીતિનો આશ્રય લેવાનો વિચાર કરી દામાજીને કહેવડાવ્યું કે—મોમીનખાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રંગોજીને અમદાવાદની આસપાસનો મુલક તથા ખંભાત છોડીને જે ચોથની આવક થાય છે તેનો અર્ધો ભાગ તમને આપવાની કબુલાત આપી છે જ્યારે હું જો તમે મારી સાથે જોડાતા હો તો તમને એ સર્વ સાથેની ચોથમાંથી અર્ધો ભાગ આપવા કબૂલ થાઉં છું. આ શરતની અવેજીમાં મારા મોટા જમીનદારોને તમારા તંબુમાં મોકલવા તૈયાર છું. આ શરત દામાજીએ મોમીનખાનને વંચાવી અને તે શું કરવા માંગે છે એમ પૂછયું.

મોમીનખાને ભંડારીવાળી શરત કબૂલી લીધી. એમાં ખંભાતની ઉપજને બદલે વીરમગામ જિલ્લો આપી દેવારૂપ ફેરફાર કર્યો. આ લાભ મળતાં મરાઠા નાયકે રતનસિંગ ભંડારી સાથેના સંદેશા બંધ કર્યા. પોતે દુધેશ્વરની યાત્રાએ ગયો અને ત્યાંથી પાછા ફરીને સાથમાં રંગોજીને રાખીને સન ૧૭૩૮માં અમદાવાદ સર કરવા ઉગ્ર પગલાં ભર્યાં. તેઓએ એવી ખરાબ રીતે મારો ચલાવ્યો કે જેથી શહેરને ઘણું નુકશાન પહોંચ્યું. ખુદ મોમીનખાનને લાગ્યું કે આ રીતે હલ્લો કરી દાખલ થતાં મરાઠા સૈન્યની પાસેથી ભવિષ્યમાં પોતે શહેરનો કબજો કેવી રીતે લઇ શકશે? એથી તેણે મીરા–તે–અહમદીના કર્ત્તાને રતનસીંગ પાસે મોકલ્યો અને સુલેહભરી રીતે શહેર સોંપી દેવાની માંગણી કરી. પણ ભંડારીએ જરા પણ નમતું તોળ્યું નહીં. દરમીયાન કાઝીમ અલીખાનની સરદારી નીચેના મુસલમાન સૈન્યે અને બાબુરાવ મરાઠાની સરદારી હેઠળના મરાઠા સૈન્યે શહેર કબજે લેવાનાં જોશભેર હુમલા કર્યાં. પણ એમાં ઉભયને પાછા ફરવું પડયું. બીજે દિવસે રતનસિંગને લાગ્યું કે સંયુક્ત બળનો સામનો કરી શહેરનો બચાવ કરવો શકય નથી એટલે મોમીનખાન જોડે સંધિના સંદેશા શરૂ કર્યા. અને પોતાના સૈન્યના નિભાવ માટે અમુક રકમ લેવાની, તેમજ લડાયક સમોવડીયાને છાજે તેવા મોભા સહિત શહેર છોડી જવાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરતથી સુલેહ કરી. આ રીતે ભંડારી રતનસિંગના કારભારનો ગુજરાતમાં અંત આવ્યો.

સન ૧૭૪૫માં બીકાનેરનો રાજા જોરાવરસિંગ મૃત્યુ પામ્યો. ગાદી માટે બે હકદાર ઊભા થયા. એકનું નામ ગજસિંહ અને બીજાનું નામ અમરસિંહ. ઠાકુર ખુશાલસિંગ અને મહેતા બખ્તાવરસિંગની મદદથી ગજસિંહ ગાદીએ ચઢી બેઠો. અમરસિંહ અભયસિંગની મદદ મેળવવા દોડ્યો. અભયસિંહે અમરસિંહના હકને કબૂલ રાખી, એની કુમકે રતનસિંગ ભંડારીને સૈન્ય આપી ગજસિંહ સામે મોકલ્યો. કેટલાક સમય સુધી ઉભય વચ્ચે નાની નાની લડાઇઓ ચાલુ રહી. સન ૧૭૪૭માં ઉભય પક્ષનાં સૈન્યો સામસામે આખરી યુદ્ધ લડવાને એકત્ર થયાં. ઝનૂની લડાઇનો આરંભ થયો. ઘણા પ્રયાસ ને સખ્ત લડાઇ પછી બીકાનેરનું સૈન્ય વિજયી નીવડયું. એણે ઘેરો ઘાલી બેઠેલા રતનસિંગના લશ્કરને પાછું હઠાવ્યું. રતનસિંગ આ જોતાં જ આગળ વધ્યો. જાણે એકાદ ઝનૂન પર ચડેલો સિંહ ન ઘૂમી રહ્યો હોય તેમ શત્રુ સામે તરવાર ફેંકતો ઘૂમવા લાગ્યો. જોતજોતામાં ગુમાવેલી કેટલી જગ્યા મેળવી પણ ખરી; ત્યાં તો ગજસિંહે ફેંકેલા બાણથી એની આંખ ફૂટી. આમ છતાં એણે સૈનિકોને દોરવણી આપવી ચાલુ રાખી. પોતાને સખત ઘા લાગ્યા છતાં અને જાતે અશક્ત બન્યા છતાં તેણે નમતું ન તોળ્યું. દુશ્મન દળમાં નવી ભરતી થવા માંડી અને એનું જોર વધી પડયું. રતનસિંગને લાગ્યું કે આવા વિપુલ કટક સામે ઝૂઝવું નકામું છે એટલે એણે પાછા ફરવાનો હુકમ આપ્યો. દરમિયાન એક બીકાનેરી ભાલાધારીએ એના પર પીઠેથી ઘા કર્યો. એ ઘા મરણાંત નિવડયો અને એનાથી ભંડારી સરખો મુસદ્દી ને બહાદુર સરદાર કાયમની નિદ્રામાં પોઢયો. ધર્મે જૈન હોવા છતાં ભંડારીના જીવનમાંથી સાહસ, પરાક્રમ અને બહાદુરીના પ્રસંગો જોઇતા પ્રમાણમાં મળે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૧૬. અજમેરનો સૂબો ધનરાજ

આ વ્યક્તિએ જીવનની આહૂતિ આપીને પણ પોતાની ટેક જાળવી છે. જયપુરની નજિક ટોંગા ( Tonga ) આગળ સીન્ધીયાને હરાવીને મારવાડનો નામીચો સરદાર ભીમરાજ સંઘવી, અજમેર ઉપર ચઢાઇ લઇ ગયો. એ વેળા ત્યાં મરાઠાનો સૂબેદાર અનવર બેગ અધિકારપદે હતો. એની પાસેથી અજમેર ખુંચવી લઈ ત્યાં ધનરાજ સંઘવીને સૂબેદાર તરીકે સ્થાપન કરી ભીમરાજ પાછો ફર્યો. સન ૧૭૮૭.

આ સંઘવીઓ મૂળ (Nandavana Bohra Brahamans) નંદવાના બોહરા બ્રાહ્મણ હતા જેઓ પૂજ્ય શ્રી મુનિસુંદરસૂરિ મહારાજના ઉપદેશથી જૈનધર્મી બન્યા હતા. આ કાર્ય શિરોહી-માં વિ. સં. ૧૪૬૫ માં બન્યું હતું. તેઓનો વસવાટ જોધપુરમાં વિ. સં. ૧૫૩૩ ની સાલથી હતો એવી નોંધ પ્રાપ્ત થાય છે.

મરાઠાઓ આ રીતે અજમેર ગુમાવી ચૂપ ન બેઠા. તેઓએ પુનઃ પોતાનું બળ એકત્રિત કર્યું અને ચાર વર્ષ પછી ફરીથી મારવાડમાં પગલા પાડ્યાં. મારવાડી અને મરાઠા સૈન્યો વચ્ચે મેઇરટા ( Mairta ) અને પાટણ ( Patan ) એ બે સ્થળે સખત યુદ્ધો ખેલાયા જેમાં મારવાડી સૈન્યને પરાજય મળ્યો.

આ દરમીઆન મરાઠાના સેનાનાયક ડી બોઇને (De Boigne) અજમેરને ઘેરો ઘાલ્યો.

અહીંના સૂબેદાર કથાનાયક ધનરાજે બહાદુરીથી શહેરનો બચાવ કર્યો અને જરા પણ નમતું તોળ્યું નહીં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ પાટણમાં હાનિકારક હાર થવાથી મારવાડી સરદાર વિજયસિંગે ધનરાજ પર મરાઠા સરદારને શરણે જવાનો હુકમ પાઠવ્યો અને અજમેર સોંપી જોધપુર ચાલ્યા આવવાની સૂચના કરી.

ધનરાજ જેવા નામી અને તેજવંત લડવૈયા માટે આ જાતનો હુકમ વધુ પડતો હતો. પ્રતિષ્ઠાભંગ થાય એવી રીતે શરણે થવાની એની પ્રકૃતિ હતી જ નહીં તેમ પોતાના ઉપરી હાકેમના ફરમાન પ્રત્યે બેદરકારી દાખવવામાં ચોકખો શિસ્તભંગ છે એમ એ સમજતો હતો. એની આબરૂ એક નિમકહલાલ યોદ્ધા તરીકેની હતી. એને કાલીમા લાગે તેવું કંઈ કરવા એ તૈયાર નહોતો.

વિજયસિંગના ફરમાનથી એની દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઇ પડી! એમાંથી પાર ઉતરવા સારુ એણે સર્વાળે જીવનની આહૂતિ દઈ દેવાનો માર્ગ નક્કી કર્યો.

પોતાના સૈનિકોને કિલ્લામાં એકઠા કર્યા. એ બધાની વચમાં ઊભા રહી એ બુલંદ અવાજે બોલ્યો—


'Go and tell the prince, thus only I could testify my obedience; and over my dead body alone could a Maratha enter Ajmer.'

મારા શૂરા ને વહાલા સૈનિકો જઇને આપણા રાજકુંવરને કહેજો કે આપના ફરમાનનું પાલન મેં મારા જીવનને યમરાજની વેદી પર હોમી દઈ કર્યું છે. મારા મૃત કલેવર પર પગ દઈ ભલે મરાઠા નાયક અજમેરમાં પ્રવેશ કરે.

આ જુસ્સાદાર શબ્દો બોલી એણે તરત જ પોતાના હાથ પરની હીરાની વીંટી ચૂસી લીધી અને મૃત્યુનો મહેમાન બન્યો.

જૈનધર્મ આત્માની અમરતા માને છે અને એના સાહિત્યમાં ગુણોનું બહુમાન–ગુણી પુરુષોની પૂજા એ તો ડગલે પગલે દષ્ટિગોચર થાય છે. એ ઉમદા વચનોનું પાન કરનાર ધનરાજે સાચે જ પોતાનું જીવતર ધન્ય બનાવ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૧૭. મંત્રીશ્વર જયમલજી.

**જનની જણ કાં ભક્ત જન, કાં દાતા કાં શૂર;**
**નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

ઉપરના દુહામાં કહેવામાં આવેલી વાત રાજસ્થાનના ઈતિહાસમાં ડગલેપગલે દૃષ્ટિગોચર થાય છે. ખરેખર એ સાચું જ છે કે અનેક આત્માઓ જન્મે છે તેમ મરે પણ છે; પણ જીવન તો એના સાર્થક છે કે જેઓએ પોતાના દેશ–જાતિ કિંવા ધર્મ અંગે જિંદગીને હોડમાં મૂકી દીધી છે.

જોધપુરમાં મહારાજા ગજસિંહના રાજ્યકાળે, દેશના કારભારમાં જે ઓસવાળ જૈનો જોડાયેલા હતા એમાં પાકા અને અનુભવી મુત્સદી તરીકે મંત્રીશ્વર જયમલજીનું આસન આગળ પડતું હતું. મારવાડ રાજયના ઇતિહાસમાં તેઓશ્રીની વિવિધ પ્રકારી સેવાઓની નોંધ જળવાઈ રહેલી જોવાય છે.

ઓસવાળ જ્ઞાતિમાં મુંહણોત એ જાણીતું ગોત્ર છે. જોધપુરના રાવ રાઠોડ સીહાથી એ પરંપરા શરૂ થયેલ ગણાય છે. સીહોના પુત્ર આસથાન, એની પછી ધૂહડ, અને ધૂહડનો પુત્ર રાયપાલ થયો. રાયપાલને તેર પુત્રો હતા. એમાં બીજા પુત્ર મોહનસિંહના નામથી મુંહણોત ગોત્રની ઉત્પત્તિ થઇ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણા કથાનાયક મુંહણોતવંશી સૂજાના પ્રપૌત્ર, અમલાના પૌત્ર અને જેસાના બીજા પુત્ર તરીકે જન્મ્યા હતા. માતાનું નામ જયવંતદે (જસમાદે) હતું. વિક્રમ સંવત ૧૬૩૮ મહા શુદ ૯ ને બુધવાર એ તેમનો જન્મદિન. જેસા–જસમાદેના આ સંતાને રાજકીય ક્ષેત્રમાં અને ધાર્મિક ક્ષેત્રમાં પોતાના નામે સુપ્રમાણમાં યશગાથા નોંધાવી છે. પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો પ્રવાહ દાનની દિશામાં પણ સારી રીતે વાળ્યો છે.

જયમલજીનો પહેલો વિવાહ વેદ મહેતા લાલચંદ્રની પુત્રી સરૂપદે સાથે થયો હતો, જેનાથી તેમને નૈણસી, સુન્દરસી, આશકરણ અને નરસિંહદાસ નામના ચાર પુત્રો થયાં હતાં. બીજો વિવાહ સીંઘવી બિડદસિંહની પુત્રી સુહાદે જોડે થયો, અને એનાથી એક પુત્ર જન્મ્યો. એનું નામ જગમાલ પાડવામાં આવ્યું હતું.

વિ. સં. ૧૬૭૨માં ફલોધીમાં મહારાજા સૂરસિંહજીની હકુમત સ્થપાણી એ વેળા જયમલજીને ત્યાંના શાસનની ધુરા સોંપવામાં આવી. દિલ્હીના પાદશાહ જહાંગીર તરફથી ગજસિંહને જાલોરનું પરગણું પ્રાપ્ત થયું. એ નવા શહેરના શાસક તરીકેની પસંદગીનો મુગટ જયમલજીના શિરે પહેરાવવામાં આવ્યો. વધારામાં રાજવી તરફથી પોતાની હવેલી–બાગ–આદિ સ્થાવર મિલ્કતની ભેટ પણ તેમને મળી. ( વિ. સં. ૧૬૭૭ )

સંવત ૧૬૮૩માં મહારાણા ગજસિંહજીના પાટવી કુંવર અમરસિંહને નાગૌર પરગણું મળ્યું. એને માટે હાકિમની તપાસમાં પહેલી નજર સીધી જયમલજી ઉપર પડી.

આ રીતે તદ્દન નવા અને જુદાજુદા સ્થાનમાં સૂબાગીરી કરવામાં ઓછી આવડત કામ લાગતી નથી. એમાં પણ રાજા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા પ્રજાનો પ્રેમ સંપાદન કરવો એ કપરૂં કામ ગણાય છે. એ સર્વ તબક્કા મંત્રીશ્વરે પોતાની કાર્યદક્ષતાથી પસાર કરી દીધા.

દરમીઆન તેમને બાડમેરમાં જવું પડયું. વિ. સં. ૧૯૮૪ આસપાસની સ્થિતિ બગડી ગઇ હતી. બાગી સરદારો ભરણું મોકલવામાં દાદ દેતાં નહોતા. રાજ્યની લગામ હાથમાં લઇ સૌપ્રથમ કાર્ય જયમલજીએ એ સરદારોને દબાવવાનું કર્યું. પોકરણ, રાઉદડા અને મેવાસાના નાયકો પાસેથી દંડ વસુલ કર્યો અને વર્ષોજૂની દાણ ઉઘરાવી લીધી.

વિ. સંવત ૧૯૮૬માં જયમલજીની આ કાબેલીયત જોઇને, રાજ્ય પ્રત્યેની એકધારી વફાદારી અને અજોડ પ્રમાણિકતા નીરખીને મહારાજા ગજસિંહજીએ તેમને પોતાના દિવાનપદે નિયુક્ત કર્યા. આ મહત્વનો અધિકાર તેઓશ્રીએ જીવનના અંત સુધી ગૌરવભરી રીતે સાચવ્યો.

વિક્રમ સંવત ૧૯૮૭ માં મારવાડ અને ગુજરાતમાં અતિ ભયંકર દુકાળ પડ્યો. અન્નના અભાવે માનવગણ અતિ વિષમ દશામાં આવી પડ્યો. એ વેળા મંત્રીશ્વર જયમલજીએ પરોપકાર વૃત્તિથી અનાજ દૂર દૂરથી મંગાવી આમજન સમૂહને પહોંચાડવાનો પ્રબંધ કર્યો અને કપરી દશામાં આવી પડેલ ભાઇબહેનોને એક વર્ષ પર્યંત મફત અન્ન–પાણી તેમજ વસ્ત્રો પૂરા પાડ્યાં.

તપાગચ્છની સમાચારી આચરનાર આ મહામાત્યે જેમ રાજ્ય ધર્મમાં શૌર્યતાના દર્શન કરાવ્યા, દાનશીલતાથી જનસમૂહમાં અગ્રણી પદ પ્રાપ્ત કર્યું તેમ ઉદાર વૃત્તિના જોરે ધાર્મિક કાર્યોમાં પણ લક્ષ્મીનો વ્યય કરવામાં જરા પણ કચાશ નથી રાખી. ‘ કીર્તિકેરાં કોટડા પાડ્યા નહીં રે પડંત ’ એ ઉક્તિ અનુસાર જાલૌર, સાંચૌર, નાડોલ, શત્રુંજય અને જોધપુર આદિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નગરોમાં જે રમણીય પ્રાસાદો આજે શોભી રહ્યાં છે એ કથા-નાયકની યશગાથા મૂકપણે ગાઇ રહ્યા છે.

જાલૌરમાં મહારાજા કુમારપાળે બંધાવેલ મંદિર જીર્ણદશામાં આવી ગયું હતું. એ સ્થાન પર જીર્ણોદ્ધાર કરી જયમલજીએ નવું મંદિર બંધાવ્યું અને સં. ૧૬૮૧ ના પ્રથમ ચૈત્ર વદ પાંચમના દિને ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીની મનોહર મૂર્તિની પ્રતિષ્ઠા કરી. એ સિવાય કિલ્લામાં બીજા બે દેવાલયો છે. એ ત્રણે પ્રાસાદો મંત્રીશ્વરની યશપતાકા દૂર દૂર સુધી ફેલાવી રહ્યા છે. એ સર્વમાં જે લેખો આજે દૃષ્ટિગોચર થાય છે એ ઉપરથી ઇતિહાસના અંકોડા સહજ સાંધી શકાય છે. પ્રતિષ્ઠા-વિધિ શ્રી વિજયદેવસૂરિના સમયમાં થઈ હતી. એ ઉપરાંત જાલોર શહેરમાં તપાપાડા મહોલ્લામાં એક દેવાલય તેમજ ઉપાશ્રય મોજુદ છે, તે પણ ઉક્ત મંત્રીશ્વરે કરાવેલ છે એમ જનવાયકા છે.

મારવાડના પ્રસિદ્ધ ઐતિહાસિક નગર સાંચોરમાં વિ. સંવત ૧૬૮૧ માં જૈન મંદિર બનાવરાવ્યું. જોધપુરમાં સં. ૧૬૮૬ માં ચૌમુખજીનું દહેરૂં બંધાવ્યું. એ જ રીતે સં. ૧૬૮૩ માં શ્રી શત્રુંજયગિરિરાજ પર અને નાડોલમાં પણ દેવસ્થાનો બંધાવ્યા તેમજ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

નાડોલ એ તો મારવાડનું પ્રસિદ્ધ નગર છે. અહીં શ્રી પદ્મપ્રભુનું પ્રસિદ્ધ દેવાલય છે. મૂળનાયક શ્રી પદ્મપ્રભુની પ્રતિમા મંત્રીશ્વરે બનાવરાવી, પ્રતિષ્ઠા જાલોરમાં કરાવી અને ત્યાંથી લાવી નાડોલના રાયવિહાર મંદિરમાં સ્થાપના કરી આવ્યો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. મૂળનાયકની બાજુમાં શ્રી શાંતિનાથનું



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બિંબ છે. એના પરના શિલાલેખથી જાણવા મળે છે કે—એના સર્જક પણ મંત્રીશ્વર જયમલજી છે.

સં. ૧૬૮૩ માં જયમલજીએ સંઘ કાઢીને શત્રુંજય, શ્રી રૈવતાચળ (ગિરનાર) અને શ્રી અર્બુદાચળ( આબુ )ની યાત્રાઓ કરી હતી.


ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિપુટીની સાધનામાં જીવનને પ્રમાણપુરસ્સર વ્યતીત કરનાર આ વિભૂતિ ચોથા મોક્ષ પુરુષાર્થની સમીપ પહોંચી જાય એમાં આશ્ચર્ય શું હોઇ શકે? ધન્ય હો એ જીવનને!

## નાંદોલનું મહત્ત્વ

અહીંઆ મને પુષ્કળ ઐતિહાસિક સામગ્રી મળી...બે તામ્રપત્રો મળ્યા. તેમાંનો એક સં. ૧૨૧૮ માં અનળદેવની સ્તુતિમાં લખવામાં આવ્યો હતો. આ સ્થાનેથી મને કેટલાક પ્રાચીન અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથો મળ્યા. આ સર્વ ગ્રંથોમાં છત્રીશ રાજવંશોનું વર્ણન છે. તે ઉપરાંત તેમાં અતિ પ્રાચીનકાળના ભારતવર્ષની ભૂમિનું તથા તેમાં આવેલાં નગરોનું વર્ણન છે...એમાંના એકમાં વિક્રમ અને મહાવીરના સમયના જૈન ધર્માવલંબી રાજાઓમાં સર્વથી શ્રેષ્ઠ એવા શ્રેણિક તથા સમ્પ્રતિના વંશજોનો ઇતિહાસ લખેલો હતો...આ પ્રદેશ જૈન ધર્મની પ્રધાન લીલાભૂમિ છે. ચોહાણ નૃપતિ સંબંધી તામ્રપત્રમાં જૈનધર્મ અંગે જાણવાનું મળે છે.

— ટોડ રાજસ્થાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૧૮. સુરાણા ત્રિપુટી.

## (૧) અમરચંદજી સુરાણા

રાજપુતાનાના રાજનૈતિક ક્ષેત્રમાં ઓસવાલ વીરોનું સ્થાન ગૌરવસૂચક છે. ધાર્મિક, સામાજિક, વ્યાપારિક અને સૈનિક પ્રગતિમાં એવું એક પણ સ્થાન નહીં મળે જેમાં એમનો હિસ્સો ન હોય અથવા તેઓ પાછળ રહ્યા હોય. દરેક રાજ્યના ઇતિહાસના પાના અવલોકનારને ઓસવાળ વીરલાઓનો ત્યાગ, આત્મબળિદાન અને બુદ્ધિચાતુર્ય જોવાના પ્રસંગો સહજ પ્રાપ્ત થાય તેમ છે. બીકાનેરના ઓસવાળોમાં બચ્છાવતો, વૈદો પછી સૂરાણા ગૌત્રીયોના સિતારા ચમકી ઊઠે છે. ઓસવાળ એટલે જૈનધર્મી એ વાત નવેસરથી કહેવાની અગત્ય નથી જ.

બીકાનેરનરેશ સૂરસિંહજીના રાજ્યકાળથી આરંભી મહારાજ સરદારસિંહજીના સમય સુધી જે જે ઓસવાળ મુસદ્દીઓએ પોતાની દક્ષતાના બળે બીકાનેર રાજ્યની જે સેવા કરી છે એની નોંધ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાવા યોગ્ય છે. રાજસ્થાનના વીરતા અને ગૌરવ ગાથા દર્શાવતા ઇતિહાસમાં વીરશિરોમણી દીવાન રાવ શાહ અમરચંદજીનું સ્થાન ઘણું ઊંચું છે.

કથાનાયક અમરચંદ સુરાણા શેઠ મલુકચંદજી સુરાણાના પૌત્ર અને શાહ કસ્તુરચંદજીના વડિલ પુત્ર હતા. બાળપણથી જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમનામાં રહેલી વીરતા અને ઉદારતાના દર્શન આસપાસના માણુસોને થવા માંડયા હતાં. માત્ર અગીઆરની વયે પહોંચ્યા હશે ત્યાં તો તલવાર અને કટાર ચલાવવામાં હુશિયાર ગણાતા વર્ગમાં તેમનો નંબર લાગ્યો હતો.

વિ. સં. ૧૮૬૦માં બીકાનેરથી જે સેના ચુરૂ મોકલવામાં આવી અને વિજય પ્રાપ્ત કરી ચુરૂના માલિક પાસેથી એકવીશ હજાર રૂપીઆનો દંડ વસુલ કર્યો એમાં શાહ મુલતાનમલ ખજાનચી અને જાલીમસિંહ પડિહાર જોડે અમરચંદજી સુરાણા પણ મુખ્ય હતા. એ વેળા દાખવેલી હિંમત અને વાપરેલી દક્ષતા ધ્યાનમાં લઇ સં. ૧૮૬૧માં મહારાજ સુરસિંહજીએ ભટનેરના કિલ્લેદાર જાબ્તારખાં ભટ્ટીને દબાવી શરણે લાવવા સારુ ચાર હજારની રાઠોડ સેના સહિત અમરચંદજીને મોકલ્યા. ‘ તારા કી જ્યોતમાં ચંદ છૂપે નહી ’ એ કવિત અનુસાર ભટનેરના કિલ્લા નજિક પહોંચતાં જ સુરાણાજીએ કિલ્લાની આસપાસ સખત ઘેરો નાંખ્યો, અને પાણી પૂરું પાડનાર મુખ્ય સાધન સમા અનુપ સાગર પર કબ્જો કરી, સખત ચોકીપહેરો મૂકી દીધો.

જાબ્તારખાંએ શાહના ઘેરા સામે શરૂઆતમાં તો જોરથી ટકાવ કર્યો પણ જેમ જેમ દિવસ વધતાં ગયાં તેમ તેમ કિલ્લામાંની પ્રજાને ખાધાખોરાકી અને પાણીની વિપદ પડવા માંડી, મૂંઝવણ વધી પડી. ભૂખમરાથી મરણ પ્રમાણ વધી પડયું. પાંચમે મહિને થાકીને ખાને સુલેહનો વાવટો ફરકાવ્યો અને શરત મુજબ કિલ્લો સોંપી દઇ ખાન પોતાના સાથીયો સહિત પંજાબ તરફ ચાલ્યો ગયો. એ દિવસ વૈશાખ વદ ૪ ને મંગળવારનો હોવાથી સં. ૧૮૬૨માં કિલ્લાનું નામ હનુમાનગઢ રાખવામાં આવ્યું. શાહે જે કુનેહથી કામ લીધું હતું તેના સન્માન અર્થે રાજવી તરફથી અમરચંદજીને દીવાન પદ પ્રાપ્ત થયું અને પાલખીનું બેસણું મળ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સં. ૧૮૬૫માં જોધપુરનરેશ માનસિંહજીએ દીવાન ઇંદ્રરાજ સીંઘવીની સરદારી હેઠળ એંશી હજારની સેના મોકલી બીકાનેર પર ચઢાઇ કરી. આ સમાચાર મળતાં રાજવી સૂરસિંહજીએ બની તેટલી સેના એકઠી કરી એનો સામનો કરવા દીવાન અમરચંદને મોકલ્યા. કાર્યકુશળ શાહે હોશિયારીથી કામ લીધું અને અસાધારણ વીરતા બતાવી શત્રુસેના સાથે મુકાબલો કરી, એનો અસબાબ લૂંટી લીધો અને બીકાનેરની દિશામાં પાછા ફરવાની આજ્ઞા પોતાના સૈન્યને કરી. સાધનસામગ્રી ગુમાવી બેઠેલી જોધપુરી સેના લગભગ બે મહિના પર્યંત નાના નાના છમકલા કરતી ગજનેરમાં છાવણી નાંખી પડી રહી. દરમીઆન સુરાણાજીએ તો નવી તાકાત જમાવી દીધી હતી. જ્યાં બે માસના અંતે કલ્યાણમલ લોઢા ચાર હજાર જોધપુરી સૈનિકો લઇને બીકાનેર તરફ આવી રહ્યાના સમાચાર મલ્યા કે તરત જ સુરાણા અમરચંદજી ગજનેરની દિશામાં આગળ વધ્યા. એ સાંભળતાં જ લોઢાના મોતીઆ મરી ગયાં. એ પાછો ભાગવા માંડયો અને શાહે પણ જલ્દી કૂચ કરી એનો પીછો પકડયો. થોડા અંતરે ઉભયનો ભેટો થયો. લોઢાને ફરજીયાત યુદ્ધમાં ઉતરવું પડયું. શૂરાતન દાખવી સુરાણાજીએ એને પકડી લઇ બંદીવાન બનાવ્યો અને બીકાનેરમાં લાવી મહારાજા સમક્ષ ખડો કર્યો.

સૂરતસિંહજીના રાજ્યકાળમાં ( સં. ૧૮૬૬–૭૦ ) બાગી ઠાકુરો બહુ માથાભારે બન્યા હતા. વાત વાતમાં ટંટા ઊભા કરતા અને પ્રજાને હેરાનગતિ પહોંચાડતાં. એ સર્વને ઠેકાણે આણવાનું કપરું કામ અમરચંદજીના શિરે આવ્યું. અહીં પણ એમને જ વિજય મળ્યો. એ જ રીતે વિદ્રોહી સાંડવેના ઠાકોર જૈતસિંહને પણ રાજ્યના કાબૂ હેઠળ આણ્યો.

ઉપર વર્ણવ્યા તેવા વિદ્રોહના સંખ્યાબંધ બનાવોમાં અમર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચંદજીએ શૂરવીરતા બતાવી બીકાનેર સંસ્થાનની પ્રતિષ્ઠાને જરાપણ ઊણુપ આવવા દીધી નથી. એમાં શેખાવટી, સીધમુખ અને ચુરુના ઠાકુર શિવસિંહવાળા બનાવો ખાસ અગ્રપદે આવે છે. એ વેળા રાજ્યની વફાદારીના આવેગમાં સુરાણાજી વધુ પડતા ઘાતકી બની જાય છે. ચુરૂના વિજય પછી મહારાજા સુરતસિંહજી દીવાનને 'રાવ'ને ખિતાબ અને સ્વારી માટે હાથી આપે છે. આ રીતે અમરચંદજીનો કીર્તિ-સિતારો મધ્યાહ્નને પહોંચે છે. એ સાથે જ અસ્તના ચોઘડીઆ વાગે છે.

પ્રતિભા-માન-મરતબો વધતાં જ એ સામે એકાદો વિરોધી વર્ગ પેદા થાય છે. એમાં રાજયકારભારની આંટીઘુંટીમાં આ જાતના વર્ગની-એના દ્વારા પથરાતી પ્રપંચજાળની કંઇ જ નવિનતા નથી. એ અંગે સંખ્યાબંધ ઉદાહરણો ઇતિહાસના પાના ફેરવતાં હાથ ચઢી જાય છે. વળી પરાક્રમથી નવાજી જનારા ઘણાખરા રાજવીઓ કાચા કાનના જ હોય છે એટલે જે નીતિકારોએ કહ્યું છે કે-'રાજા કોઇના મિત્ર ન હોય' એ સાચું જ છે. બીકાનેરના કેટલાક કર્મચારીની બનાવટનો ભોગ સુરતસિંહજી થયા.

ચૈન પડિહાર, રામકર્ણ અને આસકર્ણરૂપ ત્રિપુટીએ અમરચંદજીને ઊતારી પાડવા એક બનાવટી ખત તૈયાર કર્યું. એમાં લખવામાં આવ્યું હતું કે-નવાબ મીરખાંની સાથે અમરચંદજી મળી જઇ બીકાનેરની ગાદી પરથી મહારાજને ઉખેડી નાંખવાના કાવત્રામાં સામેલ છે. આ ઉપજાવી કાઢેલ ખત સુરતસિંહજીને બતાવવામાં આવ્યું અને વિશેષમાં ગોઠવી રાખેલા સાક્ષીઓ દ્વારા એની સત્યતા પુરવાર કરી આપવામાં આવી. પોતાની સામે આ પ્રકારનું ષડ્યંત્ર રચાય અને એમાં દીવાન અમરચંદ આગેવાન બને એ વિચારે રાજવી ભાન ગુમાવી બેઠો. એકદમ રાવ અમરચંદને પકડી આણવાનો હુકમ છોડયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતે આમાં નિર્દોષ છે એટલું જ નહીં પણ એ સાબિત કરી આપવા તૈયાર છે અને જ્યાંસુધી એમ સાબિત ન કરી આપું ત્યાંસુધી મારીવતી ખેતડીનાં મહારાજ ત્રણ લાખ રૂપીઆ ભરી જમાન થવા તૈયાર છે.

દીવાનનું આ કહેણુ બહેરા કાન પર અથડાયું. નિશામાં ચકચૂર બનેલ આદમી ખરા ખોટાનો વિવેક ન કરી શકે તેમ સુરતસિંહ એ પાછળનો ભાવ સમજી ન શક્યો અને કતલ કરવાનો આદેશ આપી અંતઃપુરમાં ચાલ્યો ગયો.

એ વેળા વીરધર્મના ઉપાસક અમરચંદજીને મરણનું દુઃખ ખાસ સાલ્યું નહીં, પણ પોતે રાજવીનો તાપ બેસાડવા વધુ પડતું દાખવેલ ઘાતકીપણું યાદ આવ્યું. એ માટે અતિશય પસ્તાવો થયો. એ વેળા જ જીવનમાં સત્તા, વૈભવ કે અધિકાર કેવા અસ્થિર છે તેનું ભાન થયું અને માનવજીવન પામ્યાની સફળતા પરોપકાર અને ભલમનસાઇમાં રહેલી છે એનું સ્પષ્ટ દર્શન થયું. સમતાપૂર્વક, સર્વ જીવોને ખમાવી, મૃત્યુની ભેટ એક વીર યોદ્ધાને છાજે તેવી રીતે કરી. (સં. ૧૮૭૨.)

સમયનું ચક્ર અસ્ખલિત ગતિએ વહ્યું જાય છે. સુરાણાજીની કરપીણ મૃત્યુઘટના જૂની બની. અચાનક ષડ્યંત્ર પરનો પડદો ઉચકાયો. બીજી તરફ ચુરૂના ઠાકોર પૃથ્વીસિંહે ઉત્પાત જન્માવ્યો. સેના મોકલવા છતાં કેમે કરી એ વિદ્રોહ દબાવી ન શકાયો. એ વેળા સુરતસિંહને અમરચંદજીની યાદ આવી. પોતે રભસવૃત્તિએ કરી નાંખેલી ભૂલ માટે અતિશય દુઃખ થયું. ભારી પશ્ચાત્તાપ થયો પણ દૂધ ઢોળાઇ ચૂક્યું હોવાથી એનો અર્થ કંઇ જ નહોતો. અમરચંદનો આત્મા પોતાની પાછળ અમર સુવાસ મૂકી ચાલ્યો ગયો હતો એ કંઇ પાછો આવે તેમ હતું જ નહીં. એની ખોટ મહારાજને જીવનના અંત સુધી ખટક્યા કરી અને તે અન્યથી ન પૂરાઇ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાવ અમરચંદજીનું આખું જીવન રાજ્યની સેવા અને સમરભૂમિ પર શસ્ત્રોના ખેલ ખેલવામાં વ્યતીત થયું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તે એક દૂરદર્શી અમાત્ય અને વીરયોદ્ધા હતા. તેમને ત્રણ પુત્રો હતા. માણિકચંદ, લાલચંદ અને કેશરીચંદ. તેઓ સર્વ પોતાના બાપની માફક રાજસેવામાં અને રણભૂમિ પર પરાક્રમ દાખવવામાં જાણીતા થયેલા છે. અમરચંદજી ખરતર ગચ્છના અનુયાયી હતા. દાદાજી શ્રી જિનકુશલસૂરિના ભકત હતા. ધાર્મિક કાર્યોમાં ધન વ્યય કરવામાં તેઓ પાછા નથી પડચા. દીનહીન જનોની સેવા પાછળ લક્ષ્મી ખરચવાનું તેમનું ખાસ લક્ષ્ય હતું. દાદાજીની છત્રી તેમજ કુલસાગર નામનો કૂવો રતનગઢમાં આજે પણ તેમની યાદ આપે છે.

---

## ( ૨ ) માણિકચંદજી સુરાણા

'બાપ જેવા બેટા અને વડ તેવા ટેટા' એ કહેવત મુજબ રાવ શાહ અમરચંદજીના આ મોટા પુત્રે પણ વીરતા અને ધીરતામાં, ધર્મપ્રેમમાં અને રાજ્યસેવામાં કચાશ નથી દાખવી.

ચુરુના ઠાકોર પૃથ્વીસિંહે જ્યારે રતનગઢનો કબ્જો લીધો હતો ત્યારે બીકાનેરનરેશ સૂરતસિહજીએ હુકુમચંદજીની સાથે કથાનાયક માણિકચંદને મોકલેલા. એ વેળા બાહુબળનો સુપ્રમાણમાં પરિચય કરાવવાની તેમને તક મળી. એ પરાક્રમના સન્માનમાં ગામ કાણેણુની જાગીર મહારાજે તેમને આપી.

વિક્રમ સંવત ૧૮૭૪ થી સં. ૧૮૮૭ સુધીના સમયમાં સુરાણા માણિકચંદજી સેનાનાયકના પદથી વિભૂષિત રહ્યા. એ વેળા એમણે જે કાર્યદક્ષતા દાખવી, જે બુદ્ધિમત્તાનો પ્રભાવ બતાવ્યો એ સંબંધે જૂદા જૂદા પ્રસંગે ખાસ રૂક્કા બિકાનેર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

નરેશ તરફથી પ્રાપ્ત થયા જેમાંના ત્રણ આજ સુધી તેમના વંશજ શાહ સેસકરણજી પાસે મોજુદ છે.

સંવત ૧૮૯૪ માં સેખાવત જુહારસિંહ આદિ સીકરની ખાનાખરાબી કરી તળ બીકાનેર સંસ્થાનમાં દાખલ થઈ જુલમ ગુજારવા લાગ્યા ત્યારે સુરાણા માણિકચંદજીની આગેવાની હેઠળ સેના મોકલવામાં આવી. શાહે એવી યુક્તિથી કામ લીધું કે જુહારસિંહને પલાયન થઇ જવું પડયું.

કુંવર સરદારસિંહજીના નામથી વસાવેલ સરદાર શહેર આબાદ કરવામાં જો કોઇની પ્રજ્ઞાએ વધુ ભાગ ભજવ્યો હોય તો એ માણિકચંદજી સુરાણાની હતી. એ કારણે તેમને ગામ કાંગડ બક્ષીસ મળ્યું અને ત્યારપછી ટૂંક સમયમાં જ સુરસરા, વૈજાસર, મલસીસર, કીતાસર અને ચરકડો વીગેરે ગામોની ભેટ પ્રાપ્ત થઈ.

કેપ્ટન વિલિયમ ફોસ્ટર જેવાએ આ માણિકચંદજી સુરાણાની આવડતની પ્રશંસા કરેલી છે. પાછળથી દીવાન પદથી સુરાણાજીને વિભૂષિત કરવામાં આવ્યા. એમને એક પુત્ર હતો જેનું નામ ફતેહચંદજી હતું. એ પણ પિતાની માફક શૂરવીર અને કુશળ રાજનીતિજ્ઞ હતો. એને પણ દીવાનપદવી પ્રાપ્ત થઇ હતી.

## ( ૩ ) શાહ કેશરીચંદજી.

ઉપર અમરચંદજીના મોટા પુત્ર સંબંધે ટૂંકમાં જોઇ ગયા. અહીં હવે એમના નાના પુત્ર અંગે થોડું જાણી લઇએ. કેશરીચંદજીનો ઉલ્લેખ એક રણકુશલ સેનાપતિ તરીકે મળે છે. મહારાજા રત્નસિંહજીના રાજ્યકાળમાં કરેલી સેવાઓ સંસ્થાનના ઈતિહાસમાં નોંધાયેલી દષ્ટિગોચર થાય છે. 'શેરાં કે શેર હી પૈદા હોતે હૈ' એ કહેવત શાહના જીવનચરિત્રથી સાચી ઠરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિક્રમ સંવત ૧૮૯૪ માં ચરલાનો સરદાર કાનસિંહ જોધપુર અને જયપુર સરકારની મદદ લઈ બીકાનેર સંસ્થાનના પ્રદેશમાં લૂંટફાટ કરવા લાગ્યો અને પ્રજાને કષ્ટ આપવા માંડ્યો ત્યારે એને કોઈપણ રીતે પકડી લાવવાને સારુ રાજવીની નજર સેનાપતિ શાહ કેશરીચંદજી પર ઠરી. આદેશ થતાં જ આ વણિક વીર નિડરતાથી ચાલ્યો અને અલ્પકાળમાં એ વિદ્રોહી સરદારને સુજાણગઢમાં જબરી હાર આપી પકડી લીધો. ત્યાંથી તરત જ એને બીકાનેર મોકલી દીધો.

માંડ કાનસિંહનું પતાવ્યું ત્યાં ખુમાણસિંહ, કરણીસિંહ આદિ ઠાકોરોએ બીકાનેરના સાધાસર–જસરાસર ગામો લૂંટ્યાના સમાચાર આવ્યા. ' સૂર છૂપે નહીં બાદલ છાયો ' કવિતની માફક કેશરીચંદ એ સાંભળી બેસી ન રહ્યા. તરતજ એ લૂંટારાનો પીછો પકડ્યો અને એવા તો ભગાડી મૂક્યા કે ફરીથી એ આ તરફ પાછા ફરવા ન પામ્યા. સીવા તરફ છૂ થઇ ગયા.

આ વેળા જવારસિંહ, ડુંગજી આદિ લૂંટારાની ભારે હાક વાગતી હતી. પ્રજા એથી ત્રાસી ગઇ હતી. ખુદ અંગ્રેજ સરકાર તરફથી કેપ્ટન વિલિયમ ફોસ્ટર એની શોધમાં ભ્રમણ કરી રહ્યો હતો અને એ માટે બીકાનેર આવ્યો હતો. પેલાઓ એક કરતાં વધુ વાર ફોસ્ટરને હાથતાળી આપી અદ્રશ્ય થઇ ગયા હતા. ફોસ્ટર સાહેબની માંગણીથી એ લૂંટારાઓને પકડવામાં મદદ કરવા માટે મહારાજા રત્નસિંહે શાહ કેશરીચંદજીને નિયુક્ત કર્યા.


થોડા સમયમાં જ શાહે પોતાની તેજસ્વિતાના સાહેબને દર્શન કરાવ્યા અને લૂંટારાઓની પૂંઠ પકડી, એમાંનાં કેટલાકને ગીરફતાર કર્યા. ફોસ્ટર સાહેબ તો આ વણિક સરદારનું પરાક્રમ જોઇ આભો બની ગયો એટલું જ નહીં પણ એ દિવસથી ચુસ્ત પ્રશંસક બન્યો. કેપ્ટન વિલિયમ ફોસ્ટરે ભારતવર્ષના સન્માનનીય ગૃહસ્થોમાં કેશરીચંદજી શાહનું નામ દાખલ કર્યું અને જાતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમની સાથે માનપૂર્વક પત્રવ્યવહાર કરવા લાગ્યો. સાહેબના અંગ્રેજી અક્ષરમાં લખાયેલ આવો એક પત્ર, ચૈત્ર સુદી ૧૫ સં. ૧૯૦૪ ની મીતિનો, શાહ શ્રી સેસકરણજી જતનલાલજી સુરાણા પાસે સુરક્ષિત છે.

જેની પરાક્રમગાથા ચોતરફ વિસ્તરી રહી છે એવા કેશરીચંદજી શાહની, લૂંટારાઓને પકડવારૂપ કાર્યથી ખુશી થઇ, બીકાનેરનરેશ રત્નસિંહજીએ વિ. સં. ૧૯૦૨ માં રતનગઢના હાકિમ તરીકે નિમણુંક કરી. આ સંબંધે સ્ટેટ તરફથી જે રૂક્કો લખવામાં આવ્યો છે તે જોતાં સહજ સમજાય છે કે રાજવીની શાહ ઉપર અસીમ પ્રીતિ હતી.

**રાવ અમરચંદજી સુરાણાનું વંશવૃક્ષ.**




( શ્રીયુત હજારીમલજી બાંઠિયાના 'શ્રી જૈન સત્યપ્રકાશ'માંના લેખમાંથી ઉધ્ધૃત. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૧૯. રામસિંહ મહેતા.

ગૂજરાતમાં જેમ ચાવડા વંશની સ્થાપનાથી, વંશઉતાર જૈનધર્મી મંત્રીઓ ચાલ્યા આવ્યા છે અને એ ક્રમ સોલંકી-વંશમાં ચાલુ રહ્યો છે તેમ મેવાડમાં પણ જૈનધર્મી ગૃહસ્થોએ રાજકારણમાં છૂટથી ભાગ લીધો છે એટલુંજ નહીં પણ પૂર્વે જોયું તેમ આશાશાહ અને ભામાશાહ જેવા મહાશયોએ મેવાડના ગૌરવને ટકાવી રાખવા સારુ પોતાના જીવન અને વારસાગત સંપત્તિને પણ હોડમાં મૂકવામાં પાછી પાની નથી કરી. મંત્રી દયાલશાહનો વૃત્તાન્ત તો હરકોઇના રૂંવાડા ખડા કરે તેવો હોઇ, એ ઉપર ઈતિહાસવેત્તાઓની 'મહોરછાપ' લાગેલી છે. અહીં આજે એવા જ એક પરાક્રમી ગૃહસ્થને સંભારવાના છે.

એમનું નામ રામસિંહ મહેતા. મેવાડના રાજમંત્રીના જમણા હાથ તરીકેની ખ્યાતિને વર્યા હતા. આ વણિક ગૃહસ્થ અત્યંત વ્યવહારકુશળ હતા. મંત્રીશ્વર ભાગ્યે જ તેમની સાથે મસલત કર્યા વિના કોઇ કાર્ય કરતા. રામસિંહ મહેતાએ મેવાડની સીમા બહાર પગ મૂકયો નથી, છતાં તેમનું અનુભવજ્ઞાન ઓછું નહોતું. તેમના સરખા મિતભાષી અને ભદ્ર પ્રકૃતિના પુરુષ આખાયે દેશમાં તે કાળે બીજા કોઇ નહોતા. તેમનું શરીર દીર્ઘ, અંગ પ્રત્યંગ સુગઠિત અને મનોહર, તથા વર્ણ ગૌર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને વાળ કાળા ગુચ્છાવાળા હતા. તેમના મુખમંડળ પર મોટી મૂછો શોભી રહેતી. પ્રકૃતિદેવીની પ્રસન્નતા તેમના પર સંપૂર્ણપણે હતી. માત્ર રાજમંત્રીનું હૃદય જીતી લીધું એટલું જ નહીં પણ પ્રજાના હૃદય પણ પોતાની આવડતના જોરે તેમણે જીતી લીધાં હતાં. આમજન સમૂહના રોજંબરોજ ઊભા થતાં સંખ્યાબંધ કોયડા ઉકેલવામાં તેમની સલાહ અગ્રભાગ ભજવતી. જૈન ધર્માવલંબી હોઇ અહર્નિશ સુંદર વસ્ત્રોમાં સજ્જ થઇ, માર્ગે દાન દેતાં તે પ્રભુપૂજન અર્થે મંદિરે જતાં. આમ છતાં તેમનું માનસ સંકુચિત નહોતું. બીજા ધર્મો પર સમભાવ ધરતા. જાતે ઓસવાળ હોવા છતાં ન તો કોઈ જાતનું અભિમાન દાખવતાં કે ન તો અન્ય જાતોને ઉતરતી ગણતા. ટૂંકમાં કહીયે તો સદ્ગૃહસ્થને છાજે તેવું પવિત્ર જીવન જીવતા હતા.

રાજસ્થાનમાં ઓસવાલોની સંખ્યા પ્રાયઃ લાખ ઉપરની હશે અને તે સર્વ એક કાળે અગ્નિકુલના રાજપૂતો હતા એવા ઐતિહાસિક પુરાવા પ્રાપ્ત થાય છે. આમ રાજપૂત વંશના વારસદાર છતાં મહેતામાં તામસી વૃત્તિનું નામોનિશાન પણ હતું નહીં. આ અગ્નિકુલના રાજપૂતોએ વર્ષો પૂર્વે સંતની વાણી શ્રવણ કરી હિંદુધર્મ (વેદધર્મ) છોડી જૈનધર્મ સ્વીકાર્યો હતો. સૌ પ્રથમ તે સર્વેએ મારવાડની અંતર્ગત આવેલ ઓસિયા નામના સ્થાનમાં વાસ કર્યો હતો. આ સ્થાનના નામથી તેઓ ઓસવાલ તરીકે ઓળખાયા.

પ્રાચીન શિલાલેખોથી અને ઉપલબ્ધ સામગ્રીથી એમ પુરવાર થયું છે કે અગ્નિકુળના પરમાર અને સોલંકી રાજપૂતોએ સૌથી પ્રથમ જૈનધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી.

ઓસિયા નગરીની સ્થાપના સંબંધમાં :નોંધ મળે છે કે– ભિન્નમાલના શ્રીકુમાર રાજાના ઊહડ અને ઉદ્ધરણ નામના બે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાઇઓ મંત્રી હતા. ઉદ્ધરણ પાસે વિપુળ ધન હોવાથી ત્યાંના નિયમ મુજબ, કરોડપતિ કિલ્લામાં વસતા હતા તે પદ્ધતિ પ્રમાણે, તે કિલ્લામાં વસતો હતો, જ્યારે મોટા ભાઇ ઊહડ પાસે લાખ સોનામહોરો કમી હોવાથી એને કિલ્લા બહાર રહેવું પડતું. એક વાર મોટા ભાઇએ નાના ભાઇ પાસે લાખ સોનામહોરની માંગણી કરી, પોતાનો વસવાટ કિલ્લામાં કરવા સારુ યત્ન સેવ્યો. એ વેળા નાનો ભાઇ એ માંગ પૂરી કરવાને બદલે ઉદ્ધતાઇથી વર્ત્યો. આ અપમાન ન સહી શકવાથી ઉહડ ત્યાંથી નીકળી ચાલ્યો અને પોતાના બાહુબળથી નવું નગર વસાવવાની પ્રતિજ્ઞા કરી. થોડા વર્ષોમાં જ પોતાની કુશળતાથી દિલ્હીપતિને પ્રસન્ન કરી, ઉવએસા ગામ મેળવ્યું. આ સ્થાનની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જોઇ, ભિન્નમાળથી અઢાર હજાર કુટુંબો ત્યાં આવી વસ્યા. નાનકડું ગામ વિશાલ નગરીના રૂપમાં ફેરવાઇ ગયું. ઉવકેશા નગરી તરીકે એની ખ્યાતિ વિસ્તાર પામી.

એક સમય પુરુષાદાની પાર્શ્વનાથ પ્રભુની પાટપરંપરામાં ઉતરી આવેલ શ્રી રત્નપ્રભસૂરિ પરિવાર સહિત ત્યાં પધાર્યા. ગોચરી અર્થે નગરમાં ફરતાં સાધુઓને ઉચિત આહાર મલ્યો નહીં. સૂરિજી આ ક્ષેત્રને અનુકૂળ ન ધારી વિહાર કરવાના વિચારમાં હતા ત્યાં શાસનદેવીની પ્રેરણા પ્રાપ્ત થઇ, ચાતુર્માસ કરવાથી લાભ થવાની આશા બતાવાઇ. પ્રારંભમાં આ તપસ્વીઓને આકરી કસોટીમાંથી પસાર થવું પડયું. લગભગ મહિનાના ઉપવાસ થયા. પછી જ ઉચિત ગોચરી મળવા લાગી. એકદા ઉહડના કુંવરને અચાનક સર્પડંશ થયો અને એ વાત આચાર્યશ્રીના કાને આવતાં, સૌ જેને મરી ગયેલ માનતા હતા એ કુંવરને, સૂરિએ મંત્રિત જળથી ઝેર ઉતારી જીવિતદાન આપ્યું. આ બનાવથી જૈનધર્મની યશગાથા અને સૂરિજીની પ્રભાવિકતા સર્વત્ર ગવાવા લાગી. ઉહડના અંતરમાં ભક્તિનો ઉભરો આવ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્યશ્રી પાસે આવી એણે સપરિવાર જૈનધર્મ અંગીકાર કર્યો. **'યથા રાજા તથા પ્રજા'** એ વાક્ય અનુસાર કિંવા 'ચમત્કાર ત્યાં નમસ્કાર' એ લોકોક્તિ મુજબ સંખ્યાબંધ કુટુંબોએ જૈનધર્મ સ્વીકાર્યો. આ સર્વ ઓસવાળ તરીકે પ્રસિદ્ધ થયા. દિવસો જતાં ઉવકેશા નગરી 'ઓસિયા'ના રૂપમાં ઓળખાવા માંડી.

ઉહડે આ નગરીમાં શ્રી મહાવીર પ્રભુનો પ્રાસાદ બંધાવી સૂરિજીના હસ્તે પ્રતિષ્ઠા કરાવ્યાની નોંધ ઉપલબ્ધ થાય છે. રામસિંહ મહેતા આ પ્રતિષ્ઠાસંપન્ન ઓસવાલ જ્ઞાતિમાં ઉત્પન્ન થયેલ છે.

## અઢાઇ દિન કા ઝોંપડા.

અજમેરના પશ્ચિમ ભાગમાં એક અતિ પ્રાચીન જૈન મંદિર છે. કોઇ કારણથી આ મંદિર યવનોના અત્યાચારથી મુક્ત રહ્યું છે. આ મંદિરનું નામ 'અઢાઇ દિન કા ઝોંપડા' છે. આ મંદિરના સંબંધમાં એક એવી જનશ્રુતિ પ્રચલિત છે કે જૈન શિલ્પીઓએ કોઇ અદ્ભૂત મંત્રની શક્તિથી માત્ર અઢી દિવસમાં આ મંદિર બાંધી દીધું હતું, અને એ જ કારણથી તેને ઉપર મુજબ નામ આપવામાં આવ્યું છે.

ભારતના ત્રણ પ્રધાન પવિત્ર સ્થાનો પર જૈન લોકોએ જે ચિત્તાકર્ષક મંદિરો બાંધ્યા છે તે પરથી જૈન શિલ્પીઓની યોગ્યતા ઉતમ રીતે પ્રકટ થાય છે. એમ જણાય છે કે—યથેચ્છ સામગ્રી મળવાથી 'અઢાઇ દિન કા ઝોંપડા'નું બાંધકામ અતિશીઘ્ર પરિસમાપ્ત થયું હશે. આ મંદિરની ચારે તરફ કોટ છે. આ કોટની પ્રાચીનતા અને શિલ્પકાર્ય તપાસતાં મને શ્રદ્ધાપૂર્વક લાગે છે કે ભારતવર્ષ પર યવનોની સૌથી પ્રથમ સત્તા સ્થાપનાર ઘોરીવંશના પાદશાહોના શાસનકાળમાં જ આ મંદિર બંધાયું હશે. મંદિરના ઉત્તર તરફના ભાગમાં સિંહદ્વાર અને પગથિયાં વિદ્યમાન છે......

—ટોડ રાજસ્થાન, ભા. ૧, પા. ૪૭૫.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ૨૦. મંત્રીશ્વર કર્મચંદ્ર બચ્છાવત.

બીકાનેરનો એ જૈન ઉપાશ્રય જોતાં ચક્ષુ સમીપ બચ્છાવત ( Bachchhavats ) વંશનો ઉદય-અસ્ત તરવરે છે. રાંગરી-કા-ચોક ( Rangri-ka-chowk ) નામના લતામાં આવેલ આ પ્રાચીન સ્થાન એક સમયે બચ્છાવત અટકથી ઓળખાતા પ્રખ્યાત જૈન વંશનું વસતીસ્થાન હતું. ઉમરાવસિંગ ટાંક B. A. LL. B. Pleader લખે છે કે—

My good guide related to me a pathetic story of the rise and fall of the Bachhavats as we went round the place. A feeling of awe and reverence came over me as he described the closing scene of the drama of the Bachchhavats' activity which was enacted some three centuries ago on the very spot where we then found ourselves standing. It was a tragedy pure and simple. The Bachchhavats had doubtless a glorious rise and a still more glorious fall and every son of the Jaina mother may justly be proud of it.

ટાંક મહાશયના ઉપરોક્ત ઈંગ્લીશ ફકરાનો ભાવ એ છે કે-જે ઉપાશ્રયવાળી જગ્યાએ અમો ઊભા હતા એના સંબંધમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમારા સોમિયાએ બચ્છાવત વંશની ત્રણ સૈકા પૂર્વે થયેલી કીર્તિવંત ચડતી અને એ કરતાં વધુ કીર્તિભરી પડતીનો જે ઇતિહાસ કહી સંભળાવ્યો તે એક કરુણ કથારૂપ હોવા છતાં આજે પણ એ માટે જૈનધર્મી માતાની કૂખે જન્મેલ દરેક પુત્ર મગરૂર થઇ શકે.

બીકાનેર રાજ્યના ઇતિહાસમાં બચ્છાવત કુટુંબે નાનોસૂનો ભાગ નથી ભજવ્યો, એ ઉપરની વાત પરથી સહેજ પુરવાર થાય છે. ધર્મે જૈન હોવા છતાં અને અહિંસાના અણમૂલા સિદ્ધાંતનું પાન ગળથુથીમાં કરવા છતાં, સમય પ્રાપ્ત થયે આ કુટુંબના નબીરાઓએ જે શૂરાતન ને ટેક દાખવ્યાં છે તે જૈન ધર્મનું ગૌરવ વધારે તેવાં તો છે જ, એ ઉપરાંત જેઓ વારંવાર અહિંસાધર્મી જૈનોના શિરે નમાલાપણાનો ટોપલો ઓઢાડવા સારુ કલમ ચલાવવાનો ધંધો લઇ બેઠા છે તેમને સચોટ લપડાક લગાવે તેવો પણ છે જ. એ સારાયે બનાવનું નિષ્પક્ષપણે અવલોકન કરવાથી સહજ જણાઇ આવે તેમ છે કે અહિંસા એક અદ્‌ભૂત વસ્તુ છે અને એનું પાન કરનારા બાયલા કે નમાલા નથી બનતા. જેમ દયાનો ઉપદેશ આત્મિક શ્રેય અર્થે મહત્ત્વનો છે તેમ સંસારમાં પણ એની અગત્ય ઓછી નથી જ. યથાર્થપણે જેના હૃદયમાં એ પરિણમે છે એને શસ્ત્ર કે અસ્ત્રની જરૂર રહેતી જ નથી. એટલે અંશે જે આત્મા રંગાયેલા નથી હોતા, છતાં એના પાન સાથે સ્વમાન અને સ્વફરજના બોધપાઠ કે ત્યાગ અને પરમાર્થનાં શિક્ષાપાઠ શ્રવણ કરવાનાં અને ઉચિતપણે પચાવવાનાં પ્રસંગો જેમને પ્રાપ્ત થયેલા હોય છે તેઓ કદાચ નિઃશસ્ત્રપણે ઉઘાડી છાતીએ લડતા ન જોઇ શકાય, પણ ઉક્ત ગુણોના સંરક્ષણ નિમિત્તે શસ્ત્ર પકડી ઝૂઝતા જોવાનાં દૃશ્યો તો સંખ્યાબંધ ટાંકી શકાય. બીકણ કે કાયર બની ભાગી જનારા કે ઘર પકડી બેસી રહેનારામાં એમનાં નામો હરગીજ નથી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહાદૂરીનાં અનેક પ્રસંગો જતાં કરી, કોઇ રડ્યોખડ્યો પ્રસંગ ખૂણે-ખાંચરેથી શોધી લાવી પુનઃ પુનઃ એના પર રંગના છાંટણાં છાંટ્યા કરવા અને સત્યનો અપલાપ કરવો એ સમજુનું કર્તવ્ય ન જ ગણાય. એ જાતનું કાર્ય કેટલું ખોટું અને નિંદ્ય છે એ વાત બચ્છાવત વંશનો અહેવાલ સ્વયંમેવ ઉચ્ચારે છે.

બચ્છાવતવંશની મહત્તા જે મૂળપુરુષને આભારી છે તેમનું નામ બચ્છરાજ. મારવાડની બોથરા જાતિનું લોહી એની નસમાં વહેતું હતું કે જે જાતિ જાલોરના રાજા સામન્તસિંગ ચોહાણના વંશમાંથી ઉતરી આવેલી હતી. મન્ડોરના રાવ રીધમલની નોકરી સ્વીકારી એણે રાજકારણમાં પ્રવેશ કરવાના શ્રીગણેશ કર્યા. પોતાની ચતુરાઈથી અને ભાગ્યદેવીની અનુકૂળતાથી જોતજોતામાં તે દીવાનના અધિકારે પહોંચી ગયો. જ્યારે રીધમલનું તેના એક સગાદ્વારા ખૂન થયું ત્યારે એની ગાદી કોને આપવી એ સત્તા બચ્છરાજના હાથમાં હતી અને તેણે તરતજ રીધમલના વડિલ પુત્ર 'જોધ'ને મન્ડોર બોલાવી રાજા તરીકે જાહેર કર્યો. થોડો સમય જતાં 'જોધ'ના પુત્ર 'બીકા'ને પોતાની શક્તિના બળે નવું રાજ્ય સ્થાપવાનો કોડ થયો અને તે મન્ડોરની ઉત્તર બાજુએ નિકળી પડ્યો. બચ્છરાજે એની ઉક્ત અભિલાષામાં સાથ પૂર્યો. આ જાતના સાહસમાં બીકાની શૂરવીરતાનાં જેમ દર્શન થાય છે તેમ બચ્છરાજની દીર્ઘદર્શિતાનાં પણ દર્શન થાય છે. આ પગલાથી જ બચ્છાવતવંશની ઉન્નતિ અને પ્રખ્યાતિનો આરંભ થયો. બીકાના નસીબે યારી આપી. જંગલુના સાંકલાસને હરાવી આરંભમાં જ કેટલોક મુલક એણે મેળવ્યો અને એની પશ્ચિમ દિશામાં કૂચ ચાલુ રાખી. ભટ્ટીઓ પાસેથી ભાગોર ( Bhagore ) જીતી લીધું. પોતાનું બાપીકું સ્થાન મન્ડોર છોડ્યા પછી લગભગ ત્રીશ વર્ષના પરિશ્રમે સન ૧૪૮૮માં એણે પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને મુખ્ય શહેર તરીકેનો કળશ પોતાના નામ ઉપરથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થાપન કરેલ બીકાનેર શહેર ઉપર ઢોળ્યો. રાજધાનીના આ શહેરમાં બચ્છરાજે પણ પોતાના કુટુંબ સહિત ધામા નાખ્યા. પોતાના માલિકનું અનુકરણ કરી એણે પણ બચ્છાસર નામનું એક ગામ વસાવ્યું. પ્રેમ અને ભક્તિથી જેનું હૃદય સદા નિતરતું હતું એવા તે સરદારે જૈનધર્મની કીર્તિ વધારે તેવાં કામો કર્યાં અને પવિત્ર ગિરિરાજ શ્રી શત્રુંજયની યાત્રા કરી માનભરી રીતે પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું. એ પ્રખ્યાત પુરુષની વંશાવલી આ પ્રમાણે છે.

- જેસલજી
  - બચ્છરાજ
    - કરમસિંગ
    - વરસિંગ
      - મેઘરાજ
      - નાગરાજ
        - સંગ્રામ
          - કરમચંદ
            - ભાગચંદ
            - લક્ષ્મીચંદ
      - અમર
      - ભોજ
      - ડુંગર
      - હર
    - નારસિંગ

સમયના વહેવા સાથે બચ્છાવત વંશીઓએ લાગવગ, સંગીનતા અને સત્તામાં વધારો કરવા માંડ્યો. બીકાથી જે રાજકર્તાઓની પરંપરા ઊતરી આવી એના તેઓ મિત્રો અને સલાહકાર બની રહ્યા. રાયસિંગના રાજ્યકાળે પતનનો ઢોલ વાગ્યો ત્યાં સુધી એ સ્થિતિ ચાલુ રહી. દીવાન તરીકેની પદવી વંશઉતાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચાલી આવી, બચ્છરાજના વંશમાં પુરુષો પણ એવા પાકયા કે જેમણે માત્ર બાપીકો વારસો ન સાચવી રાખતાં ' બાપ કરતાં બેટા સવાયા 'ની ઉક્તિ સાચી કરી બતાવી. પોતાના વિશાળ અનુભવ અને વિસ્તૃત સંસ્કારથી રાજયના વહીવટી પ્રશ્નો ઉકેલી સંતોષ ન માનતાં પોતામાં રહેલી ચતુરાઈ અને મુસદ્દીપણાની શક્તિથી સંગ્રામ ખેડવામાં પણ ભાગ લીધો અને રણમેદાનમાં અપૂર્વ કૌશલ્ય દાખવ્યું. લેખકના શબ્દોમાં કહીએ તો ' They handled the sword as well as the pen,' અર્થાત્ તેમણે કલમ પકડી જાણી અને તલવાર પણ ફેરવી જાણી. સીવીલ અને મીલીટરીરૂપ રાજયની મુખ્ય લાઈનોમાં નિષ્ણાત ગણાયા. વહીવટી તંત્રની માફક જ યુદ્ધતંત્રની લગામ પણ પકડી જાણી.

વરસીંગ અને નાગરાજ એ વંશમાં મહારથીઓ તરીકે પ્રસિદ્ધિને પામ્યા. વરસીંગે પોતાનો જાન હાજીખાન લોદી સાથેની લડાઈ વેળા ગુમાવ્યો અને નાગરાજે લુણકરણના રાજ્યકાળે જે બંડ ઊઠયું હતું તે દાબી દેવામાં અને પુનઃ શાંતિ સ્થાપવામાં પોતાનું પાણી બતાવ્યું. આ પ્રકારનાં રાજ-કારણમાં જેમનો સમય ખરચાતો હતો એવા આ બચ્છાવતોએ ધર્મનાં કાર્યો કરવામાં કે પ્રજાકલ્યાણનાં જાહેર કામો આરંભવામાં રજ માત્ર પ્રમાદ ન કર્યો.

તેઓએ જૈન ધર્મના કાર્યોમાં ઉલટ અને શ્રદ્ધા દાખવવામાં કચાશ નથી રાખી. આચાર્યપદે આવનાર મહાત્માઓનાં સૂરિ-મહોત્સવમાં શું કે જુદાં જુદાં તીર્થોના સંઘ લઈ જવામાં શું ? કોઈપણ કાર્ય માટે તેઓ લક્ષ્મીનો વ્યય ઉદાર હાથે કરવામાં ખડે પગે રહ્યા છે.

પૂજન નિમિત્તે રમણીય દેવાલયોનાં સર્જન કરવામાં પણ તેમણે ન્યૂનતા નથી દાખવી. વિદ્વાનોને આશ્રય આપી જ્ઞાનનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહિમા ફેલાવ્યો અને સાથોસાથ કળાનાં બહુમાન પણ કર્યાં. કર્મવશાત્ જેઓ તંગદશામાં આવી પડ્યા હતા તેમને ગુપ્ત રીતે સહાય પહોંચાડવામાં પાછી પાની નથી કરી. ટૂંકમાં એટલું જ કહેવું પર્યાપ્ત છે કે–બચ્છાવતવંશની ચડતી એ આસપાસના માણસો માટે કે સાથે રહેલાં પડોશીઓ માટે કિંવા સમાજના સ્વામીભાઇઓ સારુ મહાન આશીર્વાદ સમાન નિવડી.

બચ્છાવત વંશનો અંતિમ પરાક્રમી પુરુષ કરમચંદ એ રાવ કલ્યાણસિંગજીના મંત્રી સંગ્રામનો પુત્ર થાય. જ્યારે (ઇ. સ. ૧૫૭૩ માં) રાયસિંગ ગાદીએ આવ્યો ત્યારે એણે કરમચંદને પોતાનો દીવાન નીમ્યો. કરમચંદમાં જેવી કાર્યદક્ષતા હતી તેવી જ દીર્ઘદર્શિતા અને વિશાળ અનુભવ પણ હતાં. દેખાવમાં તે એટલો બધો સુંદર કે સામાના ઉપર છાપ પાડે તેવો નહોતો લાગતો. કુદરતે શારીરિક સૌન્દર્ય અર્પવામાં સાચે જ ઊણપ દાખવી હતી, પણ એનો બદલો તે જે માનસિક શક્તિ ધરાવતો હતો તેમાં બરાબર વળી જતો હતો. મજબૂત મનના આ માનવીમાં રાજ્ય ચલાવવામાં જોઇતાં ડહાપણ અને બુદ્ધિવૈભવ ભારોભાર ભર્યાં હતાં. એ માટે કહેવાતું કે જેવો એ Prudent Statesman હતો તેવો એ Wise Administrator પણ હતો.

રાયસિંગના ગાદીનશીન થયા પછી અલ્પ સમયમાં જયપુરના રાજા અભયસિંગે બીકાનેર પર ચઢાઇ કરી. સમય ને સંયોગો એવાં હતાં કે એની સામે લડાઇનું જોખમ ખેડી શકાય નહિં. આ કપરી મુશ્કેલીમાં સલાહ લેવા યોગ્ય સ્થાન રાજવી માટે મંત્રીશ્વર કરમચંદનું હતું. તરતજ એને બોલાવી સારીયે પરિસ્થિતિનો વિચાર કરવામાં આવ્યો. ગણત્રીબાજ ને ચાલાક મંત્રીની સલાહ સંધિ કરવાની મળી. રાજાને ગળે એ વાત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉતરી અને મંત્રીશ્વરની દીર્ઘદર્શિતાથી બીકાનેર સંસ્થાનનાં શાંતિ અને વૈભવ જોખમાયાં વિનાના રહ્યાં.

રાજા રાયસિંગ ઉતાવળી પ્રકૃતિનો અને વહેમી વૃત્તિનો હતો. એનામાં સૌથી ખરાબ અવગુણ એ હતો કે પરિણામનો વિચાર કર્યા વિના એ કાર્યમાં ઝંપલાવતો. વળી બીજી પણ એક ખોડ હતી. અને તે આપબડાઇની! એને પોતાની જાતનું સારું બોલાવવાની અને સાંભળવાની ટેવ પડી હતી એમ કહી શકાય. કેટલીય વાર પોતાના ઉત્કર્ષના વર્ણનમાં અથવા તો પોતે પ્રાપ્ત કરેલ સિદ્ધિ–સમૃદ્ધિના ગુણગાનમાં પોતાના પૂર્વજોનું કઇંક ઘસાતું પણ બોલી દેતો, જાણે કે પોતાના જેટલી આવડત કે પોતાના સરખું ડહાપણ તેમનામાં નહોતાં! આથી રાજ્યની આવક એ ઉપયોગ વિનાના–કેવળ નામના થાય એવા કિલ્લા કિંવા મહેલો ચણાવવામાં ઉડાડી નાંખતો. ભાટ–ચારણોનાં પ્રશંસાભર્યાં કવિતો સાંભળવાં એને બહુ ગમતાં, એ વેળા એ છૂટે હાથે દાન દેતો.

એક સમયની વાત સંભળાય છે કે–જ્યારે તે દિલ્હીથી પાછો ફર્યો ત્યારે શંકર નામના ભાટે એની ભારોભાર પ્રશંસાથી ભરેલું નવું કવિત રચી રાજસભામાં કહી સંભળાવ્યું. એ સાંભળીને તે એટલી હદે ગેલમાં આવી ગયો કે આગળ પાછળના જરાપણ વિચાર વિના મંત્રીને હુકમ કર્યો કે શંકરને એક કરોડ રૂપિયા અને એક ખીલાત ( Khilat ) દાનમાં આપવાં. આ જાહેરાત સાંભળીને મંત્રી તો આભો જ બની ગયો! ઘડીભર એને થઇ આવ્યું કે પોતે રાજા ભોજના યુગનો માનવી તો નથી ને! એ કાળે પ્રશંસાના ઉદ્ગારોમાં આ રીતે લક્ષ્મીનો વ્યય થતો, પણ જ્યાં દેશ–કાળ બદલાઈ ચૂકયા હતા ત્યાં એ રીત ચલાવવી શી રીતે? ‘ ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો ’ એ કહેતી જેવી દશા વર્તતી હોય ત્યાં શું થાય ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચિંતાભારથી જેનું મુખ અવનત થયું છે એવો કરમચંદ મંત્રી, મહારાજ સન્મુખ જોઇ બોલી ઉઠયો—આટલું બધું તે દાન હોય ? એક ક્રોડ રૂપિયા !

રાયસિંગે કહ્યું—મારું વેણુ પાછું ફરે ! તમને ક્રોડ રૂપિયા બહુ જણાય છે ? તો હું બીજા પચીશ લાખનો વધારો કરું છું. ક્રોડ નહિં પણ સવા ક્રોડ આપો.

કરમચંદ મંત્રી તો રાજવીની વગર વિચારી વલણુ જોઇ દિંગ થઇ ગયો. કહેવાય છે કે એક ક્રોડ રૂપિયા તો તરત જ ભાટને અપાયા અને બાકીની રકમ માટે સંસ્થાનની આવકમાંથી વસુલ આપવાનું લખત કરવામાં આવ્યું ! કદાચ આ વાત અક્ષરશ: સાચી ન પણ માનીએ, છતાં એ વાત ઉપરથી રાજવીના સ્વભાવનું પ્રદર્શન થાય છે અને એ વેળાના રાજદરબારોના લખલૂટ દુર્વ્યયનો ખ્યાલ આવે છે. મંત્રી કરમચંદને કોની સાથે કામ લેવાનું હતું અને કેવા કપરા સંયોગોમાં જીવવાનું હતું એનો પણ સાચો ચિતાર આ ઘટનાથી આંખ આગળ તરી આવે છે. આગળ જતાં મંત્રી અને રાજા વચ્ચે ખટરાગ ઊભો થયો એના કારણમાં ઉપરનો બનાવ ઠીક પ્રકાશ પાડે છે. મંત્રીની રાજ્યસંપત્તિ સાચવવાની ચીવટ જ પોતાની પડતીના કારણરૂપ નિવડી એ આગળ ઉપર આપણે જોઇશું. ઇતિહાસના અભ્યાસી માટે આ બનાવ નવાઈરૂપ નહિં લેખાય. કાચા કાનના રાજા સાથે કે ઉડાઉ સ્વભાવી રાજા સાથે જેનું પાનું પડે એનું ભાવી જોખમી ગણાય જ. નંદરાજાના કાળમાં શકડાળ મંત્રીની એવી સ્થિતિ થયાનું કોનાથી અજાણ્યું છે ?

રાયસિંગનું ઉડાઉપણું દિવસેને દિવસે વધતું ચાલ્યું. તિજોરીનું તળિયું હાથવેંતમાં જણાવા લાગ્યું. રાજનું ભવિષ્ય આર્થિક ભયંકરતાના ઓળા ઉતારી રહ્યું. આ વેળા એક પ્રાજ્ઞ અને દીર્ઘદૃષ્ટિ અમાત્ય આંખો કેમ મીંચી શકે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીકાના વંશજ પ્રત્યેની ભકિત અને સંસ્થાન તરફના ગાઢ પ્રેમથી આકર્ષાઈ મંત્રીશ્વર કર્મચંદ્રે રાજવીને એની આ આદત-માંથી ઠેકાણે આણુવા સારુ નિશ્ચય કર્યો. એ પાછળ એનો આશય શુદ્ધ હતો, છતાં એનું પરિણામ ધાર્યા કરતાં જુદું આવ્યું. પોતાના માટે એ ભયંકર નિવડયું. જો કે આ સંબંધમાં ઇતિ-હાસકારોમાં તેમજ તે વિષયના અભ્યાસીઓમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે. ઐતિહાસિક બાબતના અભ્યાસી એક મુનિશ્રી તરફ-થી આ સંબંધમાં મારું લક્ષ્ય ખેંચવામાં આવ્યું. મારે અહીં કહેવું જોઇએ કે–આ સંબંધમાં મેં વધારે કંઇ વાંચ્યું નથી, છતાં કર્મચંદ્ર મંત્રીનો રાસ અને આ સંબંધને લગતાં જે કાંઇ બે, ત્રણ ગ્રંથો જોયા છે એ ઉપરથી મંત્રીશ્વર કર્મચંદ્રનું કાર્ય તદ્દન ઊલટી દિશામાં હતું કિંવા કોઇ કોઇ માને છે તેમ જૈન કહેવાતા અમીચંદ જેવું હતું એમ મને લાગતું નથી. અમી-ચંદ જૈન હતો એ વાત એક કાળે જોરશોરથી પોકારાતી હતી, પણ મને યાદ છે ત્યાંસુધી રા. સુશીલે એ મંતવ્ય કેવું ગલત છે એમ દર્શાવવા યોગ્ય સાબિતીઓ એક સ્થળે ( આત્માનંદ પ્રકાશ[ માસિક ]માં ) દર્શાવેલ છે. આ વિષયમાં પણ પૂર્ણ શોધખોળને અંતે એવું કેમ ન પરિણમે ? જે ઇંગ્લીશ પુસ્તકને દૃષ્ટિ સન્મુખ રાખી હું આ પરાક્રમ ગાથાઓ આલેખી રહ્યો છું એના લેખક શ્રીયુત્ યુ. એસ. ટાંક જેમ આવે તેમ લખે તેવા લેખક નથી. વસ્તુનું તોલન કરીને તેમજ પ્રસંગની આસપાસની બાબતોની વ્યાજબી છણાવટ કરીને જેટલું યોગ્ય જણાય તેટલું આલેખે તેવી પ્રકૃતિના છે. આ સંબંધમાં તેમના અભિપ્રાય પર વજન મૂકી તેઓશ્રીએ જે રીતે આ બનાવની નોંધ લીધી છે તે તેમના જ શબ્દોમાં ટાંકવી ઉચિત માની છે—

It has been alleged that in A. D. 1595 Rai Singh learnt that Karamchand had formed a

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

conspiracy with the object of supplanting him either by Dalpat Singh or by Ram Singh. It has been further asserted that Karamchand thereby wanted to make himself all powerful in the State. We may mention here once for all that we are not prepared to give credence to these allegations which are neither supported by evidence nor seen probable under the circumstances we fail to perceive any motive in Karamchand for this alleged act of treason against his master. Even those who lay this charge at his door are not agreed among themselves as to the name of the person in whose favour the alleged conspiracy was formed; viz; whether it was Dalpat Singh or Ram Singh. Besides the fact that Akbar, who was on the most friendly terms with Rai Singh and was also connected with him through the marrige of his son, extended a hearty open and ready welcome to Karamchand when he fled to Delhi strongly militates against the theory that he had any hand in the crime imputed to him. We all know how inveterate Rai Singh had been in his enmity towards him and presumably he must have done his best to undermine the position and damage the status of Karamchand at the court of the Emperor ! He might have gone so far as to ask the Emperor to hand over Karamchand to him

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

or at least to turn him out. That Akbar, whose reputation for justice and fair dealing has been unimpeachable, never doubted even for a moment the innocence of the minister is a complete answer to all the charges so maliciously levelled against him. On the other hand, Akbar treated him with great honour and consideration.

**ભાવાર્થ**.—' ઇ. સ. ૧૫૯૫ માં રાયસિંગના જાણવામાં આવ્યું કે કરમચંદે પોતાને ગાદી ઉપરથી ઉઠાડી મેલી, બદલીમાં દલપતસિંગ અથવા રામસિંગને બેસાડી રાજ્યમાં સર્વ સત્તાધીશ બનવાનું કાવતરું કર્યું હતું. આ સમાચાર ઉપરથી રાયસિંગે કરમચંદ સામે સખત હાથે કામ લેવાનો નિશ્ચય કર્યો અને એ વાતની જાણુ થતાં મંત્રીશ્વર દિલ્હી નાસી ગયો.' (આ વાત ઉપરના ઇંગ્લીશ લખાણમાં નથી છતાં વાર્તાનો સંબંધ સાંધવા મેં મૂકી છે.) આ બનાવને ઉદ્દેશીને ટાંક મહાશય હિંમતભેર લખે છે કે—આ આરોપને સ્વીકારવા હું તૈયાર નથી, કેમકે એની પાછળ નથી તો પુરાવાનું જોર કે નથી તો સંયોગોનો તાળો મેળવતાં સચ્ચાઇની છાંટ! પોતાના માલિક સામે એવું કાવતરું રચવાને કરમચંદને કંઇ કારણુ ન હોતું. એના સ્વભાવમાં એ જાતની લાલચનો અંશ દેખાતો પણુ નથી. જેઓ આ જાતનું દોષારોપણુ તેના શિરે કરી રહ્યા છે તેઓ પોતે પણુ એકમત નથી! દલપતસિંગની તરફેણુમાં કે રામસિંગની તરફેણુમાં આ કાવતરું કરવામાં આવ્યું હતું તે કોઇ ચોક્કસ જણુાવી શકતું નથી! ઉપરાંત જે એક મહત્ત્વની વાત છે તે એ છે કે–બાદશાહ અકબર રાયસિંગ જોડે મિત્રતાના અને પોતાના પુત્રના લગ્નના સંબંધથી જોડાયેલો હતો, તે બીકાનેરથી નાશી આવેલા કરમચંદને દિલોજાનીભર્યો આવકાર આપે છે. જો કર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મચંદ ગુન્હેગાર હોત તો આમ બનવું શકય ન હોતું જ. રાયસિંગની વૈરવૃત્તિ બાદશાહનું આ વર્તન મૂકપણે ન સાંખી શકત. ન્યાયપ્રિયતા અને પ્રામાણિકતા માટે જેની કીર્તિ જગ-મશહૂર છે એવા અકબર શાહને, પોતાના રાજ્ય અંગે અણછાજતું કાર્ય કરવાના આરોપી કરમચંદને કયાં તો પોતાને સોંપી દેવાની કિંવા રાજ્યમાંથી હાંકી કાઢવાની રાયસિંગ હઠ પકડત એવું કંઇ જ બન્યું નથી અને એથી ઊલટું બાદશાહ અકબરે મંત્રીશ્વર કર્મચંદ ઉપર જે આરોપ મૂકવામાં આવ્યો હતો એમાં એની નિર્દોષતા જોઇ એને પોતાના શહેરમાં માન-મરતબા સહિત રાખ્યો. ટૂંકમાં એટલું કહી શકાય કે જૈનેતર લેખકો તરફથી સાહિત્યક્ષેત્રમાં જૈન સમાજની ઉપેક્ષાભરી વલણને લઈ, ઘણાં અન્યાયો જાણતાં-અજાણતાં થયા છે.

અલબત્ત, એવો પ્રશ્ન કરવામાં આવે કે-જો કરમચંદનું પોતાનું હૃદય શુદ્ધ હતું તો તે શા માટે નાસી ગયો ?—એણે બીકાનેરમાં જ રહેવું હતું પણ આ વાત કથનમાં જેટલી સુલભ છે એટલી વર્તનમાં મૂકવી સુલભ નથી. મનુષ્યને જિંદગી વહાલી હોય છે અને એ નિયમ એકાદા ક્ષુદ્ર કીટકથી માંડી ઊંચ કક્ષાના માનવી પર્યંત એકધારો વર્તી રહેલો દૃષ્ટિગોચર થાય છે. જેમણે રાજસ્થાનનો ઇતિહાસ કાળજીપૂર્વક જોયો છે તેમની નજર સામે ઇંદ્રરાજ સીંગવી અને અમરચંદ સુરાણા સરખા નિમકહલાલ અને વફાદાર સેવકોનાં જીવન, માત્ર એકાદા સંશયને આગળ ધરી, કેવી રીતે હતાં ન હતાં કરી નાખવામાં આવ્યાં હતાં એ વાત દીવા જેવી રમતી હશે, એ બનાવો ઉપરથી હરકોઇ પ્રાજ્ઞ મનુષ્ય બોધ મેળવે તો એટલો જ કે ‘ રાજા, વાજા ને વાંદરા, વિફરે ત્યારે નહીં કામના ’ જ્યાં એવું બને ત્યાં પળ માટે પણ ઊભા ન રહેવું એ ડરપોકતાનું લક્ષણ નથી પણ બુદ્ધિમત્તા યાને દીર્ઘદર્શિતાનું છે. એ માપે માપતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરમચંદે લીધેલું પગલું યોગ્ય દિશામાં હતું એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી જ. એ જમાનામાં વર્તમાન કાળની માફક સ્વતંત્ર રીતે ન્યાય તોળવાની પદ્ધતિ પગભર નહોતી બની. દેશી રાજ્યોમાં રાજ્યકર્ત્તાનો શબ્દ એ આખરી નિર્ણય લેખાતો. એટલે જેની સામે પ્રપંચ ખેલવાનો આરોપ ખડો થાય એણે પોતાની પાસેની સાબિતીઓને ચીંથરા સમજી લઇ, ન્યાય મેળવવાની આશા ઉપર ખંભાતી તાળું લગાવી, રાજ્યકર્ત્તાના ચરણે જીવનનું કયાં તો બલિદાન દેવું અથવા તો કોઇ પણ રીતે એના પંજામાંથી નાશી છૂટવું જ રહ્યું.

ટૂંકમાં કહેવાનું એટલું જ કે–ઉપરના મુદ્દાની વિચારણા નિષ્પક્ષપણે કરતાં તારણ એક જ નિકળે છે કે મંત્રી કરમચંદ નિર્દોષ હતો, એની સામે ઊભો કરવામાં આવેલ આરોપ પાયા વિનાનો હતો. કેવળ દેશના લાભની દૃષ્ટિયે જોવાની સાચી નજરના કારણે જ એ રાજવીનો શિકાર બન્યો હતો! એ કોઇ કાવત્રાનો રચનાર નહોતો, પણ સંજોગવશાત્ એનું નામ એમાં સંડોવાયું હતું. રાજ્યની સુવ્યવસ્થાભરી આવડતે એનો વિનાશ નોતર્યો હતો! એણે રાજવીને સાચા રાહે આણવાની તમન્ના સેવી અને એ હેતુ બર લાવવા અર્થે લીધેલા ઉપાયોમાં નિમકહલાલીથી મચી રહ્યો! પણ જેમને મંત્રીના આ કાર્યથી ગુમાવવાનું હતું તે મૂકપણે આ બધું કેમ જોઈ રહે? જો રાજવી પોતાની પૂર્વની ટેવ ચાલુ રાખે, વાહવાહથી રાજી થઈ છૂટથી પૈસા ખરચે તો જ પોતાના ખીસા તર થાય એવું જેઓ માનતા તેઓ આમ સરળતાથી સોનાના ઈંડા મૂકનાર હંસને એકદમ છટકવા દે તેટલા ભોળા નહોતા. તેઓએ કલ્પિત કાવત્રાની હવા સર્જી એનું ઝેર રાજવીના કાનમાં એવા જોરથી ભર્યું કે જેથી તે પોતાની સાન–સમજ સાવ ભૂલી ગયો! અરે, એટલું પણ ન જોઇ શકયો કે જેના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વહવાઓ આજે પેઢી ઉતાર સંસ્થાનના કલ્યાણમાં અને ઉત્કર્ષમાં ફાળો આપતા મંત્રીપદે ચાલ્યા આવે છે એનો આ વંશજ એકાએક કાવત્રાબાજ શા સારુ નીવડે ? મંત્રીપદમાં કંઇ ઊણપ હતી કે જેથી રાજપલટો આણવા તૈયાર થાય ?

નીતિકારે સાચું જ કહ્યું છે કે રાગાંધની દશા તો ઘુવડ અને કાગડા કરતાં પણ અતિ ખરાબ હોય છે, કેમકે ઘુવડ તો માત્ર દિવસે જોઇ શકતું નથી, જ્યારે કાગડો માત્ર રાતે નથી જોઇ શકતો. પણ રાગથી અંધ બનેલ આદમી નથી દિવસે જોઇ શકતો કે નથી તો રાત્રે દેખી શકતો. પાસે બેસનારા હાજી-આઓ પર જે સ્નેહ રાજાને બંધાઈ ચૂકયો હતો એના પર મુસ્તાક રહી, વાત ખરી માની એકદમ તેણે કરમચંદને પકડવાનો હુકમ કર્યો, એટલું જ નહિં પણ પકડીને મારી નાખવાની આજ્ઞા પણ સાથે જ આપી દીધી ! મોગલાઇ જમાનાની જહાં-ગીરી એ કાળે મોગલ દરબારમાં શરૂ થઇ નહોતી, કેમકે એ વેળા મહાન અકબર ગાદી પર હતો. પણ દેશી રાજ્યોમાં તો ઘણી જગ્યાએ રાજા બોલ્યા એટલે ભગવાન બોલ્યા એમ મનાતું ! ‘ શેઠ કહે સાગરનું પાણી મીઠું છે તો હાજી હા ’નો યુગ હતો ! સાચું કહેનારને મરણ મુઠ્ઠીમાં રાખીને ફરવું પડતું ! ઉપર જોયું તેમ રાયસિંગે જે કડક ફરમાન કહાડયું એની ગંધ કરમચંદને ગાઢ મિત્રોદ્વારા આવી. મુસદ્દી કરમચંદ એ જાણ્યા પછી બીકાનેરમાં પાણી પીવા પણ થોભ્યો નહીં. ટૂંક સમયમાં એ પોતાના કુટુંબ સહિત, જે કંઇ લઇ શકાય તેવું હતું તે લઇ છુપી રીતે દિલ્હી તરફ સિધાવી ગયો. અકબર પાદશાહ બીજા રાજાઓની જેમ કાચા કાનનો નહોતો. એને માણસની પિછાન હતી. મંત્રીશ્વરની વાત સાંભળ્યા પછી તરત જ એને લાગ્યું કે આવા દક્ષ અને અનુભવી માણસને હાથમાંથી જવા ન દેવો. એ જ્યારે ચાલી–ચલાવીને પોતામાં વિશ્વાસ રાખી આવ્યો છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે એને શોભે એવા માન–આરામ સહિત આશ્રય આપવો. બાદશાહે કરમચંદ તરફ સંપૂર્ણ માયા દાખવી, એટલું જ નહિં પણ એને છાજે તેવા માન સહિત પોતાના દરબારમાં રાખ્યો. અકબરની નજરમાં દિવસ જતાં કરમચંદનું સ્થાન ઊંચું ને ઊંચું થવા લાગ્યું—અને થોડા સમયમાં તો એ બાદશાહનો માનીતો સલાહકારક થઇ પડ્યો.

જ્યારે રાયસિંગના જાણુવામાં આવ્યું કે–કરમચંદ મંત્રી તેને હાથતાળી આપી દિલ્હી પહોંચી પણ ગયો ત્યારે એને ઘણું જ ખોટું લાગ્યું! પોતાની સત્તા માટીમાં મળતી જણાઇ! ઉતાવળ ને આવેગમાં દાઝયા પર ડામ દેવા જેવું કર્યું. તેણે કોઇપણ રીતે એના પર વેર લેવાનાં શપથ લીધાં!

એક કવિએ ગાયું છે કે–આપત્તિ આવે છે ત્યારે એકલી નથી આવતી, પણ સાથે પોતાની સાહેલીઓને પણ લેતી આવે છે! રાયસિંગની બાબતમાં પણ એવો જ એક બનાવ બન્યો એથી એણે કરમચંદ સામે જે વેર બાંધ્યું હતું એમાં વધારો થયો.

સન ૧૫૯૭ માં રાયસિંગ પોતાની ભાટનેર (Bhatner) રિયાસતમાં રોકાયો હતો એવામાં અકબરશાહના સસરા નાશીરખાનની ત્યાં પધરામણી થઇ. આ માનવંતા પરોણાની બરદાસ્ત સારુ રાયસિંગે પોતાના સરદાર તેજ–બાગોર(Teja Bagor)ને નિમ્યો. કોણ જાણે કેવાએ મુદ્દાથી બન્યું તે કલ્પવું મુશ્કેલ છે, પણ બન્યું એવું કે તેજ–બાગોરે નાશીરખાનની ખીજમત કિંવા આગતાસ્વાગતા એના અધિકારને છાજે તેવા સ્વરૂપમાં ન કરી. એકાદ બે પ્રસંગ એવા બન્યા કે જેમાં ખાને પોતાને મોટું અપમાન પહોંચાડ્યાનું માન્યું અને એકાએક તે દિલ્હી ચાલી ગયો. એ બધી વાત અકબરશાહના કાને પહોંચી. વાતમાં તથ્ય જણાતાં પાદશાહનો ગુસ્સો વધી પડ્યો. એણે સર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાર તેજને પોતાને સ્વાધીન કરવાનું ફરમાન રાયસિંગ પર મોકલ્યું અને બીકાનેરનરેશ તરફથી એ માટે આંખ આડા કાન થયાં. તરત જ અકબર શાહે ભાટનેરની જાગીર રાયસિંગ પાસેથી ખુંચવી લઇ તેના છોકરા દલપતસિંગને આપી. આ બનાવમાં શાહના દરબારમાં વસેલા માજી મંત્રી કરમચંદે કેવો ભાગ ભજવ્યો તે સ્પષ્ટ તારવી શકાતું નથી, પણ રાયસિંગે તો માની જ લીધું કે–આ સર્વ એની શીખવણીથી જ શાહે કર્યું. આ રીતે એક સમયના રાજા–મંત્રી વચ્ચે પડેલી વૈમનસ્યરૂપી ફાટ વધુ વિસ્તાર પામી.

સમયનું ચક્ર અસ્ખલિત ગતિએ ફર્યા કરે છે. ઘડી પૂર્વે જ્યાં ભરતીનાં મોજાં ઉછળતાં દૃષ્ટિગોચર થાય છે ત્યાં થોડી ઘડીયો વીતતાં ઓટના વાયુ વાય છે. કાળદેવતાનો અસ્તોદયરૂપી કાંટો સદા કોઈની પણ શેહમાં તણાયા વિના તોલનનું કાર્ય કર્યે જ જાય છે. ભાવીના ગર્ભમાં છુપાયેલ વાતને એના ઉદયકાળ પર મુલતવી રાખી મંત્રી કરમચંદે જૈનધર્મ અને જૈન સમાજ માટે શું કર્યું હતું એ ટૂંકમાં જોઇ જઇએ—

આજે પણ રાજપૂતાનામાં સંઘના એક મહાન્ આગેવાન તરીકે કરમચંદ મંત્રીની સ્મૃતિ કરાય છે. એના દ્વારા થયેલાં કાર્યો જ એ મહાન્ વ્યક્તિનો યશ આજે મૂકપણે દાખવી રહ્યા છે. સન ૧૫૫૫ માં તેમણે બૃહત્ ખરતરગચ્છના શ્રી જિનચંદ્રસૂરિનો પ્રવેશ મહોત્સવ બીકાનેરમાં મોટા દબદબાપૂર્વક કર્યો હતો. એ સમયે જે કવિએ પ્રસંગોચિત વર્ણન કરી સારાય બનાવનું દિગ્દર્શન કવિતામાં ગાયું હતું તેને સારો સરપાવ અપાયો હતો. સન ૧૫૭૮ ના દુષ્કાળમાં તેણે જુદા જુદા ભાગોમાં અન્ન પૂરું પાડવાનાં મથકો સ્થાપી ભૂખે મરતી પ્રજાને જબરું આશ્વાસન આપ્યું હતું. મુસ્લીમ રાજ્યકર્ત્તાઓના તાબામાં ગયેલી સંખ્યાબંધ મૂર્તિઓ એણે પાછી મેળવી બીકાનેરના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી ચિંતામણી પાર્શ્વનાથના દેવાલયમાં એકઠી કરી હતી. ઓસવાળ જ્ઞાતિમાં તેણે દેશ-કાળને અનુરૂપ કેટલાક સુધારા દાખલ કર્યા હતા. અને ભોજક યાને યાચક માટેના લાગા નક્કી કર્યા હતા.

આ મંત્રીશ્વર કર્મચંદ્રે પોતાના અધિકારકાળે, માથા પર રાજ્યચિંતાનો મોટો બોજો હોવા છતાં, શક્તિ અનુસાર ધાર્મિક અને સામાજિક કાર્યોમાં ફાળો આપ્યો હતો. એ સંબંધી વધુ જાણવાની ઇચ્છાવાળાએ મંત્રીશ્વરને લગતો પ્રબંધ અને રાસ જોઈ લેવા. કેટલીક અતિશયોક્તિ કવિ કિંવા લેખકદ્વારા થઈ હોય છે, પણ એ બાદ કરી સત્ય તારવવું હોય તો મુશ્કેલી નથી પડતી; ઇતિહાસનો ગવેષક એ કાર્ય અવશ્ય સાધી શકે છે.

અકબર શાહ સંપૂર્ણપણે જૈનધર્મી નહોતો બન્યો, છતાં એના જીવનના પાછળના વર્ષોમાં, એના આચરણમાં જૈનધર્મના ઉપદેશની અસર વિશેષ પ્રમાણમાં દૃષ્ટિગોચર થતી હતી. જૈનધર્મનો એ ચુસ્ત પ્રશંસક બન્યો હતો. જૈનધર્મના સિદ્ધાન્તો સમજાવવાનું સૌ પ્રથમ માન પૂજ્ય શ્રી હીરવિજયસૂરિજીના ફાળે જાય છે. એ કાર્ય સન ૧૫૮૨માં બન્યું હતું. સૂરિમહારાજની ઉપદેશ પદ્ધત્તિએ પાદશાહના હૃદયમાં જૈનધર્મ માટે ઉમદા સ્થાનનું બીજારોપણ કર્યું. જે ઉત્તરોત્તર શ્રી વિજયસેનસૂરિ, શાંતિચંદ્ર ઉપાધ્યાય, ભાનુચંદ્ર ઉપાધ્યાય, સિદ્ધિચંદ્ર અને પદ્મસુન્દર આદિ તપગચ્છની શાખાના મુનિપુંગવોથી વૃદ્ધિંગત થયું.

આંગ્લ ઇતિહાસકાર વિન્સેન્ટ સ્મિથ લખે છે કે-સન ૧૫૮૨ પછીથી પાદશાહના હાથે જે કાર્યો થયાં છે એમાં જૈનધર્મના સિદ્ધાંતોની સ્પષ્ટ છાપ તરવરે છે. અબુલફઝલ પોતાના આઇને અકબરી ગ્રંથમાં શ્રી હીરવિજયસૂરિ અને તેમના શિષ્યો સંબંધમાં, સુંદર શબ્દોમાં નોંધ લે છે. જહાંગીરનામામાં પણ એ વાતનો ઉલ્લેખ છે કે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના પિતા પાદશાહ અકબરને શ્વેતાંબર જૈનો સાથે સારો સંબંધ હતો. Akbar loved, and admired and respected his Jain Gurus.

સન ૧૫૯૨માં કરમચંદ બચ્છાવતની સૂચનાથી સ્થંભતીર્થમાં રહેલા શ્રી જિનચંદ્રસૂરિને અકબરશાહે પોતાની સભામાં પધારવાનું આમંત્રણ મોકલ્યું; અને જ્યારે તેઓ પધાર્યા ત્યારે લાહોર મુકામે ઉચિત માનમરતબા સહિત તેમનું સ્વાગત કર્યું.

પાદશાહ જહાંગીરે પોતાના આત્મવૃત્તાન્તમાં લખ્યું છે તે પ્રમાણે શ્રી જિનચંદ્રસૂરિની સાથે એ વેળા માનસિંહ, વેશહર્ષ, પરમાનંદ અને સમયસુંદર નામના મુનિઓ હતા.

અકબરશાહના આગ્રહથી શ્રી જિનચંદ્રસૂરિએ પોતાની પાટે માનસિંહને સ્થાપ્યા. એ વેળા તેમનું શ્રી જિનસિંહસૂરિ એવું નામ સ્થાપન કર્યું અને એ અંગેનો વિધિ મોટા સમારોહથી ઉજવવામાં આવ્યો. ખુદ પાદશાહ અકબર એ ટાણે હાજર રહ્યો હતો અને એના ખરચનો બોજો કરમચંદે ઉઠાવ્યો હતો.

જ્યારે શ્રી જિનચંદ્રસૂરિ અકબરશાહને સમજાવી પોતાના મુનિધર્મના આચાર પ્રમાણે વિહાર માટે તૈયાર થયા ત્યારે બાદશાહે તેમને ' યુગપ્રધાન 'ના બિરુદથી નવાજ્યા અને તેઓશ્રીના સમાગમની સ્મૃતિમાં બે ફરમાન બહાર પાડયા—

( ૧ ) સ્થંભતીર્થ ઊર્ફે ખંભાતના અખાતમાં માછલા મારવાનું સદંતર બંધ કરવામાં આવ્યું.

( ૨ ) અષાઢ માસના આઠ દિવસ ( અષાઢ ચૌમાસી તરીકે ઓળખાતી અઠ્ઠાઇમાં ) જીવવધ ન થઇ શકે.

સૂરિજી સાથેની બાદશાહની મુલાકાતનો ઉલ્લેખ કરતો એક

૮

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિલાલેખ સન ૧૫૯૪–૯૫ અને વિ. સં. ૧૬૫૧–૫૨ સાલ-સૂચક પાટણના શ્રી પાર્શ્વનાથ ભગવંતના દેવાલયની ભીંત પર છે.

સન ૧૬૦૫માં અકબરશાહનું અવસાન થયું. કરમચંદજી પણ એ પછી ઝાઝું જીવ્યા નથી. નવા બાદશાહને સલામી ભરવા જ્યારે રાયસિંગે દિલ્હીની મુલાકાત લીધી ત્યારે કરમ-ચંદજી પોતાના આવાસમાં મરણપથારીએ હતા.

રાયસિંગે આ સમાચાર સાંભળી માજી મંત્રીશ્વરની મુલાકાત લીધી અને લાગણીનું પ્રદર્શન બહુ જ સુંદર રીતે અને સારા શબ્દોમાં કરી બતાવ્યું. વાણીના પ્રભાવમાં મંત્રીશ્વરની સાર-વારમાં રોકાયેલા સર્વ જનોને આંજી નાંખ્યા. ખુદ કરમચંદજીના પુત્રો ભાગચંદ અને લક્ષ્મીચંદ પણ મુક્ત ન રહ્યા. રાયસિંગના ગયા પછી તેઓ બોલ્યા—

પિતાશ્રી ! આપણા રાજવી–બીકાનેરનરેશ રાયસિંગ કેવા નમ્ર અને લાગણીવાળા છે. અહીં પડી રહેવા કરતાં સ્વદેશમાં જવાનો વિચાર કરવો જરૂરી છે. રાઇના પહાડ રાતે વહી ગયા. ભૂતકાળમાં ભલે એ વહેમાયા હોય પણ હવે તો આપણા તરફ અતિશય માયા ધરાવે છે. તે વિના ચાલી ચલાવી અહીં આવે ખરા!

આ સાંભળતાં કર્મચંદ્રના ચહેરા પર જબરું પરિવર્તન થઇ ગયું. કંઇક ગુસ્સાની નજર કરતા તે બોલ્યા કે—

પુત્રો ! તમો હજુ નાદાન છો. એ તો મગરના આંસુ છે. જો, જો, ભૂલેચૂકે રાયસિંગના આ ઉપરછલ્લા વર્તનથી લોભાઈ જતા. બીકાનેર પાછા ફરવાની ઇચ્છા હરગીજ કરશો નહીં. તમો એના હાવભાવથી મુગ્ધ બન્યા, જ્યારે મેં એની આંખમાં જુદું જ ભાળ્યું.

મને આ રીતે ગૌરવપૂર્ણ સ્થિતિમાં મૃત્યુને ભેટતો નિરખી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એને દુઃખ થયું છે, પણ એ લાચાર છે કે આ સ્થાનમાં મને તે કંઈ જ કરી શકતો નથી. એ તો ડંશીલો નાગ છે 'मधु तिष्ठति जिह्वाग्रे, हृदये तु हलाहलम्' જેવું એનું વર્તન છે. સુખી થવું હોય તો મારા આ વચનો ભૂલશો નહીં.

સમયનું ચક્ર અસ્ખલિત ગતિએ વહે છે. બચ્છાવત વંશના આભૂષણ સમા કર્મચંદ્રજી સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા. આ સમાચાર મળતાં રાયસિંગે શોક દર્શાવવામાં મણા ન રાખી, મંત્રીશ્વરના કુટુંબ પ્રત્યે–ખાસ કરી ઉભય બંધુઓ પ્રત્યે લાગણી દર્શાવવામાં તે મર્યાદા વટાવી ગયો! થોડા માસ પસાર થઈ ગયા પછી એ કુટુંબ સ્વદેશ પાછું ફરે એ માટેના ચક્રો ગતિમાન પણ કરી દીધા.

મૃત્યુશય્યાના શિક્ષાવચનો હજુ કાનમાં તાજા ગુંજતા હોવાથી ભાગચંદ અને લક્ષ્મીચંદ શરૂઆતમાં તો નિશ્ચયમાં અડગ રહ્યા અને બીકાનેર પાછા ફરવા સંબંધમાં ચોકખી ના પાડી.

આમ છતાં રાયસિંગે પ્રયાસ ચાલુ જ રાખ્યા. એના હૃદયના ઊંડાણમાં બચ્છાવત વંશ સામે જે વૈર લેવાની ચીરાગ પ્રજ્વલિત થઇ ચૂકી હતી તે કોઇપણ પ્રકારે હોલવાય તેમ નહોતું. પોતાની આંખમાં ગુનેગાર ઠરેલ કર્મચંદ્ર મંત્રી, થાપ આપી ચાલ્યો જાય, અને પાદશાહના હાથે ગૌરવ પામે, અને ટેકપૂર્વક એક વીરને છાજે તેવું મરણ મેળવે એ એને ગમતું જ ન હોતું. એ સર્વ લાચારીથી એ સાંખી રહ્યો હતો. સોગટી મારવાના દાવ શોધતો હતો જ. ભલે મંત્રીશ્વર બચી ગયા પણ એના વારસો જરૂર પોતાની જાળમાં ફસાશે એવી આશા હતી એટલે જ એ સાણસા ગોઠવવામાં મશગૂલ હતો.

પણ યમરાજના દરબારનો ડંકો પડ્યો. સન ૧૬૧૧માં એ મહાસત્તાનું તેડું આવ્યું. રાયસિંગ એકાએક ગંભીર માંદગીમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પટકાઇ પડ્યો અને એ માંદગી જીવલેણ નીવડી. શ્વાનપૂંછડી જેમ વાંક ન છોડે કિંવા વીંછીની ડંખીલી વૃત્તિ મરતાં પણ ન છૂટે તેમ રાયસિંગે પોતાના અવસાન સમયે પ્રિય પુત્ર સુરસિંગને બોલાવ્યો અને કહ્યું કે—

મ્હારા વ્હાલા બાલુડા! હું મારું વૈર ન લઇ શક્યો એથી નિરાશ હૃદયે મરું છું, છતાં મારી મરતીવેળાની સૂચના તને એ જ છે કે—કરમચંદ બચ્છાવતના છોકરાઓને બીકાનેરમાં કોઈપણ રીતે સમજાવી–પટાવી તેડી લાવજો અને તેમના પિતાએ મારી સત્તા સામે જે બળવો પોકાર્યો છે એને ઉચિત શિક્ષા કરી,–કપરી નશિયત દઇ, વેર વાળજો.

આ શબ્દોના ઉચ્ચાર સાથે રાયસિંગનો જીવનદીપ બુઝાઇ ગયો.

રાયસિંહના મૃત્યુ પછી બીકાનેરની ગાદી પર દલપતસિંહ આવ્યો, પણ એનો રાજ્યકાળ લગભગ બે વર્ષ સુધી જ ચાલ્યો. રાજખટપટના આંદોલનો ચાલુ રહ્યાં અને સન ૧૬૧૩ માં સુરસિંગ રાજગાદી પર ચઢી બેઠો. મરણકાળે પિતાએ જે અભિલાષા અણપૂરી બતાવી હતી એ એના મનમાં રમતી જ હતી, એ માટે કેવળ તક મળે એટલી જ ઢીલ હતી. લાગ મળતાં જ ઘોડો દબાવે એવી તૈયારી અંદરખાનેથી ચાલુ હતી. રાજા તરીકે જાહેર થયા પછી એ સૌ પ્રથમ દિલ્હી ગયો. એ પાછળ તેના મનમાં 'એક કાંકરે બે પક્ષી મારવા'નો ઈરાદો હતો. એક તો બાદશાહને નવા રાજવી તરીકે સલામી ભરવાનો અને બીજો બચ્છાવતોના વારસોને સમજાવી બીકાનેરમાં પાછા લાવવાનો. આ વેળા કાળે યારી આપી અને સુરસિંહ પોતાના ઈરાદામાં ફાવ્યો. 'વિધિની ગતિ ન્યારી છે' એ નીતિકારનું અનુભવસિદ્ધ વચન છે. 'દગલબાજ દુના નમે' એ ઉક્તિ અનુસાર રાજા પોતાનું પ્રથમ કાર્ય પતાવી બચ્છાવતના રહેઠાણે પહોંચ્યો 'મધુ તિષ્ઠતિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**जिह्वाग्रे ह्रदये तु हलाहलम्** ' જેવી વૃત્તિ ધારણ કરી એણે ભાગચંદ અને લક્ષ્મીચંદ સમક્ષ એક ચુનંદા બાજીગર તરીકે એવો તો ભાગ ભજવ્યો કે, ભોળું માછલું જાળમાં ફસાય તેમ, તે ઉભય રાજાના આવા વર્તનથી મોહાઈ ગયા અને મરણપથારી પરથી પિતાએ આપેલ શિક્ષા વિસરી ગયા. ઉભય બંધુઓને પોતાની શેતરંજના પ્યાદા બનતાં જોઇ, સુરસિંગ મનમાં મલકાવા લાગ્યો અને તેઓએ જે જાતનાં વચન માંગ્યાં તે આપવામાં પાછી પાની ન કરી. એ ઉભયના દિલમાં વસવસાનું ટીપું પણ રહેવા ન પામે તેવી દરેક ખાતરી આપી, પોતાની સાથે બીકાનેર પાછા ફરવાનું ચોકઠું ગોઠવી દીધું.

આ ઉપરથી જ ભવિતવ્યતાનું બળવાનપણું પુરવાર થાય છે. તેમ ન હોય તો કરમચંદ્ર મંત્રીની સૂચના આટલી જલદી ભૂલી જવાત ખરી ?

પોતાના વંશનો માન-મરતબો પૂર્વવત્ જળવાશે એવા ભરોસાથી લોભાયેલા, અને પ્રધાન તરીકેનો અધિકાર પહેલાંની માફક પોતાના હાથમાં સોંપવામાં આવશે એવા ઉજ્જવળ ભાવિથી આકર્ષાયેલા, ઉભય બંધુઓ પોતાના વિશાળ કુટુંબને અને સર્વ અસબાબને લઇ માતૃભૂમિના પંથે વળ્યા. એ વેળા તેમને જેમ પોતાના માદરેવતનને વર્ષો પછી નિરખવાના કોડ હતા તેમ વંશની પ્રતિષ્ઠા જાળવી માનપુરસ્સર પુનઃ ઠરીઠામ થવાની ઊંડી અભિલાષા હતી. લાંબા કાળના પરદેશ વસવાટનો આ રીતે અંત આવવાથી તેમનો આનંદ સમાતો નહોતો. પોતાના સ્નેહીજન વચ્ચે પાછા ફરવાથી થનારા આનંદનાં તેઓ સોણલાં સેવી રહ્યાં હતાં. તેઓના હ્રદયમાં આ રીતે પોતાના તરફ સ્નેહભાવ દર્શાવનાર અને પોતાનું ભલું કરનાર રાજવી પ્રતિ આભારની લાગણીઓ સાગરનાં મોજાં સમી ઉછળી રહી હતી !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનુભવીઓનું એ વચન સાચુંજ છે કે બિલાડી દૂધને દેખે છે, પાછળ ઉભેલા માનવીના હાથમાં રહેલી ડાંગને દેખી શકતી નથી.

રાજ્ય ખટપટના વાયરા જેમણે જોયા નથી, દેશી રાજવીઓના પલટાતા સ્વભાવોની જેમને પરીક્ષા નથી એવા આ ભોળા ભલા નવયુવાનોને સ્વપ્ને પણ એવો ખ્યાલ ક્યાંથી હોય કે તેમની સાથે આ રીતે ઇરાદાપૂર્વક પ્રપંચ રમાઇ રહ્યો છે ! અલ્પકાળમાં જ અપાયેલા વચનોની કિંમત કોડીની છે ! અને રાજવીના હાવભાવ એકાદ કુશળ નટના વેષ–બદલામાં પરિણમવાના છે ! તેઓ સ્વદેશમાં સુખ ભોગવવા સારુ કે વીસરાયેલ સ્નેહબીજને જળ-સિંચન કરવા સારુ પાછા નથી ફરતાં પણ કેવળ યમરાજના ભક્ષ્ય બનવા સારુ પાછા ફરે છે, એવી શંકા પણ તેમને ક્યાંથી જન્મે ?

સુરસિંગે જાળ બિછાવવામાં સંપૂર્ણપણે ચતુરાઇ વાપરી હતી. પોતાનો મલિન હેતુ જરા પણ પ્રગટ થવા દીધો ન હતો. પ્રથમ પગલું એણે પોતાના ચાલુ દિવાનને હોદ્દા પરથી ખસેડવાનું ભર્યું અને પછી એ અધિકાર બચ્છાવતના વંશજને સોંપવાની જાહેરાત કરી. આમ બીકાનેરવાસી જનતાના અંતરમાં પોતાના શુદ્ધ આશયની સુંદર છાપ બેસાડી.

દરમિયાન ભાગચંદ અને લક્ષ્મીચંદ પોતાના રસાલા સાથે માતૃભૂમિની ભાગોળે આવી પહોંચ્યા. રાજવી તરફથી તેમના દરજ્જાને છાજે તેવું સ્વાગત કરવામાં આવ્યું. જનસમૂહમાં એની સચોટ છાપ બેઠી. કરમચંદ મંત્રીના સમયમાં બનેલ બનાવ આ રીતે વિસ્મૃતિનો વિષય બન્યો. માત્ર જનતા જ નહિં, પણ ખુદ મંત્રીશ્વરના વારસોને ઘડીભર લાગ્યું કે પિતાશ્રીની હઠ અસ્થાને હતી.

પણ એમનો આ ભ્રમ ઊઘાડો પડતાં વિલંબ ન થયો. ગમે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેટલો દેખાવ કરવા છતાં કિન્નાખોરી છુપી રહી શકતી નથી. સુવર્ણ અને પિત્તળ વચ્ચે ભલે વર્ણની સમાનતા હોય, છતાં જ્યાં કસોટીએ ચઢાવાય કે તરતજ ઉભય વચ્ચે રહેલી ભિન્નતા ખુલ્લી પડે છે.

સાણસામાં સાપ પકડાયો છે અને હવે છટકવાની એક પણ બારી ઊઘાડી નથી રહી એ જોતાં જ બીકાનેરનરેશે પોત પ્રકાશ્યું. અને પિતાને આપેલ કોલ પૂર્ણ કરવા કમર કસી. માંડ બે મહિના સુખમાં વ્યતીત થયા ત્યાં તો એક સવારે ઊઠતાં જ બચ્છાવત વંશના આ અંતિમ વારસોને ખબર પડી કે રાજાના મીઠા વચનથી આકર્ષાઈ, મૃત્યુપથારીએથી ભાર મૂકી કાઢેલ પિતાના જે અંતિમ ઉદ્‌ગાર પ્રતિ દુર્લક્ષ્ય દાખવ્યું હતું, તે સાચા પડતાં હતાં. એટલે કે એ રાજાના ત્રણ હજાર સૈનિકોથી પોતાનો આવાસ ઘેરાયેલો દૃષ્ટિગોચર થયો. ટાંક મહાશયના શબ્દોમાં કહીએ તો—

Now truth dawned on them in all its terrible reality. They instinctively realised the situation and preferred a glorius death to an ignominious surrender.

આ જોતાં જ તેમની આંખ પરના પડદા હઠી ગયા, પિતાશ્રીની દીર્ઘદૃષ્ટિનો ખ્યાલ આવ્યો. પણ આગ લાગી ચૂકી હતી એટલે હવે કૂવો ખોદવાનો યત્ન નિરર્થક હતો. દૂધ ઢોળાઈ ગયા પછી એ પર વિચારણા કરવી જેમ નકામી ગણાય તેમ થયેલ ભૂલ પર હવે વિમર્શ—પરામર્શ કરવા બેસવું એ ફોગટ હતું. કાળા અને ડંસીલા નાગની ચૂડમાં તેઓ બરાબર ફસાઇ ગયા હતા. તરત જ તેઓએ નિરધાર કરી લીધો અને વીરોના મોતે મરવાનો સાંપડેલ યોગ વધાવી લીધો. પોતાના રાજપૂત અંગરક્ષકોના નાના સમૂહને લઈ તેઓ સામનો કરવા ખડા થયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો કે સંખ્યામાં તો કેવળ પાંચસો જ હતા છતાં દરેકના ચહેરા ઉપર મરણીયો જંગ ખેલવાની અને એ રીતે ખપી જવાની અડગ વૃત્તિ ઝળકી રહી હતી. બચ્છાવત બંધુઓ અને તેમના અંગરક્ષકો રાજાના સૈનિકો સામે બહાદુરીપૂર્વક ઝૂઝયા; પણ ત્રણ હજારના વિશાળ સમુદાયમાં તેમનું પ્રમાણ શી ગણનામાં લેખાય? બચ્છાવતોને અંધારામાં રાખીને એકાએક આ જાતનો ઘેરો ઘાલવામાં આવ્યો હતો. અહીં સમોવડિયાના સમરાંગણ જેવું હતું જ નહીં. જ્યારે મુકિત મેળવવાની સર્વ આશા અદૃશ્ય થઇ ત્યારે ઓસવાલ વંશના આ વીર નબીરાઓએ સહકુટુંબ ખપી જવાનો નિરધાર કર્યો. તેઓએ ભયંકર છતાં પુરાતન કાળના 'જોહર'નો માર્ગ લીધો. મકાનના એક ચોગાનમાં ચિતા ખડકવામાં આવી. પુરુષોએ પોતપોતાના નારીવર્ગે તેમજ બાળબચ્ચાઓની છેલ્લી વિદાય લીધી! સ્ત્રીઓ, બાળકો અને મરદોમાં જેઓ વૃદ્ધ કે અશકત હતાં એમાંના કેટલાકે તલવારથી પોતાની જીવાદોરી કાપી નાંખી, જ્યારે ઘણા બળતી આગમાં કૂદી પડ્યા. લોહીની સરિતા વહી રહી! ભીરુતાની હાય એકાદના મુખમાંથી પણ ન સંભળાઈ! જે કંઇ કીંમતી અને પ્રાચીનકાળની સ્મૃતિરૂપ અસબાબ હતો તે એક કૂવામાં નાંખી દેવામાં આવ્યો! ( આજે પણ એ સ્થળની મુલાકાત લેનારને એ કૂવો બતાવવામાં આવે છે. ) બાકીના ફરનીચરને તોડીફોડી નકામું બનાવી દેવામાં આવ્યું. આ રીતે સંસારજન્ય બંધનોથી મૂકત બની ઉભય બંધુઓએ ગૃહમંદિરમાં આવેલ શ્રી અરિહંત દેવની કેશરથી પૂજા કરી તેમજ સ્તુતિ કરી છેલ્લી વાર માટે પરસ્પર ભેટી લીધું. ત્યારપછી પોતાના પોશાક પર કેસરના છાંટણા કરી, હાથમાં તલવાર લઇ ઉભય બહાર પડ્યા. હવેલીના દરવાજા ઉઘાડા મૂકી દીધા. તેઓ શૂરવીરતાપૂર્વક જીવનના અંત સુધી ઝૂઝયા અને વીરોચિત મૃત્યુને વર્યા. એક તરફ રાજવીએ પિતાના કોલને પાળવા સારુ બચ્છાવત વંશને જડમૂળથી ઉખેડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat    www.umaragyanbhandar.com

નાંખવાનો નિશ્ચય કર્યો હતો અને એમ કરવામાં સુરસિંગે નહોતો જોયો ન્યાય કે અન્યાય! અથવા તો નહોતાં ગણ્યાં પોતે આપેલા વચનો! સૈનિકોને એ વંશનું એકાદ બાળક પણ જીવતું રહેવા ન પામે એવી સખ્ત આજ્ઞા આપી હતી. બીજી બાજુ આ વીર બંધુઓએ પણ આત્માની અમરતા પિછાની લઈ, એક ડંસિલા નૃપના હાથમાં બચ્છાવત વંશનું એકાદ બાળક પણ શરણાગત તરીકે જવા ન પામે તેવી તકેદારી રાખી હતી.

આમ છતાં કુદરતને એ વંશ લુપ્ત થાય એ મંજૂર ન હોવાથી કંઇ ત્રીજુંજ બન્યું. જ્યારે આ કરપીણ બનાવ બન્યો ત્યારે એ વંશની એક સ્ત્રી પોતાના પિતાને ત્યાં કિસનગઢમાં સુવાવડે ગઈ હતી. એની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. આ રીતે બચ્છાવત વંશ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યો અને જગત સન્મુખ અમર ગાથા ગાઇ રહ્યો.

આમ બચ્છાવતોની ચડતીપડતીનો છેલ્લો પડદો પડ્યો. આ સંબંધમાં જે કંઇ અતિશયોકિત જેવું હોય તેને બાજુ પર મૂકી માત્ર મુદ્દાની વાતનો વિચાર કરીએ તો પણ એટલું તો સહજ પુરવાર થાય તેમ છે કે જૈનો અહિંસાના ઉપાસક હોવા છતાં માત્ર નમાલા જેવું જીવન ગાળતા નહોતા. જરૂર પડયે પોતાની ટેક માટે તેમજ રાષ્ટ્ર માટે પ્રાણ પણ પાથરી જાણતા હતા.

ભૂતકાળની એ ગૌરવ ગાથાના સ્મૃતિચિન્હ સમો ‘ રાંગરી કા ચોક ’ આજે બીકાનેરમાં મોજુદ છે.

ટાંક મહાશયના આધારે આલેખાયેલ એ હેવાલ ઉપર શોધખોળદ્વારા પ્રાપ્ત થયેલ લખાણોદ્વારા જે પ્રકાશ પડ્યો છે એ ઉપરથી જે તારવણી કરવામાં આવી છે એ સંબંધમાં થોડો ઉલ્લેખ કરવો અસ્થાને નહીં ગણાય.

ઉપરોક્ત લેખમાળાનો મારો હેતુ એ છે કે–જૈનેતર લેખકો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરફથી જૈનો ઉપર દયાપાલનની ઠેકડી કરતો કાયરતાનો જે આક્ષેપ કરવામાં આવે છે તે કેટલો નિર્મૂળ અને સાથોસાથ ઇતિહાસની અનભિજ્ઞતાનો સૂચક છે એ બતાવવું. અહિંસા કે દયા એ સાચે જ અણમૂલો સદ્ગુણ છે. જ્યાં લગી એનું રહસ્ય યથાર્થ સ્વરૂપે સમજાય નહીં કે એમાં કેટલી બધી અદ્ભુત શક્તિ સમાયેલી છે એનો સાચો ખ્યાલ પ્રાપ્ત થાય નહીં ત્યાં લગી એને આગળ ધરી ગૂજરાત કે ભારતવર્ષના પતનમાં અથવા તો માથે ઠોકાયેલી પરાધીનતામાં એ સદ્ગુણનો દુર્ગુણરૂપે સધિયારો લેનારા કિંવા એને જ પ્રધાનપદ આપી, ધર્મમાર્ગે પ્રયાણ કરનારા જૈનોના શિરે જવાબદારી ઓઢાડી તેઓની દયાને નિમિત્તભૂત બનાવવાના પ્રયાસ કરનારા લેખકો કેવા ઊંધે માર્ગે જઇ રહ્યા છે એ ઉદાહરણ ટાંકી બતાવવું. જૈનધર્મ એ ખરેખર, અહિંસા ધર્મને જ અગ્રસ્થાન આપે છે અને જ્યાં લગી એ અહિંસાનો અમલ યથાર્થ સ્વરૂપે થાય નહીં ત્યાં લગી જનતામાં સાચી શાંતિ સ્થપાવાની પણ નથી એવું એનું દૃઢ મંતવ્ય પણ છે. આમ છતાં એ જ ધર્મના અનુયાયીઓએ દેશની પરિસ્થિતિ અને સંયોગો નજરમાં રાખી, પરાક્રમ દાખવવામાં કચાશ નથી રાખી કે કાયરતાનો ઓળો પણ પડવા દીધો નથી. હિંસા એ દોષયુક્ત છે, એમાં ઉઘાડું પાપ દેખાય છે. એ જાણ્યા છતાં દેશ પ્રત્યેના પ્રેમને લઇ કે સ્વફરજનો ખ્યાલ કરી તેમણે શસ્ત્રો ધારણ કર્યાં છે અને અમાપ બહાદુરી દાખવી છે એમ પણ બતાવવું. આમ લેખમાળા પાછળ જે વિવિધ દૃષ્ટિબિન્દુઓ રખાયેલાં હતાં એ કેટલે અંશે ફળિભૂત થયાં છે એ તો વાચકો જ કહી શકે, છતાં એટલું તો જરૂર કહી શકાય કે જુદી જુદી પરાક્રમ ગાથાઓ સંગ્રહિત કરવામાં આવી છે એ ઉપરથી જૈનેતરો તટસ્થ દૃષ્ટિ રાખી જોશે તો સહજ જણાશે કે દેશ કે પ્રાંતની પરતંત્રતા નથી તો જૈનધર્મના ઉમદા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સિદ્ધાન્ત અહિંસાને આભારી કે નથી તો એ ધર્મના અનુયાયીઓએ અમલમાં મૂકેલી દયાને આભારી; પરાધીનતાનો ઇતિહાસ તો જુદા જ કારણો પર અવલંબે છે જેની ચર્ચા અહીં અપ્રસ્તુત છે. આ મુદ્દા પર દૃષ્ટિ ઠેરવી જોનારને મંત્રીશ્વર કરમચન્દ્રના વૃત્તાન્ત અંગે જે મતફેરો હવે પછી આલેખવાના છે તે જોતાં તેમાં ખાસ મતભેદ જેવું નહીં લાગે. બચ્છાવતોની પડતી રાજ્યકર્તાઓના ખોફને લઇને થઇ છે અને એ વેળા એ વંશના છેલ્લા નબીરાઓએ શૂરવીરતા દાખવી પ્રાણાર્પણ કરેલ છે, તેમ ગમે તે કારણને લઇ મંત્રીશ્વર કરમચંદ્ર બીકાનેર છોડી અમુક સમય પર્યંત સમ્રાટ્ અકબર પાસે રહ્યા છે એ જે મુદ્દાના ઉલ્લેખો છે તેમાં રંચમાત્ર ફરક પડતો નથી. જે કંઇ મતભેદ પ્રવર્તે છે તે કારણોમાં અને તારીખોમાં પ્રવર્તે છે. 'યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ' એ નામના 'નાહટા બંધુઓ'કૃત પુસ્તકમાં મંત્રીશ્વર કરમચંદ્ર અંગે નીચે મુજબ નોંધ છે.

**ओसवाल जातिके पुनीत इतिहासमें बच्छावत वंशकी गरिमा गौरवान्वित है, इस वंशकी उज्जवल कीर्ति-कौमुदीका कर्मचंद्र मन्त्रि वंशप्रबंध में विस्तृत वर्णन है। बीकानेर राज्यसे इस वंशके महापुरुषोंका राज्यस्थापनासे लगाकर लगभग १५० वर्षोतक घनिष्ट सम्बन्ध रहा है। संक्षिप्तमें इतना ही कहना पर्याप्त होगा की बीकानेर राज्यकी सीमाकी वृद्धि और रक्षा करनेमें उनका बहुत कुछ हाथ था। राजनैतिक क्षेत्रके साथ साथ धार्मिक क्षेत्रमें भी इस वंशके पुरुषोंकी सेवा विशेष उल्लेखनीय है।**

એ હિંદી પુસ્તકની 'મંત્રીશ્વર કર્મચન્દ્ર'નામા મથાળા હેઠલ આપેલ ઉપર મુજબની શરૂઆતની કંડિકા વાંચતાં જ બચ્છાવત વંશની મહત્તાનો અને એ વંશના નબીરાઓએ રાજ્યકારણમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભજવેલ ભાગનો સહજ ખ્યાલ આવે છે. પુસ્તકની નોંધ દર્શાવે છે તે પ્રમાણે મંત્રીશ્વરના વડવાઓએ રાજ્યની તેમજ જૈન-ધર્મની સેવા બજાવી છે એટલું જ નહિં પણ એ વંશઉતાર ચાલી આવી છે. તે વંશને ધર્મમાર્ગે વાળવામાં ખરતર ગચ્છના મુનિરાજોની દેશના ખાસ નિમિત્તભૂત છે. કરમચંદ્ર મંત્રીશ્વરે મુનિઉપદેશથી ધર્મમાર્ગે ખર્ચેલ દ્રવ્યની વિસ્તૃત નોંધ હોવા ઉપરાંત તેમને ત્રણ સ્ત્રીઓ હતી અને એમાં જીવાદે તથા અજાયબદે નામા પત્નીઓથી ભાગ્યચંદ્ર તથા લક્ષ્મીચંદ્ર નામા પુત્ર-રત્ન ઉત્પન્ન થયા એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ સર્વ જોતાં ટાંક મહાશયના પુસ્તક ઉપરથી જે સારરૂપ ચિત્ર અગાઉ દોરવામાં આવેલ છે એમાં મહત્ત્વનો ફરક નથી પડતો એટલે એ ચર્વિત-ચર્વણ ન કરતાં ટૂંકમાં મતભેદનો મુદ્દો જણાવી દેવો ઉચિત સમજાય છે.

રાયસિંહની ખફગીથી બચવા મંત્રીશ્વર પોતાના પરિવાર સહિત બીકાનેર છોડી ગયા અર્થાત્ પલાયન કરી ગયા એવો મત ટાંક મહાશયનો છે. એ માટે નાહટા બંધુઓ લખે છે કેઃ-

**अन्यवा किसी कारणसे रायसिंहजीका चित्त-कालुष्य जानकर भाविके शुभ संकेतसे उनका आदेश लेकर विचक्षण और बुद्धिमान मंत्रीश्वर दीर्घदर्शितासे अपने स्वजन परिवारके साथ मेडतेमें आकर निवास करने लगे।**

આવો જ ફરક મંત્રીશ્વર કરમચંદ્રના મૃત્યુસ્થળ સંબંધમાં છે, છતાં મંત્રીશ્વર બીકાનેર છોડી ગયા પછી જીવનપર્યંત પાછા ફર્યા નથી, એ વાતથી ઉભય ( રાયસિંહ અને મંત્રી કર્મચંદ્ર ) વચ્ચે જબરો મતફેર હોવાની વાત વધુ સંભવિત બને છે.


રાયસિંહની ગાદી પર સુરસિંહ આવ્યો અને એ કર્મચંદ્રના પુત્રોને સન્માનપૂર્વક તેડી લાવ્યો, મંત્રીપદ આપ્યું, અને તેમને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ પછી તેમના સર્વનાશનો પ્રસંગ કેટલાક વર્ષો પછી બન્યો છે એમ કેટલીક સાબિતીઓ અને આસપાસના બનાવો ઉપરથી નાહટા બંધુઓ પુરવાર કરે છે. એ વાત માની લઇએ તોપણ એક દિવસે ત્રણ હજાર સિપાઇઓથી બચ્છાવતોનું રહેઠાણ ઘેરાયું એ તો તેઓ પણ લખે છે. એટલે સૂરસિંહની અવકૃપા ગમે તે કારણે થઇ હતી એ વાતમાં કંઇ જ ફરક નથી પડતો.

છેલ્લા વંશજ સંબંધમાં પણ નાહટા બંધુઓએ લંબાણથી ઉલ્લેખ કરી ટાંક મહાશયે દર્શાવેલ વાત કરતાં જુદી જ વાત કહી છે. તેઓ કહે છે કે કર્મચન્દ્રનો વંશ ગર્ભવતી સ્ત્રીથી થયેલ સંતાનથી નથી રહ્યો, પણ છેલ્લી ઘટના બની તે પૂર્વે લક્ષ્મીચંદ્રના પુત્રો રામચંદ્ર અને રૂગનાથ ઉદયપુરમાં જઇને વસ્યા હતા તેમનાથી ચાલુ રહ્યો છે. આ સર્વ ઐતિહાસિક મતફેરો હોવાથી એમાં કયા વજનદાર છે એનો નિર્ણય એ વિષયના અભ્યાસીઓ માટે રાખી મારે જે કહેવાનું છે તે એટલું જ કે બચ્છાવત વંશે જૈનધર્મનું પાલન કરવા છતાં સમય આવ્યે ન તો શૂરાતન દાખવવામાં પાછી પાની કરી છે કે ન તો કદી કાયરતાને નજદીક આવવા દીધી છે. તેઓએ તો વીરોને છાજે તેવી રીતે મૃત્યુની ભેટ કરી પોતાના જીવતરને ધન્ય કર્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ૨૧. બંધવબેલડી ઊર્ફે કોહીનૂર હીરા.

માળવા-મેવાડના ઇતિહાસમાં જેમ જૈનધર્મી વીરોની પરાક્રમગાથા નોંધાયેલી છે તેમ ગૂજરાતના ઇતિહાસમાં પણ છે. ગુજરાતનો ઇતિહાસ અવલોકીશું તો સહજ જણાશે કે અણહિલપુર પાટણમાં જ્યારથી ગાદીની સ્થાપના કરવામાં આવી ત્યારથી મંત્રીપદે જૈનધર્મી વણિકો વંશઉતાર ચાલ્યા આવ્યા છે. ચાંપો મંત્રી એના મૂળ પુરુષ તરીકે છે. વનરાજનાં વિજયમાં તેમજ જીતેલ પ્રદેશની વ્યવસ્થામાં મંત્રીશ્વર ચાંપાનાં શૌર્ય અને બુદ્ધિમત્તાનાં દર્શન થાય છે. વણિક વંશોદ્ભવ ચાંપા એ આમ તો ઘીનો વેપારી હતો, પણ સાથોસાથ બાણ ફેંકવાની કળામાં પૂરો નિષ્ણાત હતો. પોતાની સામે કેવળ ત્રણ વ્યક્તિ નિહાળી વધારાનાં બાણ એણે ફેંકી દીધાં અને હાથમાં ત્રણ બાણ જ રાખ્યાં, એ ઘટના એના ધનુષ્યવિદ્યા પરના કાબૂને સૂચવે છે, એટલું જ નહીં પણ એ કળાની અમોઘતા પણ દર્શાવે છે. સ્વબળ પર સંપૂર્ણ મુસ્તાક રહેવાની દૃઢ ઇચ્છાના એમાં દર્શન થાય છે. ટૂંકમાં કહેવાનું એટલું જ કે વ્યવસાયે વણિક અને દયા ધર્મનો હિમાયતી હોવા છતાં એ શૂરાતનથી ભરેલો હતો. એક તરફ વનરાજનો વંશ ગાદી પર આવતો ગયો અને બીજી તરફ મંત્રી ચાંપાનો વંશ મંત્રીપદ સંભાળતો રહ્યો. આવનાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાશયોએ રાજ્યનો વહીવટ પણ સાચવ્યો અને જરૂર પડે હાથમાં તલવાર પણ પકડી. રાજ્ય ખટપટની આંટીઘુંટી ઉકેલી કિંવા વહી-ખાતાવહીના પાનાં ફેરવ્યાં અને સમયની હાકલ થતાં શસ્ત્રથી સજ્જ બની ઘોડા પર પણ ચઢ્યા ને રણમેદાનો પણ ગજાવ્યાં.

વિમલ મંત્રીશ્વરે ગુજરાતની કીર્તિ વિસ્તારવામાં કંઇ જ કચાશ રાખી નથી. જાતે વણિક હોવા છતાં ક્ષત્રિયને છાજે તેવાં કાર્યો તેણે કર્યા છે. અહિંસા ધર્મના અનુયાયીને છાજે એવું જીવન જીવી, દેશને નથી તો પરાધીન થવા દીધો તેમ નથી તો ધર્મવૃત્તિને ઊણપ આવવા દીધી. અંતકાળે આત્મકલ્યાણ પણ સાધ્યું છે. કળાના ધામસમા જિનાલયો ઊભા કરાવ્યાં અને એમાં પૈસો પાણી માફક વાપર્યો. એ વાતની સાક્ષી ચંદ્રાવતીના ખંડિયેરો પૂરે છે, અને જીવંત ઉદાહરણરૂપ આજે પણ આબૂની વિમળવશીની ટૂંક ઉભી છે.

આભૂમંત્રી, મહામાત્ય મુંજાલ, શાંતુ મહેતા અને ઉદયન મહેતા, એ દરેક જન્મથી ક્ષત્રિય નહોતા. સંતાન તો વણિક કુળના જ હતા, છતાં શસ્ત્રો નહોતા વાપરી જાણતાં એમ પણ નહોતું. એ દરેક જેટલી સરળતાથી કલમ ચલાવી શકતા તેટલી સુલભતાથી જરૂર પડયે તલવાર પણ ફેરવી જાણતા. જ્યાં માતૃભૂમિ ગુજરાતની આબરૂનો પ્રશ્ન ખડો થતો ત્યાં તેઓ સ્વફરજ અદા કરવામાં જરા પણ ન્યૂનતા દાખવતા નહીં. એમના કાર્યોને બાજુ પર રાખીએ તો ગુજરાતનો ઇતિહાસ લૂણવિહુણા ભોજન સમ નિરસ લાગે! એમની નસોમાં દેશપ્રેમનું રક્ત જવલંત ગતિએ દોડી રહ્યું હતું. તેઓ અહિંસાના ઉપાસક હતા. વિના કારણની હિંસા પ્રત્યે સખત અણગમો ને તિરસ્કાર દાખવતા, આમ છતાં પોતે શ્રાવક ધર્મના અનુયાયી હોઇ પોતાની દયા અને પૂજ્ય એવા સાધુની દયા વચ્ચે કેટલો ફરક છે એનું બરાબર તોલન કરતાં એટલે જ એમનાં જીવનમાં વિસંવાદ જોવા નથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મળતો. વ્યવહારમાં અહિંસાની મર્યાદા કયાં સુધી છે એ જેમ જાણતા તેમ આત્મશ્રેયમાં એ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે એ પણ સારી રીતે સમજતાં. તેઓ યુધ્ધે ચઢ્યા છે અને સમરક્ષેત્રો પર ઘૂમ્યા છે. એ આજે પણ ઇતિહાસનાં પાનાં ઉપર આલેખાયેલ છે. અને અગાઉ આ પુસ્તકમાં ટૂંકાણમાં જણાવેલ છે. એ સંબંધી જૂદાં જૂદાં રાસ, ચરિત્રો અને કથાનકો પ્રગટ-અપ્રગટ મોજૂદ છે. આમ છતાં અહિંસાની શક્તિ અજોડ છે. સાચી શ્રેષ્ઠતા તો એ ઉમદા વસ્તુમાં જ સમાયેલી છે, એ નિતરું સત્ય યથાર્થપણે પિછાનતા હોવાથી જીવનના શેષ કાળે એ વીર આત્માઓ શરણે તો શ્રી વીતરાગના જ ગયા, અહિંસાના મૂર્તિમંત સ્વરૂપ સમા અરિહંત દેવનો જ સધિયારો શોધ્યો, જૈનધર્મનું જ અવલંબન ગ્રહ્યું.

લેખમાળાના આછાપાતળા આલેખનો જોતાં સહજ જણાશે કે વર્તમાનકાળે જે સ્થાનોમાં જૈનધર્મના અનુયાયીઓ મોટા પ્રમાણમાં મોજુદ છે, એવા ગૂજરાત-મારવાડ કે મેવાડમાં પૂર્વે જૈનો વિશેષ સંખ્યામાં હતાં એટલું જ નહિં પણ તેઓ પોતાના પ્રાંતની સ્વતંત્ર સ્થિતિ ટકાવવામાં અન્ય કોમો માફક છૂટથી ભાગ લેતા. કાંટો પકડી જાણતા તેમ કટાર પણ વાપરી શકતા. અહિંસાના ઉપાસક છતાં કાયરતાના તેઓ ઉઘાડા શત્રુઓ હતા. નિષ્પક્ષ દૃષ્ટિથી જોનાર કે વિચારનાર આ ઊડીને આંખે વળગે તેવું સત્ય અત્યાર પૂર્વેના આલેખનોમાંથી જોઇ શકે છે અને તારવી શકે છે. વસ્તુપાલનું અને તેજપાલનું જીવન જોતાં એની રહીસહી શંકા પણ નાશ પામી જાય તેમ છે. તાજેતરમાં શ્રીયુત મેઘાણીએ 'ગુજરાતનો જય: ખંડ ૧ તથા ૨' નામક પુસ્તકમાં જૂના પ્રબંધો પરથી ઇતિહાસના કાંટે તોલન કરી એ સંબંધી વિસ્તારથી ચિત્ર દોર્યું છે. આમ સામગ્રીના આટલા વિપુલ રાશિને નિહાળ્યા પછી પણ જૈન ધર્મની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહિંસાને કોઇ નિંદવા નીકળે તો એમ કહેવું જ પડે કે તે Fools' Paradise યાને મૂર્ખાઓના સ્વર્ગમાં વિચરે છે.

ટાંક મહાશય વસ્તુપાલ સંબંધમાં જે કહે છે તે ટૂંકમાં જોઇ જઈએ.

જૈનધર્મી મંત્રીઓની અને સેનાપતિઓની જે લાંબી હાર ચાલી છે એમાં વસ્તુપાલનું ચરિત્ર વિસ્તૃતપણે મળે છે અને એનું જીવન વધુ રસદાયી છે. એ મહામાત્યનું વ્યક્તિત્વ અજોડ છે. એની કીર્તિ અને મોટાઇની પ્રશંસા એના જીવનમાં ઉકેયન કરતાં દરેકને કરવી પડે. વસ્તુપાલ મંત્રીશ્વર એટલે એક ડાહ્યો મુત્સદ્દી, એક બહાદુર યોદ્ધો, કળાનો ખાસ ચાહક અને સાહિત્ય પૂજક. એની દાનશક્તિને મર્યાદાનું બંધન નહોતું, તેમ એની ઉદારતામાં ભેદભાવ નહોતો. એ પોતે જૈનધર્મનો ઉપાસક હોવા છતાં એણે કોઇ પણ ધર્મ પ્રત્યે બૂરી દૃષ્ટિ દાખવી નથી. મ્લેચ્છો તરીકે એ સમયમાં તિરસ્કૃત થયેલ મુસલમાનોની મસીદો પણ એણે બંધાવી આપી છે. એણે જીવનમાં સ્વધર્મ પ્રત્યે અડગતા અને પરધર્મો પ્રત્યે સમભાવ બરાબર ઉતાર્યા હતા.

પ્રાગ્વટ યાને પોરવાડ તરીકે પ્રસિદ્ધ થયેલ શાખામાં ઉત્પન્ન થયેલ વસ્તુપાલ મંત્રીશ્વર સંબંધમાં ઐતિહાસિક શોધખોળે ઘણો પ્રકાશ પાડ્યો છે. એ આધારે તેઓ બે ભાઇ કરતાં વધારે ભાઇઓ હતા અને તેમને બ્હેનો પણ હતી. ટાંક મહાશયના લખાણ પ્રમાણે એ વૃત્તાન્તનો સાર નીચે મુજબ છે.

શ્રી મેરુવિજયજીના પ્રબંધ મુજબ વસ્તુપાલ અને તેજપાલ એ બન્ને ભાઈઓ સન ૧૨૦૫ ( વિક્રમ સં. ૧૨૬૨ ) માં જન્મ્યા હતા. તેઓની માતાનું નામ કુમારદેવી હતું, જ્યારે પિતાનું નામ આસરાજ હતું. એ આસરાજ વાઘેલા રાજપુતોની સરદારી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરતો હતો. એ સંબંધમાં પૂર્વે ટૂંકમાં ઉલ્લેખ કરાયેલ છે. કુમારદેવીએ ગિરનારની તળેટીમાં કુમારદેવી સરોવર બંધાવ્યું, જ્યારે આસરાજે પહાડ પર દેવાલય બંધાવ્યું.

આસરાજને કુમારદેવીથી ચાર પુત્રો અને સાત પુત્રીઓ થઈ. લુણિગ, મલ્લદેવ, વસ્તુપાલ અને તેજપાલ એ અનુક્રમે પુત્રોનાં નામ છે. એમાંનાં લુણિગ અને મલ્લદેવ નાની વયમાં મરણ પામવાથી મોટે ભાગે વસ્તુપાલ અને તેજપાલની નોંધ વધુ મળે છે. કુમારદેવી પોતાના પુત્રો વસ્તુપાળ તથા તેજપાળના લગ્નસંબંધ જોવા ભાગ્યશાળી થઈ હતી એવી નોંધ પ્રાપ્ત થાય છે, જ્યારે બીજી નોંધના આધારે તેણી પોતાના પતિના મૃત્યુથી અગિયારમા દિન પૂર્વે પંચત્વ પામી હતી. શ્રી મેઘાણીના છેલ્લા પુસ્તક 'ગુજરાતનો જય' ખંડ ૧ તથા ૨ પ્રમાણે લગ્નકાળે અને પછીથી ઉભય બંધુની થઈ રહેલી ચડતી વેળા કુમારદેવી જીવતી હતી એમ જણાય છે.

વસ્તુપાલના લગ્ન લલિતાદેવી સાથે અને તેજપાળના લગ્ન અનુપમાદેવી સાથે થયાં હતાં. અનુપમાદેવી ખાસ સૌંદર્યસુંદરી ન લેખાય છતાં તેણીમાં જે પ્રજ્ઞાપ્રચુરતા અને બુદ્ધિવૈભવ ભરેલાં હતાં તે ઉત્કૃષ્ટ પ્રકારનાં હતાં, અને એને લઈને ખુદ મંત્રી વસ્તુપાલ પણ તેણીની સલાહ લેવાનું પસંદ કરતા હતા.

વાઘેલાવંશની રાજ્યગાદી ચૌલુક્ય વંશના અસ્તકાળે ઉન્નત થવા માંડી. બીજા ભીમદેવના રાજ્યકાળમાં અણહિલપુરનો સૂર્ય આથમવો શરૂ થઇ ચૂક્યો હતો, એની અશક્તિનો લાભ લઇ ખંડીઆ રાજાઓ સ્વતંત્ર થવા લાગ્યા હતા. ચૌલુક્યરાજ મહારાજા તરીકે ઓળખાતાં છતાં એ માત્ર નામના જ મહારાજા હતા. ખરી સત્તા તેમના હાથમાંથી પૂર્ણપણે સરી ગઇ હતી. જ્યારે ભીમદેવે ઉત્તરમાં પોતાની સત્તા પુનઃ મજબૂત કરવાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રયાસ આરંભ્યો ત્યારે વાઘેલા લવણપ્રસાદે ધોળકામાં પોતાની સ્વતંત્ર ગાદી સ્થાપી; અને જે પ્રદેશ સાબરમતી અને નર્મદા વચ્ચે આવેલ હતો એ સર્વ ઉપર તેમજ ધોળકા-ધંધુકાના જીલ્લાઓ ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું. આમ છતાં અણહિલપુરનાં મહારાજ્ય પ્રત્યેની ભક્તિમાં જરા પણ ન્યૂનતા આવવા ન દીધી. લવણપ્રસાદ ઘણો ડાહ્યો અને દીર્ઘદર્શી સરદાર હતો અને સાથોસાથ પાકો મુસદ્દી પણ હતો. રાજવી ભીમ સાથેનો એનો વર્તાવ ઇસ્ટ ઇંડિયા કંપનીના-બ્રીટીશ દિવાનનો મોગલ પાદશાહ શાહ આલમ સાથે હતો તેવા પ્રકારનો કહી શકાય. અંગ્રેજીમાં ટાંક મહાશયે કહ્યું છે કે-He cared more for the substance than for the shadow. ( અર્થાત્ એ ડાળાં-પાંદડાં કરતાં મૂળની જ વધારે ચિંતા કરતો હતો ) એ અક્ષરશઃ સાચું છે.

લવણપ્રસાદે પૂર્ણ શક્તિ વાપરી વાઘેલા રાજ્યની સ્થાપના કરી, છતાં પોતે તો આખર સુધી પાટણની ગાદીને વફાદાર ખંડીઓ રાજા રહ્યો. ધોળકાના રાજ્યની સ્થાપનામાં પોતે અગ્રભાગ ભજવ્યા છતાં એ પર પોતે ન બેસતાં પોતાના પુત્ર વીરધવલને બેસાડ્યો. આ રાજવી વીરધવલના પ્રખ્યાત મંત્રીઓ એ આપણા વાર્તાનાયક વસ્તુપાળ અને તેજપાળ. એ ઉભય બંધુઓએ શરૂઆતમાં અણહિલવાડની સેવા સ્વીકારી હતી અને પોતામાં રહેલ શૌર્ય અને બુદ્ધિમત્તાનું જવાહિર એક કરતાં વધુ પ્રસંગોમાં બતાવ્યું હતું. રાણા લવણપ્રસાદ એમને પારખવામાં પ્રથમ હતો અને તરતજ એણે એ ઉભયને ત્યાંથી ખેંચી લઈ વીરધવલના પાટનગર ધોળકામાં મૂકયા હતા. પણ એક અભિપ્રાય એવો પણ પ્રાપ્ત થાય છે કે—જ્યારે એ બે ભાઇઓએ વીરધવળની સેવા સ્વીકારી ત્યારે એમની વય પૂરી પચીસની પણ ન હતી; એટલે આ ઉપરથી એમ લાગે છે કે પાટણમાં તેઓએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજ્યસેવા ન પણ કરી હોય. ગમે તેમ બન્યું હોય પણ વીરધવળને આ બન્ને ભાઇનો સથિયારો પ્રાપ્ત થયા પછી પોતાનું રાજ્ય વિસ્તારવામાં અને એનો વહીવટ પદ્ધતિસર ચલાવવામાં ઘણી સુગમતા થઈ પડી. મંત્રીશ્વર તરીકેની સંપૂર્ણ જવાબદારી વસ્તુપાળે ઉપાડી લીધી, અને સેનાપતિનો જવાબદારીભર્યો ઓદ્ધો તેજપાળના ફાળે આવ્યો.

In the conduct of the official affairs, they acted independently of all personal considerations and never hesitated even to overrule the chief, whenever they doubted the wisdom of any of his proposed measures.

અર્થાત્—રાજકાજના વહીવટમાં તેઓ અંગત કોઇપણ સંબંધનો લેશ પણ ખ્યાલ કરતાં નહીં એટલું જ નહીં પણ રાજાએ કરેલ સૂચના પણ જો યોગ્ય ન જણાય તો તેનો પણ તેઓ વિરોધ કરતાં અચકાતાં નહીં.

ઉપરના શબ્દો તેઓ મંત્રી તરીકે કેવી રીતે કામ લેતાં તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. રાજ્ય અંગેની દરેક વિચારણા અંગત હિત બાજુએ રાખી નિષ્પક્ષ દૃષ્ટિથી કરનાર મંત્રીશ્વર વસ્તુપાળ રાજવીનું કોઇ પગલું પોતાના અંતરના નાદથી વિરુદ્ધ જતું જોતાં કે રાજ્યને અહિતકારી લેખતાં તો તરત જ એનો વિરોધ કરતાં. એ વેળા રાજવી વીરધવળની ઇતરાજી થશે એવો ભય કદી પણ સેવતાં નહીં. નિમ્ન પ્રસંગ પરથી એ વાત સમજાય તેમ છે.

એક વાર દિલ્હીના સુલતાનના ધર્મગુરુ મક્કાની હજ કરવા જતાં ધોલકાની હદમાંથી પસાર થઇ રહ્યા હતા. રાણાએ એને પકડીને કેદમાં નાખવાનો વિચાર કર્યો; પણ ઉભય બંધુઓએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એમ કરવાની ઘસીને ના પાડી. વીરધવળ ઘડીભર તો વિચારમાં પડ્યો પણ વસ્તુપાળે દઢતાપૂર્વક જણાવ્યું કે—યાત્રાએ નીકળેલા દુશ્મનના માણસનું પણ આતિથ્ય કરવું એ રાજ્યધર્મ છે અને એમાં જ આપણી શોભા છે, અને પરિણામે એથી લાભ જ થશે. ઉભય બંધુઓની એ વાત પર અડગતા જોઇ વીરધવળે પોતાને વિચાર પડતો મૂકયો, અને યોગ્ય લાગે તેવું આતિથ્ય કરવાની મંત્રીશ્વરને છૂટ આપી. વસ્તુપાળે મુલ્લાજીને માન અકરામ આપી એવી તો આગતા-સ્વાગતા કરી કે જ્યારે એ પાછો ફરી દિલ્હી પહોંચ્યો ત્યારે સુલતાનને ધોળકાના રાજવી તથા મંત્રીના પોતા પ્રત્યેના વર્તાવના ભારોભાર વખાણ કર્યા અને એની લાગવગથી ઉભય રાજ્ય વચ્ચે મિત્રતાનો સંબંધ બંધાયો. બીજા પુસ્તકોમાં આ પ્રસંગનો ઉલ્લેખ છે પણ જુદા રૂપે નોંધાયો છે. એમાં બાદશાહના ધર્મગુરુને સ્થાને સુલતાનની માતા હજે નિકળ્યાની વાત છે અને એ બનાવ ખંભાત સમીપ બન્યાનું જણાવેલ છે. આમ છતાં મૂળ મુદ્દામાં જરા પણ ફેર પડતો નથી. એ પ્રસંગમાં બંધુયુગલની દીર્ઘદર્શિતા અને મુત્સદ્દીગીરીનાં સ્પષ્ટ દર્શન થાય છે. એમાં માનવ જીવનની સૌરભ જેમ દૃષ્ટિગોચર થાય છે તેમ રાજ્યધર્મ અને રાજ્યહિત પણ સ્પષ્ટ દેખાય છે.

ટાંક મહાશયના નીચેના શબ્દો વસ્તુપાળ-તેજપાળના કારભાર માટે સંપૂર્ણ પ્રશસ્તિરૂપ હોવાથી મૂળ ભાષામાં ઉતાર્યા છે.

'Under Vastupal' says an eye-witness,' low people ceased to earn money by base-means; the wicked turned pale; the righteous prospered. All honestly and securely piled their calling...He repaired old buildings, planted trees, sank wells, laid out parks and rebuilt the city. All castes and creeds he treated alike. ( Bom. Gaz. 1. 1. 199 )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

The activities of the brothers did not stop here. They shared the perils of battle-fields with their master and won victories for him. Their deeds of valour have been sung by the poets and extolled by the bards. Their suppression of the overpowered Said ( સૈયદ ) of Cambay, their victory over Mahammed Ghori Sultan, Muizzuddin Bahram Shah of Delhi and their smart capture of the Godha chief Ghughula are achievements, gallant and glorious, enough to win them a high place among the great warriors of India.'

ઉપરના લાંબા અવતરણનો ભાવાર્થ એ છે કે-વસ્તુપાલના કારભારમાં હલકા અને ખટપટી મનુષ્યોના ધંધા પડી ભાંગ્યા, પ્રામાણિકતા મોખરે આવી, એણે જીર્ણતાને વરેલા છતાં પ્રાચીનતાનો પુરાવો આપતાં મકાનો સુધરાવ્યાં, વૃક્ષો રોપાવ્યાં, કૂવાઓ ખણાવ્યા, બાગબગીચા વિસ્તાર્યા અને પાટનગરનો દેખાવ ફેરવી નાંખ્યો. જ્ઞાતિ કે ધર્મના ભેદભાવને મચક આપ્યા સિવાય તે બધા સાથે સરખી રીતે વર્ત્યો.

વિશેષમાં માત્ર વસ્તુપાલ જ નહિં પણ સાથે તેજપાલ પણ ખરો જ. ઉભય બંધુઓએ જેમ વહીવટી તંત્ર નમૂનેદાર બનાવ્યું તેમ સમરાંગણ પણ ખેડયું. એમનાં શૂરાતનનાં વર્ણન કવિઓએ ગાયા અને બારોટોએ કવિતોમાં અવતાર્યાં.

ખંભાતમાં કર્તાહર્તા થઇ પડેલ શૈઇદ[ સીદીક ]ને, દિલ્હીના સુલતાનને અને ગોધ સરદાર ઘુઘુળને તાબે કરી પોતાનામાં જેટલી સરળતાથી કલમ ચલાવાની શક્તિ છે તેટલી સરળતાથી ભાલો ફેરવવાની તાકાત પણ છે એ વાત પૂરવાર કરી આપી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ ચિરસ્મરણીય કૃત્યોદ્ધારા એ બંધુબેલડીનાં નામો શૂરવીર યોદ્ધાઓની યાદીમાં ચુનંદા સેનાપતિઓ તરીકે આજે પણ મોખરે ગણાય છે.

બંધુયુગલનાં ધાર્મિક કાર્યો પ્રતિ મીટ માંડીએ તે પૂર્વે ઉપર જે વાત જોઇ ગયા અને જેને ઈતિહાસનો સબળ ટેકો છે એ ઉપરથી હરકોઇને લાગ્યા વિના ન રહે કે ધર્મે જૈન હોવા છતાં અને અહિંસાના પૂજારી હોવાનો દાવો કરવા છતાં વસ્તુપાળ અને તેજપાળ સ્વફરજમાંથી જરાપણ વિચલિત થયા નથી. રાજ્યના ગૌરવ ટાણે કે દેશના રક્ષણ પ્રસંગે તેઓએ નથી તો નમાલી વૃત્તિ દાખવી કે નથી તો દયાના નામે કાયરતાને પંપાળી. સાહિત્યના પાને આવી અમરગાથાઓ ઝળકતી હોવા છતાં કેટલાક લેખકો શા કારણે એ પ્રતિ આંખમીંચામણા કરી જૈનોની અહિંસાને વગોવવા ઉદ્યુક્ત થતા હશે?

ઉપર રાજકીય દૃષ્ટિએ મંત્રીશ્વર વસ્તુપાલ અને સેનાપતિ તેજપાલના કાર્યનું અવલોકન કર્યા પછી ધાર્મિક નજરે એ બંધુબેલડીએ કેવો ભાગ ભજવ્યો છે તે પણ ટૂંકમાં જોઈએ.

ઇ. સ. ૧૨૨૦માં તેઓએ તીર્થાધિરાજ શત્રુંજય અને ગિરનારનો સંઘ કાઢયો અને સંઘપતિ તરીકેનું માનવંતું પદ વસ્તુપાલને પ્રાપ્ત થયું. સંઘ નીકળવા સંબંધી આમંત્રણ જૂદા જૂદા દેશાવરમાં પહોંચતાં જ સ્ત્રીપુરુષો મોટી સંખ્યામાં ધોલકામાં એકઠા થવા લાગ્યા. સંઘપતિ તરીકે આવનાર યાત્રાળુઓને વાહન તથા ખોરાકની દરેક જાતની સગવડ આપવાનો ધર્મ સારી રીતે એમણે જાળવ્યો એટલું જ નહીં પણ વિશાળ સમુદાયમાં કેટલાકની તબિયત બગડતાં કુશળ વૈદ્યોની સારવાર પણ પૂરી પાડી. સંઘમાં મંત્રીશ્વરની સાથે જે સાધુ મહારાજો હતા, એમાં વિવેકવિલાસના કર્ત્તા પ્રસિદ્ધ આચાર્ય શ્રી જિનદત્તસૂરિ પણ હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેરુતુંગસૂરિના લખવા પ્રમાણે સંઘમાં એકવીશ હજાર શ્વેતાંબરો અને ત્રણસો દિગંબરો હતા. તેમના રક્ષણ સારુ એક હજારનું અશ્વારોહી સૈન્ય તથા સાતસો સાંઢણી પરના સૈનિકો અને ચાર મોટા અધિકારના સેનાનાયકો હતા.

શ્રી શત્રુંજય ગિરિની તળેટીમાં સંઘ આવ્યા પછી સંઘપતિના આદેશથી ડેરા તંબુ નાંખવામાં આવ્યા. બીજે દિને પ્રભાતે ગિરિરાજ પર ચઢવાનો આરંભ થયો. ઉપર પહોંચ્યા પછી પ્રથમ પર્વતના રક્ષક એવા કપર્દીયક્ષની પૂજા કરી. ત્યાંથી આગળ વધી મંત્રીશ્વર સહિત યાત્રાળુઓ મૂળનાયક શ્રી આદિદેવના મંદિરમાં પહોંચ્યા. તીર્થપતિ શ્રી ઋષભદેવની વિશાળ ને રમ્ય મૂર્તિ સામે સૌ કરજોડી ઊભા અને સંઘપતિએ પોતે રચેલી સ્તુતિ પ્રભુમૂર્તિ સામે ઊભા રહી મધુર આલાપથી ગાવા માંડી. **नरनारायणानंद**-કાવ્ય જે મંત્રીશ્વર વસ્તુપાલની કૃતિ છે એના પરિશિષ્ટ તરીકે એ સ્તુતિને જોડવામાં આવી છે. સમીપવર્તી બીજાં ચૈત્યોમાં દર્શન-વંદનાદિક કાર્યો થયા બાદ યાત્રાળુઓ સ્નાન કરવામાં રોકાયા અને પૂજાના પવિત્ર વસ્ત્રો પહેરી અરિહંતની અષ્ટપ્રકારી પૂજામાં એકચિત્ત બન્યા.

કેસરમિશ્રિત ચંદન તેમજ કસ્તૂરી-બરાસની સુવાસ ચોતરફ વિસ્તરી રહી, વિવિધ જાતિનાં સુગંધીદાર પુષ્પોની માળાઓ પ્રભુમૂર્તિના કંઠમાં શોભવા લાગી, અને દશાંગ ધૂપની ધૂમ્રશિખા તો એટલા પ્રમાણમાં વિસ્તરી કે સારું યે દેવાલય અંધકારમાં ડૂબી ગયું. ઘંટાનાદના ગર્જારવ સાથે અને જય જય શબ્દોના મોટેથી બોલાતા હર્ષારવ સાથે આરતિના કાર્યનો આરંભ થયો. એ વેળાનું દશ્ય રોમાંચ ખડા કરે તેવું થઇ પડયું. નાનકડા દીવડાઓની હારમાળા જાણે પ્રત્યેક હૃદયના કર્મમળને જલાવીને સાફ કરવા લાગી ન હોય અને એમાંથી શિખારૂપે આત્માની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઊર્ધ્વ ગતિ સૂચવતી આકાશ તરફ આગળ વધી રહી હોય એવો ભાવ સૌ કોઈના અંતરને થઇ રહ્યો હતો.

પહાડ પરનાં નાનાં મોટાં પ્રત્યેક દેવાલયમાં દર્શન કરતાં–વીતરાગમૂર્તિનાં શાંત ને મનોહર ચહેરાનું વારંવાર ધ્યાન ધરતાં; એમાંથી ઝરતાં અદ્ભુત શાંતરસનું પાન કરતાં કરતાં યાત્રાળુઓ પર્વત પરથી ઉતરી પોતાના મુકામે આવ્યા. ત્યારપછી સંઘે ગિરનાર પ્રતિ પ્રયાણ કર્યું. ત્યાં પણ તળાટીમાં ડેરા–તંબુ તાણી ઉતારો કરવામાં આવ્યો અને બીજે દિને સવારે પર્વત પર ચઢી યાત્રાળુઓના વિશાળ સમુદાય સહિત સંઘપતિ વસ્તુપાલે રમણીય એવી શ્રી નેમિનાથની મૂર્તિના દર્શન કર્યાં તેમજ બીજા દેવાલયો પણ જુહાર્યાં. સંઘનો પડાવ ત્રણ દિન પર્યંત રહ્યો અને પછી પ્રભાસપાટણ તરફ પ્રયાણ કર્યું. પ્રભાસપાટણના મનોહર ચૈત્યની યાત્રા પછી સંઘ ધોળકા પાછો ફર્યો. સહીસલામત યાત્રાળુઓ પોતપોતાના ઘર તરફ સિધાવ્યા. દરેકના મુખમાં મંત્રીશ્વરની ભક્તિ અને ઉદારતાના શબ્દો રમી રહ્યા હતા.

ઇ. સ. ૧૨૨૮ માં પટ્ટધર શ્રી જગચ્ચંદ્રસૂરિની અનુપમ તપશ્ચર્યા નિમિત્તે પ્રભુ શ્રી મહાવીરદેવના પાંચમા ગણધર સુધર્માસ્વામીદ્વારા સ્થાપન થયેલ નિર્ગ્રંથ ગચ્છનું તપાગચ્છ એવું નામ પાડયું. મંત્રીશ્વર વસ્તુપાલે એની સુવાસ વિસ્તારવામાં આચાર્યશ્રીને સબળ ટેકો આપ્યો. જૈનધર્મના ચુસ્ત અનુયાયી તરીકે વસ્તુપાળે અને તેમના ભાઇ તેજપાલે મંદિરો, પાઠ-શાળાઓ, ઉપાશ્રયો તેમજ ધર્મશાળાઓ બંધાવવામાં પ્રાપ્ત કરેલ લક્ષ્મીનો વ્યય કર્યો. આ સ્થળોના નિર્માણમાં તેઓએ શિલ્પશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રના નિષ્ણાત કારીગરોને રોકયા. એમાં શોભનદેવ નામા મશહૂર શિલ્પીનો યોગ તેમને સાંપડ્યો કે જેણે આબૂ પરનું જગપ્રસિદ્ધ દેવાલય તૈયાર કરી મંત્રીશ્વરની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કીર્તિને ચિરંજીવ બનાવી. આબૂ પહાડ પરનું બંધુબેલડીના દ્રવ્યથી તૈયાર થયેલું અને તેજપાલની દક્ષ પત્ની અનુપમાદેવીની વારંવાર સૂચનાઓ પામેલું એ દેવાલય આજે પણ કારીગરીના અજોડ નમૂનારૂપે દૃષ્ટિગોચર થાય છે, અને હજારોનું આકર્ષણ કરે છે. વિમલશાહના શ્રી આદિનાથના દેરાસરની બાજુમાં આવેલ આ રમણીય દેવાલય શ્રી નેમિનાથની ટૂંક તરીકે ઓળખાય છે. જો કે શત્રુંજય, ગિરનાર ઉપર આ બંધુબેલડીએ દેરાસરો બંધાવ્યાં છે, છતાં આબુ પરના આ દેવાલયમાં જે અદ્દભુત કોરણી છત તેમજ રંગમંડપના તોરણોમાં અને સ્થંભો પર કરવામાં આવી છે તે હરકોઇની પ્રશંસા માગી લે તેવી છે. બંધુ લૂણિગના સ્મરણાર્થે આ ટૂંક ઊભી કરવામાં આવી છે અને એમાં તેજપાલ તથા તેમની ભાર્યા અનુપમાદેવીએ સવિશેષ રસ લીધો છે.

એ સંબંધમાં નિમ્ન નોંધ ખાસ ધ્યાન ખેંચે છે—

It stands close to that of Vimalshah and was completed in A. D. 1230. It is a fine example of what is known as the Jaina style of architecture and in the words of Ferguson for minute delicacy of carving and beauty of detail stands almost unrivalled even in the land of patient and lavish labour.

વસ્તુપાળ પોતે કવિ પણ હતા. વસંતપાલના તખલ્લુસથી એમણે કાવ્યરચના કરી છે. સોમેશ્વર એમના સંબંધમાં લખે છે કે–સરસ્વતી દેવીનો એ લાડીલો પુત્ર હતો અને આચાર્ય મહારાજ મેરુતુંગસૂરિ વસ્તુપાળને મહાન કવિ તરીકે વર્ણવે છે. તેમની સુપ્રસિદ્ધ કૃતિ નામે **नरनारायणानंद** જેમાં અર્જુન શ્રી કૃષ્ણની મૈત્રી, તેઓનું ગિરનાર પર્વત પર ભ્રમણ અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્જુનદ્વારા સુભદ્રા સાથેના પ્રસંગની રચના સાહિત્યની નજરે ઉત્તમ કક્ષાની લેખાય છે. એ કાવ્યમાં કવિની પ્રજ્ઞા પૂરબહારમાં ખીલી ઊઠી છે. એમાં કુદરત અને કળાને જે રીતે વિકસાવ્યા છે એ ઉપરથી કવિમાં રહેલી ચતુરાઇ અને કલ્પનાશક્તિ પુરવાર થાય છે. જુદાં જુદાં પાત્રોની જે ખાસિયત વર્ણવી છે એ ઉપરથી કવિહૃદયમાં રમણ કરતા ભાવોનો ખ્યાલ આવે છે. આ કાવ્ય એ કાળની કવિ દુનિયામાં આશ્ચર્યકારક મનાયું એટલું જ નહીં પણ એ દ્વારા કવિ તરીકેની વ્યાજબી પ્રશંસાના ઉદ્‌ગાર ખુદ પ્રતિસ્પર્ધીઓના મુખમાંથી પણ બહાર પડ્યા. મહાકવિ તરીકે ખ્યાતિ વિસ્તાર પામી અને સર્વત્ર આનંદની ઊર્મિઓ ઊઠી. રાજકાર્યપટુતા મંત્રીશ્વરમાં હોય એ કલ્પી શકાય તેવી બાબત છે. એ સાથે રાજ્યસંચાલનનો બોજો પણ સંભવે જ. એમાં સાક્ષરતા સાંપડવી એ કોઇ ભાગ્યશાળીને જ સંભવે. તેથીજ કહેવત છે કે—A poet is born and not made એ સાચી વાત છે. સોમેશ્વર, અરિસિંહ અને બીજા કેટલાક મંત્રીશ્વરને મુરબ્બી માનીને પોતાની કૃતિઓ તેમને અર્પણ કરી ગયા છે. 'કીર્તિકૌમુદી' અને 'સુકૃતસંકીર્ત્તન' એ વાતની સાક્ષી પૂરે છે. મંત્રીશ્વર જાતે કવિ હોવાથી કવિતાના ગુણદોષ સમજી શકતા અને અન્ય કવિઓની કદર પણ કરી શકતા. એમની એ શક્તિ-વિશેષથી જ ધોળકાના દરબારમાં કર્ત્તાહર્તા સોમેશ્વર હોવા છતાં હરિહરને સન્માન પ્રાપ્ત થયું હતું. જાતે એ વિષયમાં રસ લેતાં અને બીજાને પ્રેરણા દેતાં. મંત્રીશ્વરની પ્રાર્થનાથી નારચંદ્રસૂરિએ 'કથારત્નસાગર' અને તેઓના શિષ્ય શ્રી નરેન્દ્રપ્રભે 'અલંકાર-મહોદધિ'ની રચના કરી હતી. ઉદયપ્રભ નામના બીજા મુનિમહા-રાજે 'ધર્માભ્યુદય' મહાકાવ્યની રચના કરી હતી, જેની તાડપત્ર પર લખાયેલ પ્રત કે જેમાં ખુદ મંત્રીશ્વરના પોતાના હસ્તાક્ષર છે એ ખંભાતના શ્રી શાન્તિનાથ જૈન તાડપત્રીય ભંડારમાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મંત્રીશ્વરે ત્રણ મોટા જ્ઞાનભંડાર બનાવરાવ્યા અને પાણીની માફક દ્રવ્ય ખરચીને એમાં પ્રાચીન પ્રતોનો સારા પ્રમાણમાં સંગ્રહ કર્યો. સાહિત્યની સેવામાં જરા માત્ર ન્યૂનતા નથી દાખવી.

વીરધવળનું મૃત્યુ સન ૧૨૩૮ માં થયું. એના મરણથી પ્રજાના દરેક જનને આઘાત પહોંચ્યો. એના પ્રત્યેની અસીમ ભક્તિથી ખેંચાઇ ૧૨૦ મનુષ્યો એની ચેહમાં બળી મરવા તૈયાર થયા, પણ તેજપાળે દીર્ઘદૃષ્ટિ વાપરી, સખત ચોકી પહેરો ગોઠવી એ બધાને મરતાં બચાવ્યા. એના પુત્ર વીરમ અને વીસલ વચ્ચે રાજગાદી માટે ઝઘડો ઉદ્ભવ્યો. વસ્તુપાલે લાંબી નજર દોડાવી વીસલને ટેકો આપ્યો. આથી વીરમ જાલોર નાસી ગયો, જ્યાં તેના સસરા ઉદેસિંગદ્વારા પાછળથી ઘાતકી રીતે તેનું ખૂન કરવામાં આવ્યું.

વીશળદેવના રાજ્યકાળે મંત્રીશ્વર વસ્તુપાલે પોતાના અધિકારનો ત્યાગ કર્યો. એક બનાવ એવો બન્યો કે જેના ઉપરથી મંત્રીશ્વરનું દિલ રાજકાજથી સહજ ઉઠી ગયું.

રાજમાર્ગ પર આવેલ એક શ્રમણોની વસતીના મેડા પરથી એક સાધુજી રજોહરણદ્વારા ભૂમિનું પ્રમાર્જન કરી રહ્યા હતા. એ માર્ગેથી રાજવી વીશલદેવના મામા સિંહની ગાડી જઇ રહી હતી. મુનિને રજોહરણથી શુદ્ધિ કરતાં જોતાં જ સિંહનો પીત્તો ખસ્યો, ગાડી ઉભી રખાવી, ઝટપટ એમાંથી ઉતરી, વસતીનો દાદરો ચઢી, કંઇપણ પૂછ્યા વિના મુનિને થપાટ લગાવી! ગુસ્સામાં ભભડી ઉઠ્યો. રાજમાર્ગ પર એક અધિકારી સામે આવી રીતે ધૂળ ખંખેરાય! મંત્રીશ્વર શ્રાવક છે તેથી શું થયું? આ રાજ્યમાં હવે ઘડીભર પણ શ્રમણોની આવી તુમાખી નહીં ચલાવી લેવાય!

તરત જ દાદરો ઉતરી, ગાડીમાં બેસી નગર બહાર ચાલી ગયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાધુમંડળી અચાનક બનેલા આ બનાવથી મંત્રમુગ્ધ બની ગઇ. પ્રમાર્જન કરનાર મુનિના ગાલ પર રતાશ પથરાઇ ગઇ, અને ચક્ષુમાં સહજ ઝળઝળીયાં આવ્યાં. ત્યાં રોજના નિયમ મુજબ મંત્રીશ્વર વસ્તુપાલનું ગુરુ-વંદનાર્થે આગમન થયું. વસતીમાં આવેલ સ્વધર્મી બંધુના મુખથી સિંહદ્વારા ઉપસ્થિત થયેલ વ્યતિકર જાણ્યો. વંદના કરી મંત્રીશ્વર નીચે આવ્યા.

'વાતને વા લઇ જાય' એ ઉક્તિ અનુસાર વસતી આગળ સહજ માનવગણ એકત્ર થઇ ગયો. મંત્રીશ્વર એ અંગે શું પગલા ભરે છે એ જાણવા સૌ આતુર બન્યા.

મંત્રીશ્વર વસ્તુપાલે તેજસ્વી વાણીમાં કહ્યું કે—

અહીં ઉભેલો જે કોઈ માણસ મુનિશ્રીને લપડાક મારનાર વ્યક્તિની આંગળી કાપી લાવશે તેને હું સો સોનામહોરોનું ઇનામ આપીશ. એ ગુન્હેગાર નહીં ગણાય પણ માનને યોગ્ય લેખાશે.

સંસાર ત્યક્ત શ્રમણને કારણ પૂછ્યા વિના, ક્રિયાનો હેતુ જાણ્યા વિના, કેવલ તમાચો ચોડી દેનાર અને સાથેસાથ ગમે તેવી વાણી ઉચ્ચારનાર રાજ્યનો ગુન્હેગાર છે. એવા અન્યાયીની આવી તુંડમિજાજી આ રાજ્યમાં હું જ્યાંસુધી અધિકારીપદે છું ત્યાંસુધી ઘડીભર પણ નહીં ચાલી શકે. એ આચરનાર કોઇ સામાન્ય માનવી હોય કે ખુદ રાજવીનો મામો હોય.

અહીં તો એ કરતાં પણ આવું નીચ કૃત્ય કરનાર મારા સામે જે આહ્વાન ફેંકી ગયો છે એ વધુ હલકટ હોઇ એનો પડકાર મારે ઝીલવો જ રહ્યો. હું અહિંસા ધર્મનો ઉપાસક છું. કીડી જેવા જંતુની દયા પાળનારો છું છતાં શ્રાવક ધર્મની મર્યાદામાં છું એ વાત હરગીજ ન ભુલાય. મારા જેવાના હાથમાં રાજ્યની ધૂરા હોય, અને એ વેળા મારા ગુરુનું આ રીતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અપમાન થાય એ ચલાવી લઉં એટલી કાયરતા મારામાં આવી નથી. મેં કંઇ હાથે ચૂડી પહેરી નથી. હજુ આ કાંડામાં શૂરતાનું શોણિત વહી રહ્યું છું. એટલેજ હું જાહેર રીતે આ પડકાર કરી રહ્યો છું. જાવ જલ્દી જઇ પહોંચો અને ફરજ અદા કરો.

એ યુગ માંયકાંગલાનો નહોતો. ધર્મ માટે, ન્યાય માટે જીવનની આહૂતિ આપનારા, સાચી રીતે કહીએ તો ધર્મનું સાચું રહસ્ય સમજનારા–મૌજુદ હતા. રાજવીના મામા સિંહ પોતાની બહાદુરીના ઘેનમાં બગિચાના વિરામાસનમાં માંડ કાયા લંબાવી રહ્યા હતા, ત્યાં એક ટોળકી આવી પહોંચી અને કટારના એક ઘાથી સિંહની પાંચ આંગળીમાંથી એકને છૂટી કરી, એને ઉપાડી લઇ પાછી ફરી. આ કાર્ય એટલી ઝડપથી બની ગયું કે નજિકમાં ઉભેલા બે પહેરેગીર પણ આભા બની ગયા. પાછી ફરેલી ટોળકીના મુખીના મુખમાંથી મોટેથી ઉચ્ચરાયેલા એટલા જ શબ્દો કાને પડયા.

પાપીને પાપનું ફળ મળ્યું ! નિર્દોષ મુનિને તમાચો મારનાર સમજી રાખ કે આ ધોળકા છે, આ કંઇ પોપાબાઈનું રાજ્ય નથી. રાણીજીનો ભાઇ થઇ આવ્યો છે તો ભલે, પણ અંતરમાં કોતરી રાખજે કે તારી તુમાખી અહીં ન ચાલે. અહીં તો સૂર્યચંદ્ર જેવા તેજવંત વસ્તુપાલ–તેજપાલ જેવા વીરલાઓ જીવતા બેઠેલા છે.

સિંહને બધી વાત સમજાઇ ગઈ. તે ધુંઆકુંઆ થઇ ગયો. એકાએક બબડી ઊઠયો.

અરે ! રાજ્યમાં આ શ્રાવક મંત્રીનું આવું પ્રાબલ્ય. મારા મોઢા પર પ્રજાજન આવા વેણ કહી જાય ? અરે ! ધોળે દિવસે આંગળી કાપી જાય ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરત જ દોડતી ગાડીએ રાજમહેલમાં પહોંચ્યો. મીઠું મરચું ભભરાવી પોતાની બ્હેનને ઉશ્કેરી, વીશળદેવને બોલાવરાવ્યો. વૃત્તાંત સાંભળી વીશળદેવે કહ્યું—

મામા, તમારી વાત સાંભળતાં તો એમજ સમજાય છે કે જાણે વસ્તુપાલે વિના કારણ આ કલહ ઊભો કર્યો છે! મારા અનુભવમાં એ ઉતરતું નથી. એ ભાઈઓની વફાદારી માટે શંકા લેવાપણું છે જ નહીં. તેઓ રાજ્યના થાંભલા છે.

ભાણેજ! તો, હું શું જૂઠું બોલું છું? તારે મારી પ્રતિષ્ઠા રાખવી હોય તો મારા વાતમાં શંકા લાવ્યા વિના, મારા હાથની આંગળી છેદનારને મૃત્યુદંડ આપવો જોઇએ.

આ રાજ્ય તારું છે. એ વાણિઆ ભાઈનો આવો ગર્વ ચલાવી લેવો એમાં આપણી ક્ષાત્રવટને ઝાંખપ છે.

'રાજા કાનના કાચા' એ તો કાળજૂની લોકવાયકા. મામાનાં વચન પર ઇતબાર મૂકી વીશલદેવે એકદમ હુકમ કર્યો કે–મંત્રીશ્વર વસ્તુપાલને પકડી લઇ ફાંસીએ ચઢાવી દો.

મંત્રીશ્વરના આવાસ આગળ લોક સમાતું ન હોતું. જલ્દીથી સિંહ પાછો ફરી એકદમ રાણીવાસમાં ગયો છે એટલે જરૂર કંઇ નવાજૂની થવાની એમ સૌ કોઇ માનતું હતું. મહાજન એકદમ ભેગું થઇ ગયું અને જો કંઇ વિપરીત આજ્ઞા રાજવીની થાય તો એ ઝીલી લેવા નિરધાર કરી લીધો.

ત્યાં તો રાજમહેલમાંથી વીશલદેવની આજ્ઞા લઇ અશ્વારોહી સૈનિક બહાર પડયો, પણ જ્યાં ભરબજારમાં આવ્યો ત્યાં એનો માર્ગ અવરોધાઇ ગયો. એની સામે માત્ર મહાજનના મોવડીઓ જ નહીં પણ પ્રજાજનો મહાસાગર જેમ ઉભરાય તેમ ઉભરાઇ રહ્યા.

એણે રાજવીની આજ્ઞા વાંચી સંભળાવી, મંત્રીશ્વરના આવાસ તરફ જવા દેવાની માંગણી કરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાં તો પ્રજાજનમાંથી એક વૃદ્ધ ગૃહસ્થ આગળ આવી બોલ્યા.

ભાઈ, ગાદીએ આવેલ આ નવા રાજાને ભાન નથી કે ધોળકાની સમૃદ્ધિ આ બંધવ-બેલડીના કૌશલ્ય-પરાક્રમને આભારી છે પણ અમે પ્રજાજનો તો સારી રીતે એ વાત જાણીએ છીએ. એ કાઠીયાવાડીના ભરોસે ચાલનાર રાજવીને મારો આ સંદેશો જઈને કહે કે-

આવા વગરવિચાર્યા હુકમ કાઢતાં અટકે-કોઇ શાણાપુરુષની સલાહ લ્યે. મંત્રીશ્વરનો આવાસ તો દૂર છે. ત્યાં પહોંચતાં પહેલાં તો કંઇકના લોહી રેડાશે. મહામંત્રી વસ્તુપાલને પકડનાર કોઇ જન્મ્યો જ નથી. એમ થતાં અગાઉ તો અમો બધા કંઇ હાથે ચૂડીઓ પહેરી નથી ઊભા. દેવી અનુપમાએ જેમનામાં ચેતના પ્રગટાવી છે એ પેલી શક્તિના અવતાર સમી નારીઓ પણ સામનો કરવા આતુર છે. એ બધાને જીતીને માર્ગ કહાડવો પડશે. જા, જા, ત્હારા એકલાનું કામ નથી. એ રાજાને સૈન્ય લઈ મોકલ.

અશ્વારોહી સૈનિક જાતનો કાઠી હતો. એ તો મહાજન અગ્રેસરના આવા તીખા-તમતમતા શબ્દો સાંભળી આભો બની ગયો! સત્વર ઘોડો પાછો વાળ્યો અને બનેલી વાત કહી સંભળાવી અંતમાં ઉમેર્યું કે-મંત્રીશ્વરને પકડવા એ બચ્ચાના ખેલ નથી મહારાજ. એ તો લોખંડના ચણા ચાવવા જેવું કપરું કાર્ય છે. આખી પ્રજા આપની સામે ઉઠ્ઠી છે અને મારા માલિક (સિંહઠાકોર) સામે તો એટલી હદે રોષે ભરાયેલી છે કે એ જો હાથમાં આવશે તો એમના સો એ વર્ષ પૂરાં થઇ જશે.

વીશલદેવે આ જાતનો સામનો અને તે પણ પ્રજાજન તરફથી સ્વપ્ને પણ કલ્પેલો નહીં. રાણીમાતા અને એનો ભાઇ તો જાણે પાષાણના પૂતળાવત્ સ્થિર બની ગયા!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ જુવાન રાજવી હવે દોરી ઢીલી મૂકે તો આબરૂ જાય એટલે દાઝયા પર ડામ દેવા માફક તરત જ સેનાપતિને સૈન્ય તૈયાર કરવાના હૂકમ સાથે બીજા પહેરેગીરને દોડાવ્યો. ત્યાં તો રાજ્ય પુરોહિત પંડિતમાન્ય સોમેશ્વર આવી ઉપસ્થિત થયા અને હસ્ત જોડી કહેવા લાગ્યા—

મહારાજ! આપ આ શું કરી રહ્યા છો? રાજ્ય સ્થાપનામાં જેમણે ધરમૂળથી અગ્ર ભાગ ભજવ્યો છે, અરે! દાદા લવણપ્રસાદે જેમને કોહીનૂર હીરાની ઉપમા આપી છે અને રાજવી વીરધવલે કોઇપણ વાર જેમની સલાહ પાછી ઠેલી નથી; અરે! તલમાત્ર અણુવિશ્વાસ નથી કર્યો એમની સામે આપના મામાની મૂર્ખાઇનો ન્યાય તોળવાને બદલે ચઢામણીથી આપ વગર તપાસે ફાંસીનો હૂકમ આપો છો? આ તો ભૂલની પરંપરા થાય છે અને ન્યાયદેવીનું અપમાન કરાય છે. આપની જામતી પ્રતિષ્ઠાને કલંક લાગે છે. દુઃખ ન માનતા પણ મ્હારે સ્પષ્ટ કહેવું પડે છે કે–આવું ઉછાંછળું પગલું ભરી, આપશ્રીએ રાજ્યની ઘોર ખોદી છે. પોતાના હાથે જ એની પ્રસરેલી કીર્તિમાં કાળાશ ચોપડી છે.

જૈનધર્મી શ્રમણ એ નાના સરખા જંતુની દયા પાળે, કોઇનું પણ બૂરું ચિંતવે નહીં, કોઇને કડવો શબ્દ સરખો પણ ન કહે. એ શું જાણી જોઇને રાજમામા સામે ધૂળ ઉરાડે ખરા?

કદાચ પ્રમાર્જન કરતાં રજ ઊડી તો એમાં શું બગડી ગયું? એવા સંતના હાથે ઊડેલી રજ તો પવિત્ર ગણાય, ગંગા અને સરસ્વતી જેવી સરિતાના જળ તીર્થરૂપે જો પવિત્ર ગણાય અને પીવાય કિંવા શીરે ચઢાવાય તો આ તો જંગમ તીર્થ જેવા સાધુપુરુષો. એમના ચરણુમાં દંડવત્ પ્રણામ જ શોભે એને સ્થાને તમાચો ચોઢનાર માનવી સમજુ કે મૂરખનો સરદાર કહેવાય? આપ જ વિચાર કરોને!

૧૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાધુ મહારાજથી ભૂલ થઈ જ નથી, પણ ધારી લઈએ કે એકાદ ક્ષુલ્લક સાધુએ ભૂલ કરી દીધી, તો એ અંગે પૂછપરછ કર્યા વિના એકદમ શિક્ષા કરવી એ વ્યાજબી ગણાય ખરૂં ?

તમાચો મારવારૂપ ઉતાવળીયું પગલું ભરી મામાએ એક વફાદાર સેવકને-રાજ્યના સાચા હિતચિંતકને વિના કારણ રોષે ભરાવ્યો છે. સામાન્ય કક્ષાનો માનવી પણ પોતાના દેવ-ગુરુ-ધર્મનું અપમાન ન સહી શકે તો આ તો મહામંત્રી વસ્તુપાલ, તેજસ્વી સેનાનાયક તેજપાલ એ મુંગા રહી સહન કરે એવા ડરપોક વણિકો છે કે ? સમરાંગણમાં આ જોડીએ કેવા કાર્યો કર્યાં છે એ 'કાઠીમામા' કદાચ ન જાણતા હોય પણ આ રાણીમાતા અને આપના કે મ્હારાથી શું સાવ અજાણ્યા છે ?

શું આપ ધારો છો તેમ સેનાપતિ, દંડનાયક એવા તેજપાલના હૂકમ વિના આપની આજ્ઞાથી સૈન્ય તૈયાર કરશે ? ખૂદ દંડ-નાયકનો સામનો કરશે ?

હું ખાતરીપૂર્વક કહું છું, મહારાજ ! એ કદી બનનાર નથી. સેનાપતિ સૈનિકો સહિત હાથયાર હેઠા મૂકશે પણ તેજપાલ સામે હરગીજ જશે નહીં. એનો સૈન્ય પરનો પ્રેમ અને પ્રભાવ જગ-જાહેર છે. માંદા, આજારી અને ઘાયલ થયેલા સૈનિકોની સંભાળ લેનાર દંડનાયક અને પાટા પીંડી કરવામાં કે આશ્વાસન આપવામાં, અરે ! તેમના ઘર સંસારમાં પોતાની અનુભવી સેવાથી સુખ પાથરનાર તેજપાલભાર્યા દેવી અનુપમાને તો દરેક સૈનિક પોતાના પિતા અને માતા સમ માને છે. એમના સારુ પ્રાણ પાથરવા તૈયાર છે. તેઓ જાતે સામે શસ્ત્ર તો નહીં ઉગામે પણ પોતાના જીવતાં સુધી વાંકો વાળ પણ નહીં થવા દે.

મહારાજ ! હું મારી સગી આંખે આ બંધુઓ માટે પ્રજાને કેવું બહુમાન છે તે જોઇને આવું છું. તેજપાળ એક હુંકારો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરે તો એ સૈનિકો અહીં દોડતા આવે તેમ છે અને આ મામા સિંહ જોતજોતામાં શિયાળ બની જાય તેમ છે."

ત્યાં તો અનુચર આવ્યો અને નમસ્કાર કરી બોલ્યો. "મહારાજ ! આપની આજ્ઞા મેં સેનાપતિને કહી સંભળાવી. જવાબમાં તેમણે જણાવ્યું કે–દંડનાયક સામે સૈન્ય તૈયાર કરવાનું અને એ રીતે આ રાજ્યને પાયમાલ કરવાનું કાર્ય તેમનાથી નહીં બને. આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની ઇચ્છા નથી છતાં એનું પાલન કરવામાં માતૃભૂમિનો દ્રોહ હોવાથી તે કાર્ય નહીં કરતાં આ તલવાર પાછી મોકલી છે."

વીશળદેવના હાથ હેઠા પડ્યા. એણે તરત જ દ્વિજપંડિત સોમદેવ મારફત પોતાનો પ્રથમ હુકમ રદ કર્યાની જાહેરાત રાજમાર્ગે એકત્ર થયેલ પ્રજાજનમાં કરાવી; એટલું જ નહીં પણ હવેથી રાજ્યની કોઇ પણ વ્યક્તિ સાધુ–સંત કે સંન્યાસીનું આ રીતે અપમાન ન કરી શકે એવો ઢંઢેરો બહાર પાડ્યો.

સોમેશ્વર કવિની દીર્ઘદૃષ્ટિથી વાઘેલા વંશ પર આવેલ આ આકસ્મિક સંકટ દૂર તો થઇ ગયું પણ ત્યાર પછીથી મંત્રીશ્વર વસ્તુપાલનું દિલ રાજકાજથી ઊઠી ગયું. સંપૂર્ણ પ્રમાણિકતાથી કરેલ રાજ્યસેવાનો ફાંસીનો હૂકમ એ જો નતીજો હોય તો શા સારુ જીવનના પ્રાંત ભાગે એ ભાર વેંઢારતા રહેવું ? એ પ્રશ્ન મંત્રીને વારંવાર મુંઝવી રહ્યો. એમાં તબિઅત પણ લથડી. પોતાના શિરેથી લગભગ બધી જવાબદારી અન્યના હાથમાં ધીમેધીમે સોંપી દઇ, હવાફેર જવાનું અને તબિઅત સુધરે યાત્રા નીકળવાનું નક્કી કર્યું. આમાં થોડાક વર્ષો વીત્યા. પૂર્વ કરતાં તંદુરસ્તી સુધરતી જણાઇ અને યાત્રાનો વિચાર બર લાવવા શ્રી શત્રુંજય જવા મંત્રીશ્વર ધોલકેથી નીકળ્યા. પણ માર્ગમાં જ રોગે ઉથલો માર્યો અને અંકેવાલીયા ગામમાં તેએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા. એ વેળા તેમની સરભરામાં તેમનો પુત્ર જૈત્રપાલ, ભાઇ તેજપાલ તથા કુટુંબીજન હાજર હતા. મુનિશ્રીની હાજરીમાં આરાધના કરી, પાપ ખમાવી અર્હતનો નામોચ્ચાર કરતાં તેઓ સ્વર્ગે ગયા. સન ૧૨૪૧માં આ બન્યું. ધોળકામાં સમાચાર પ્રાપ્ત થતાં રાજવીએ શોક જાહેર કર્યો. તે પૂર્વે પ્રજાના નાના મોટા દરેકે સ્વયમેવ શોકના ચિહ્નો ધારણ કરી, બજારોમાં પાખી પાળી. તેમની સ્મૃતિમાં શ્રી ઋષભદેવનું દેવાલય તૈયાર કરાવવામાં આવ્યું.

આ પછી તેજપાલ લગભગ દશ વર્ષ જીવ્યા અને રાજ્યની સેવા પૂર્ણ વફાદારીથી બજાવતા રહ્યા, છતાં મોટાભાઇના મરણથી જમણી બાંહ્ય તૂટી ગઇ તેનું દુ:ખ તો ન જ ભૂલાયું. ઘણુંખરૂં તેઓ પોતાને મળેલ ગામ ચંદ્રાણામાં જ રહેતા. રાજ્ય પરના ખાસ સંકટ કે જરૂરી કારણે તેઓ ધોલકામાં હાજરી આપતા. પોતાનું પાછળનું જીવન દેવી અનુપમાની સલાહથી લગભગ આત્મસાધનમાં જ ગાળ્યું અને સાદા શ્રાવક તરીકે સમાધિપૂર્વક મરણને વધાવી લીધું.

## આબૂ–દેલવાડાના દેવાલયો

શિલ્પકળા અને અદ્દભુત કોરણીઓમાં મંત્રીશ્વર વિમલશાનું શ્રી આદિજિનનું અને વસ્તુપાળ–તેજપાળે પવિત્રશીલા બુદ્ધિમતી પ્રમદા અનુપમાની સલાહથી બંધાવેલું શ્રી નેમિજિનનું દહેરૂં અદ્વિતીય અને અજોડ છે. દેશદેશાંતરથી હજારો યાત્રિકો એના આકર્ષણે ખેંચાઇ આવે છે. કોરણીમાં કેવળ કમળો કે પશુ–પંખીના ચિત્રો નથી પણ એમાં જૈન સાહિત્યનો ઇતિહાસ આળેખાયો છે.

—મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો રજત મહોત્સવ અંક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com